SATURDAY
૧૩-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૦૨
અંક : ૧૧૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### પેટ્રોલ-ડિઝલે તોડ્યા તમામ રેકોર્ડ : કંપનીઓ પર અંકુશ નહીં મુકાય તો પેટ્રોલનો ભાવ શતક ફટકારશે

# પેટ્રોલ દઝાડશે : દેશ સરકાર ચલાવે છે કે કંપનીઓ?

## મતદારોને રિઝવવા આસામ સરકારે પેટ્રોલ પર ડ્યૂટી ઘટાડી ભાવમાં પાંચ રૂપિયા જેવો ઘટાડો કર્યો : આસામ વિધાનસભામાં નાણામંત્રી હેમંત વિશ્વા શર્માની જાહેરાત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

દેશમાં પેટ્રોલના ભાવ પર સરકારનો કોઈ નિયંત્રણ ન હોવાનું અને પેટ્રોલ-ડીઝલના ભાવ પર માત્ર કંપનીનું નિયંત્રણ હોવાના ભારતના પેટ્રોલીયમ પ્રધાનના નિવેદન બાદ આજે કંપનીએ ફરી ભાવ વધારી દેશમાં મોંઘવારીને મોકળુ મેદાન પૂરૂં પાડ્યું છે. યુપીએની સરકાર વખતે પેટ્રોલના ભાવ વધારા સામે રોડ રસ્તા પર ઉતરી જતા ભાજપના નેતાઓ સત્તા પર બેસતા જ હવે કંપનીઓની તરફદારી કરવા લાગતા આ દેશ પર સરકારનું શાસન છે કે કંપનીઓનું??? આ પ્રશ્નને લઈને આમ આદમીમાં અનેક તર્ક-વિતર્કો ઉઠવા પામ્યા છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવે આજે સામાન્ય જનતાની મુશ્કેલીઓ વધારી દીધી છે. સરકારી ઓઈલ કંપનીઓએ આજે સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કર્યો છે. આ વધારાની બાદ ઈંધણના ભાવ દેશમાં અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા છે. દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૮૮.૧૪ રૂપિયા અને ડીઝલનો ભાવ ૭૮.૩૮ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો. બીજી તરફ મુંબઈમાં ૯૪.૬૪ રૂપિયા લીટર તો ડીઝલ ૮૫.૩૨ રૂપિયા લીટર પર આવી ગયો છે. મધ્ય પ્રદેશના ભોપાલ શહેરમાં પેટ્રોલનો ભાવ ૯૬ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયો. બીજી તરફ સરકારે પણ પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ ઘટાડવાનો ઈક્કાર કરી દીધો છે. એવામાં આવનારા દિવસોમાં તેની કિંમતોમાં ઘટાડો થવાની શક્યતા નથી.

પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રી ધમેન્દ્ર પ્રધાનએ રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલ પર લાગતા ટેક્સમાં કોઈ ઘટોડો નહીં કરે. પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે, સરકારની પાસે પેટ્રોલ અને ડીઝલ પર લાગનારા ટેક્સને ઘટાડવાનો હજુ કોઈ પ્રસ્તાવ નથી. તેઓએ કહ્યું કે પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ વધારવો કે ઓછો કરવો સરકારની જરૂરિયાતો અને માર્કેટની સ્થિતિ જોવા અનેક પાસાઓ પર નિર્ભર કરે છે.



એક બાજુ જ્યાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે ત્યારે ચૂંટણીને ધ્યાનમાં રાખતા આસામ સરકારે મોટો નિર્ણય કર્યો છે. આસામની સર્બનંદ સોનેવાલે સરકારે આજે કહ્યું કે, રાજ્યમાં પેટ્રોલ ડીઝલની કિંમતમાં પાંચ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. તેની સાથે જ દારૂ પર ૨૫% ડ્યૂટી ઘટાડવામાં આવી છે. નવા દર અને ટેક્સ આજે રાત્રે ૧૨ કલાકથી લાગુ થશે.

આસામના નાણા મંત્રી હેમંતા વિશ્વાસર્માએ આજે વિધાનસભામાં નવા દરની જાહેરાત કરી છે. આસામમાં માર્ચ-એપ્રિલમાં ચૂંટણી થવાની છે. સર્બાનંદ સોનેવાલના નેતૃત્વવાળી ભાજપ સરકાર સત્તાની ખુરશી પોતાની પાસે રાખવા માગે છે.

જણાવીએ કે, વિતેલા વર્ષે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલમાં રેકોર્ડ ઘટાડો થવાં છતા આસામ સરાકેર કોરોના મહામારી પર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કર્યો હતો. વિતેલા વર્ષે એપ્રિલ મહિનામાં આસામમાં પેટ્રોલ ૫.૮૫ રૂપિયા અને ડીઝલ પર ૫.૪૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વધારાનો વિપક્ષે ખૂબ વિરોધ કર્યો હતો.

એ દરમિયાન પેટ્રોલ ડીઝલની કિંમતાં વધારો કરતાં નાણામંત્રીએ કહ્યું હતું કે, એક વખત જ્યારે કોરોના ખત્મ થઈ જશે ત્યારે કિંમતની ફરીથી સમીક્ષા કરવામાં આવશે. રાજ્ય સરકારે તે સમયે કિંમતમાં વધારવા પાછળ રાજસ્વમાં નુકસાનનું કારણ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આસામ, પશ્ચિમ બંગાળ, કેરલ અને તામિલનાડુ એમ ચાર રાજ્યમાં ચૂંટણીઓ યોજાવાની છે. હાલમાં આસામમાં ભાજપની સરકાર છે. ચૂંટણી પંચ ૧૫ ફેબ્રુઆરી બાદ ક્યારે પણ આ ચાર રાજ્યોની ચૂંટણીની તારીખો જાહેર કરી શકે છે. જોકે એ પહેલા મતદારોને લોભાવવા માટેની હોડ શરુ થઈ ચુકી છે.

## વડાપ્રધાન મોદી ડરપોક છે, સેનાના બલિદાન પર થૂંકે છે : રાહુલ ગાંધી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ભારત-ચીન સરહદ પર ડિસએંગેજમેન્ટને લઈને મોદી સરકાર પર નિશાન તાક્યું છે. રાહુલ ગાંધી પૈંગોંગ વેલી વિસ્તારમાં અમારા સૈનિકો ફિંગર ૩ બવડાપ્રધાન મોદીને પૂછ્યું છે કે આપણો વિસ્તાર તેમણે ચીનીઓને શા માટે સોંપ્યો છે. કોંગ્રેસ નેતાએ કહ્યું, "ગઈકાલે સંરક્ષણ મંત્રી પૂર્વ લદાખની સ્થિતિ નિવેદન આપ્યું. હવે આપણને ખ્યાલ આવે છે કે આપણા સૈનિકો ફિંગર ૩ પર તૈનાત રહેશે. ફિંગર ૪



અમારો વિસ્તાર છે. હવે ફિંગર ૪થી ફિંગર ૩ પર આવી ગયા છીએ. મિસ્ટર મોદીએ આપણો વિસ્તાર ચીનીઓને આપી દીધો? રાહુલે કહ્યું કે, "ભારતની સરકારની નેગોશિએટિંગ પોઝિશન હતી કે એપ્રિલ ૨૦૨૦માં જે સ્થિતિ હતી, તે જ યથાવત રહે. તેને સરકાર ભૂલી ગઈ. ચીનની સામે નરેન્દ્ર મોદીએ પોતાનું માથું ઝુકાવી દીધું. માથું ટેકવી દીધું. આપણી જમીન ફિંગર ૪ સુધી છે. નરેન્દ્ર મોદીએ ફિંગર ૩થી ફિંગર ૪ની જમીન ચીનને આપી દીધી." વડાપ્રધાન ડરપોક છે કે જેઓ ચીનની સામે ઉભી નથી રહી શકતા. આ જ તથ્ય છે. તેઓ સેનાના બલિદાન પર થૂંકી રહ્યા છે, તેઓ આ જ કરી રહ્યા છે. તેઓ સેનાના ત્યાગનું અપમાન કરી રહ્યા છે. ભારતમાં કોઈનું આવું કરવાની પરવાનગી નથી.

## અંતરીક્ષમાં ભારતની વધુ એક સિદ્ધિ ઈસરો દ્વારા પ્રાઈવેટ ઉપગ્રહનું ટેસ્ટિંગ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતીય સ્ટાર્ટઅપ્સ દ્વારા બે ઉપગ્રહો **SpaceKidz India** અને **Pixxel** નું ઈસરોના યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઈસરો માટે આ પ્રથમ વખત હતું જ્યારે તેણે કોઈ પ્રાઈવેટ સેટેલાઈટનું ટેસ્ટીંગ કર્યું છે. પહેલા ઈસરો પ્રિવેટ કંપનીઓને માત્ર રોકેટ અને ઉપગ્રહોના વિભિન્ન સ્પેર પાર્ટસના નિર્માણમાં જ મદદ કરતું હતું.

ગયા વર્ષે જીન મહિનામાં ઈસરોના દરવાજા પ્રાઈવેટ કંપનીઓ માટે ખોલવામાં આવ્યા હતા. સરકારના આ નિર્ણય બાદ આ સંભવ બન્યું છે. એક સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રીય અંતરીક્ષ સંવર્ધન અને પ્રાધિકરણ કેન્દ્રની સ્થાપના માત્ર પ્રાઈવેટ ક્ષેત્રની અંતરીક્ષ ગતિવિધિની દેખરેખ કરવા માટે જ નહીં પરંતુ ઈસરોની સુવિધાઓ માટે પણ કરવામાં આવી છે. આ ઘોષણાના બરાબર આઠ મહિના બાદ ઈસરો આ ઉપગ્રહોને આ મહિનાના અંતમાં નક્કી થેયલા **PSLV** મિશન અંતર્ગત લોન્ચ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ એવું પહેલું મિશન હશે કે જ્યાં ભારતીય ઉદ્યોગ દ્વારા ઉપગ્રહોને વ્યાવસાયિક રુપે ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવશે.

## તામિલનાડુમાં ફટાકડા ફેક્ટરીમાં ભયાનક આગ લાગતા ૧૧ના મોત : ૩૬ ઘવાયા

ચેન્નાઈ,તા.૧૨

આગમાં ફટકડા ફેક્ટરી સંપૂર્ણપણે સળગીને ખાક થઈ ગઈ. દુર્ઘટના શુક્રવારે બપોરે ઘટી, જ્યારે ત્યાં ફટાકડા માટે અનેક કેમિકલને મિક્સ કરીને મસાલો તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આગમાં ફટકડા ફેક્ટરી સંપૂર્ણપણે સળગીને ખાક થઈ ગઈ. દુર્ઘટના શુક્રવારે બપોરે ઘટી, જ્યારે ત્યાં ફટાકડા માટે અનેક કેમિકલને મિક્સ કરીને મસાલો તૈયાર કરવામાં આવી રહ્યો હતો.



તમિલનાડુના વિરુદ્ધનગરની એક ફટાકડાની ફેક્ટરીમાં શુક્રવારે બપોરે આગ લાગી હતી. દુર્ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ૩૬ લોકોને ઈજા થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ કેમિકલ મિક્સ કરવા દરમિયાન આગ લાગી. ફાયર બ્રિગેડની ૧૦ ગાડીઓએ આગ પર કાબૂ મેળવ્યો છે. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં કેટલાંક લોકોને સીરીયસ બર્ન ઈન્જરી થઈ છે.




## સરકારી યોજનાઓ ગરીબો માટે જ છે, જમાઈ માટે નથી : નિર્મલા સિતારમણ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે રાજ્યસભામાં બજેટ પર ચર્ચાનો જવાબ આપ્યો. આ દરમિયાન બજેટની વિશેષતા ગણાવવાની સાથે જ નાણાં મંત્રીએ વિપક્ષ પર પણ નિશાન સાધ્યું. તેમણે જમાઈ શબ્દનો ઉપયોગ કરીને કોંગ્રેસ પર કટાક્ષ કર્યો. તેની પર વિપક્ષે વાધો વ્યક્ત કર્યો તો નાણાં મંત્રીએ સ્પષ્ટતા કરવી પડી.

કોની કેપિટલિસ્ટ માટે કામ કરવાના આરોપ પર નાણાં મંત્રીએ કહ્યું કે ઓગસ્ટ ૨૦૧૬થી જાન્યુઆરી ૨૦૨૦ની વચ્ચે **UPI** દ્વારા થતા ડિજિટલ ટ્રાન્ઝેક્શનની સંખ્યા ૩.૬ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. નાણાં



મંત્રીએ સવાલ કરતા કહ્યું કે **UPI**નો ઉપયોગ કોણે કર્યો ? શું અમીરોએ કર્યો ? ના. મિડલ કલાસ અને નાના કારોબારીઓએ કર્યો. ત્યારે આ લોકો કોણ છે ? શું સરકાર અમીરોને ફાયદો પહોંચાડવા માટે યુપીઆઈ ક્રિએટ કરી રહી છે ? શું કેટલાક જમાઈ માટે ? ના.

નાણાં મંત્રીએ આગળ કહ્યું કે મુદ્રા યોજના અંતર્ગત ૨૭ હજાર કરોડથી વધુ લોન આપવામાં આવી છે. આ યોજનાનો ફાયદો કોણે લીધો ? શું જમાઈએ ? નાણાં મંત્રીની આ કમેન્ટ પર વિપક્ષે વાધો વ્યક્ત કર્યો તો તેમણે સ્પષ્ટતા કરી. નાણાં મંત્રીએ કહ્યું કે મને લાગતુ નથી કે જમાઈ કોંગ્રેસનો ટ્રેડમાર્ક છે. જમાઈ દરેક ઘરમાં હોય છે, જોકે કોંગ્રેસમાં આ એક સ્પેશિયલ નામ છે.

સીતારમણે કહ્યું કે ગરીબો માટે અમે જે કરી રહ્યાં છે અને જરૂરિયાતમંદો માટે જે પગલા ભરવામાં આવી રહ્યાં છે, તેના વિરોધમાં વિપક્ષના કેટલાક લોકોને આરોપ લગાવવાની આદત થઈ ગઈ છે. એવા પ્રકારની જુઠ્ઠી વાતો ફેલાવવામાં આવી રહી છે કે સરકાર માત્ર નજીકના દોસ્તો માટે કામ કરી રહી છે.

## ખેડૂત આંદોલન અનિશ્ચિતકાળ સુધી ચાલવાની ટીકૈતની ચીમકી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા સામે દિલ્હી બોર્ડર પર ખેડૂતોનુ આંદોલન હજી ચાલુ જ છે ત્યારે આંદોલનની આગેવાની કરી રહેલા ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે ચેતવણી આપી છે કે, ખેડૂતોનુ આંદોલન અનિશ્ચિતકાળ સુધી ચાલુ રહી શકે છે. ટિકૈતે કહ્યુ હતુ કે, આવુ એટલા માટે કહેવુ પડી રહ્યુ છે કારણકે આંદોલનની કોઈ સમયસીમા નક્કી કરવામાં આવી નથી. કદાચ ઓક્ટોબર સુધી પણ આંદોલન ચાલી શકે છે. જોકે અન્ય એક ખેડૂત નેતા ગુરનામસિંહે કહ્યુ હતુ કે, ઓક્ટોબર મહિના સુધી આંદોલન ચાલુ રાખવાની ખેડૂતોની યોજના છે.

## પ્રશ્ચિમ બંગાળના ટીમએસી સાંસદ દિનેશ ત્રિવેદીનું રાજીનામુ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી પહેલા જ મુખ્યમંત્રી અને ટીએમસીના નેતા મમતા બેનરજીને એક પછી એક કમ્મરતોડ ઝાટકા લાગી રહ્યાં છે. હજી થોડા દિવસ પહેલા જ ટીએમસી સાંસદ સુભેંદુ અધિકારી અને તેમના ભાઈએ હાથમાં કમળ ઝાલ્યાની મમતાને કળ નથી વળી ત્યાં વધુ એક દિગ્ગજ સાંસદે જોરદાર ઝાટકો આપ્યો છે.

રાજ્યસભાના ટીએમસી સાંસદ પદેથી રાજીનામું આપનાર મૂળ ગુજરાતી દીનુ ત્રીવેદી આગામી દિવસોમાં વડાપ્રધાનની હાજરીમાં ભાજપમાં જોડાય અને તેમને ગુજરાતમાં ખાલી પડેલ રાજ્યસભાની બે પૈકી એક બેઠક પરથી લડાવવાની રાજકિય ગતીવીધી ચાલી રહી હોવાનું દિલ્હીના ઉચ્ચ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે. અગાઉ દિનેશ ત્રિવેદી મંત્રી મંડળમાં હતા ત્યારે મમતા બેનર્જીએ તેમનું રાજીનામું લેવડાવી લીધું હતું. ત્યાર બાદ તેઓ સાઈડલાઈન હોવાથી ટીએમસીથી તેઓ અંદરખાને નારાજ ચાલી રહ્યા હતા.

તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને પૂર્વ રેલવે મંત્રી દિનેશ ત્રિવેદીએ આજે રાજ્યસભામાં બજેટપર ચર્ચા દરમિયાન પોતાના રાજીનામાની જાહેરાત કરી છે. દિનેશ ત્રિવેદીએ રાજીનામું આપતા મમતા અને ટીએમસી પર પરોક્ષ રીતે ગંભીર આરોપ લગાવ્યા હતાં. દિનેશ ત્રિવેદી ટુંક સમયમાં જ ભાજપમાં શામેલ થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## રાજ્યસભાના નવા વિપક્ષના નેતા તરીકે મલ્લીકાર્જુન ખડગે નિયુક્તિ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદનો કાર્યકાળ પુરો થયો છે. ત્યારબાદ હવે કોંગ્રેસે પાર્ટીના વરિષ્ઠ નેતા અને લોકસભામાં પણ કોંગ્રેસના નેતા રહી ચુકેલા મલ્લિકાર્જુન ખડગેને રાજ્યસભામાં વિપક્ષના નેતા બનાવાયા છે. સંગઠનની મહાસચિવ વેણુગોપાલે આ વાતની જાણકારી આપતા જણાવ્યું કે કંગ્રેસે રાજ્યસભાના સભાપતિ વૈંકયા નાયડૂને આ વિશે જાણકારી આપી છે કે ગુલામ નબીના નિવૃત થયા બાદ હવે મલ્લિકાર્જુન ખડગે પાર્ટી તરફથી વિપક્ષના નેતા હશે.

ઉલ્લેખનીય છે કે રાજયસભામાં વિપક્ષના ઉપ નેતા આનંદ શર્મા પણ એવું ઈચ્છતા હતા કે તેમને રાજ્યસભામાં વિપક્ષના નેતા બનાવવામાં આવે. પરંતુ હાલમાં જ સંગઠનને લઈને અનેક સવાલો ઉભા રતી સોનિયા ગાંધીની ચિઠ્ઠી બાદ પાર્ટીનું નેતૃત્વ તેમને આવી જવાબદારી આપવા બદલ ઉત્સાહિત નથી. તો આ તરફ મલ્લિકાર્જુન ખડગેને સોનિયા ગાંધીના નજીકના ગણવામાં આવે છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણમાં હાર છતા પાર્ટીએ તેમને રાજ્યસભામાં તક આપી છે.

રાજ્યસભામાં ૧૫ ફેબ્રુઆરી બાદ જમ્મુ કાશ્મીરના કોઈ પણ પ્રતિનિધિ નહીં હોય. વર્તમાન સમયે જમ્મુ કાશ્મીરની જ્યસભામાં ચાર સીટો હતી. પરંતુ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદથી ત્યાં ચૂંટણી થઈ નથી.

ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત યુવાનોની પેનલ સામે ભાજપે કોલેજનો ગેટના જોયો હોય એવા ઉમેદવારોને ટિકિટ આપતા આ વોર્ડમાં હવે આપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

# વોર્ડ નં ૧૧ માં આપને મીઠો આવકાર : ભાજપ - કોંગ્રેસની સીટી ગુલ









### ભાજપમાં આંતરિક અસંતોષનો ઉકળતો ચરું

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

રાજકોટ માં આ વખતનો મનપા ચૂંટણી જંગ દરેક રીતે અનોખો છે. દર વખતે મનપામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હોય છે જેમા મોટાભાગે ભાજપ મેદાન મારી જાય છે પરંતુ આ વખતે આપ ની એન્ટ્રી થતા ભાજપનાં સત્તા નાં તમામ સમીકરણો વિખાઈ ગયા છે. અમારા વોર્ડ નં ૧૧ નાં રિપોર્ટર દ્વારા મેળવવામાં આવેલ ગ્રાઉન્ડ રિપોર્ટ માં એ વાત સ્પષ્ટ ઉભરીને સામે આવી છે કે વોર્ડ નાં તમામ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી ને મીઠો આવકાર મળી રહયો છે. ભાજપનાં શાસનમાં વિવિધ વેરાઓ અને દંડ ભરીને થાકેલી જનતા હવે બદલાવના મૂડમાં હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. સતત સત્તા પર બિરાજમાન ભાજપમાં આ વખતે પક્ષ વધું પડતા આત્મ વિશ્વાસ માં ટિકિટો ની ફાળવણીમાં ગંભીર ભૂલ કરી બેઠો છે જેને કારણે ભાજપના જૂના જોગીઓ માં કચવાટ જોવા મળી રહ્યો છે અને ગ્રાઉન્ડ પર તેની અસર જોવા મળી રહી છે. આમ આદમી પાર્ટી દ્વારા આ વખતનાં ચૂંટણી જંગમાં નવોદિત, ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત યુવાન એવા ચેતનભાઈ કમાણી (સી.એ.) નાં વડપણ હેઠળ ભણેલા ગણેલા અને વહીવટી જ્ઞાન ધરાવતા ઉમેદવારો ની પેનલ ઉતારવામાં આવી છે જેની સામે ભાજપ નાં એકપણ ઉમેદવાર ધોરણ ૧૨ થી આગળ ભણવા ગયેલ નથી. વોર્ડ નં ૧૧ માં લોકો આપ ને જે રીતે આવકાર આપી રહ્યા છે તે જોતાં અહી સીધો આપ અને કોંગ્રેસ નો જંગ જામશે તેવુ ચૂંટણી ચિત્ર ઉપસી રહ્યું છે. આગામી એક બે દિવસમાં ચૂંટણી નો તાગ મેળવાશે પરંતુ હાલમાં તો ચેતનભાઈ કમાણી નાં નેતૃત્વમાં આપ નો પરચમ આગળ લહેરાઈ રહયો હોય તેમ જણાય છે.

# મુદ્રા કસ્ટડી ડેથ મામલે જે.પી. જાડેજાના અધ્યક્ષ સ્થાને કરણી સેના ઉગ્ર લડત આપવા તૈયાર




ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૨

આજ રોજ શ્રી રાજપૂત કરણી સેના પ્રદેશ અધ્યક્ષ જે.પી.જાડેજાની આગેવાની હેઠળ શ્રી રાજપૂત કરણી સેના કચ્છ પ્રમુખ વિરભદ્રસિંહજી સાવજસિંહજી જાડેજા (વિંઝાણ) શ્રી રાજપૂત કરણી સેના કચ્છના પ્રભારી કુલદીપસિંહ વિરેન્દ્રસિંહજી જાડેજા શ્રી રાજપૂત કરણી સેના કચ્છ સંરશ્રક મેરુભા માનસંગજી જાડેજા સાથે મુન્દ્રા, અંજાર, ગાંધીધામ, ભુજ, માંડવી તાલુકા ના કરણી સેના ના હોદ્દેદારો તથા સભ્યો સમાધોધા (મુંન્દ્રા) ચારણ સમાજના જે દિકરાઓ પોલીસ કસ્ટડીમા માર મારવાથી મૃત્યુ પામનારના પરીવારજનોને મળીને શોકની લાગણી વ્યકત કરી હતી અને દોષિતોને સત્વરે પકડી કડકમાં કડક સજા આપવા તેમજ સરકાર પાસે મૃતક યુવાનોના પરીવારને આર્થીક મદદ કરવા અપીલ કરી હતી અન્યથા શ્રી રાજપૂત કરણી સેના આ મુદે ઉગ્ર લડત આપશે એમ જણાવ્યું હતુ.

# હાલારમાં પોલીસ સહિતની એજન્સીઓએ આરંભ્યુ પેટ્રોલીંગ

### ગુપ્તચર એજન્સીઓને મળેલી માહિતીના આધારે ગોઠવાયો ચુસ્તબંદોબસ્તઃ માછીમારોના સ્વાંગમાં અન્ય પ્રાંતના લોકોની અવરજવરઃ સ્થાનિક કક્ષાએથી આવા લોકોને સહયોગ મળી રહ્યો હોવાનો પર્દાફાશ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૨

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિશાળ દરિયા કાંઠા પર તેમજ આજુબાજુના વિસ્તારોમાં આવેલા અનેક નિર્જન ટાપુઓ પર છેલ્લા લાંબા સમયથી અજાણ્યા લોકોની ભેદી હીલચાલ થઈ રહી હોવાની બાબતો સ્થાનિક કક્ષાએ લોકોમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે. સાથોસાથ અન્ય પ્રાંતના લોકો પણ માછીમારોના સ્વાંગમાં બિન્દાસ અવરજવર કરી રહ્યા હોવાની ચોંકાવનારી બાબતો પ્રકાશમાં આવવા પામી છે. જયારે બીજી બાજુ પોલીસ વિભાગ તેમજ કસ્ટમ સહિતની એજન્સીઓ દ્વારા દરિયાના કાંઠાના વિસ્તારોમાં પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. હાલ ચાલી રહેલા ચૂંટણીના માહોલ વચ્ચે કોઈ અસામાજીક તત્વો તેમની મનમાની કરી જાય નહીં તે માટે તમામ એજન્સીઓ દ્વારા ભારે એલર્ટતા દાખવવામાં આવી રહી છે. બીજી બાજુ વર્તમાન સમયમાં બન્ને જિલ્લાઓમાં ચૂંટણીના માહોલ છવાઈ જવા પામ્યો છે આ સમયગાળામાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે તમામ એજન્સીઓ દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. હાલારના વિશાળ દરિયા કાંઠા પર ભૂતકાળમાં અનેક પ્રકારની ભેદી પ્રવૃતિઓની સાથોસાથ દાણચોરી આલમ માટે પણ મહત્વપૂર્ણ ગણવામાં આવતું હોવાની બાબતો પોલીસ સહિતની એજન્સીઓની તપાસમાં ખુલવા પામ્યું હતું. દાણચોરો માટે સલાયા સહિતના બંદરો ખુબ જ ઉપયોગી બન્યા હોવાની પણ પ્રકાશમાં આવ્યું હતું. એ જમાનામાં સ્થાનિક લોકો પણ આવી ગેરકાયદે પ્રવૃતિઓમાં એક યા બીજી રીતે સંકળાયેલા હોવાની બાબતો ખુલવા પામી હતી. પોલીસ, કસ્ટમ, કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓની કડક કાર્યવાહીને પગલે દાણચોરી આલમમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો હતો અને આવા તત્વોએ સલાયાનું સ્થાન બદલીને બેંગ્લોર તેમનું મથક સ્થાપિત કર્યુ હતું. ત્યારથી હાલારના દરિયા કાઠા પર અસામાજીક તત્વોનો પગપેસારો દૂર થવા પામ્યો હતો. પોલીસ વિભાગના તત્કાલીન પોલીસ અધિકારીઓની આકરી કાર્યવાહીના પગલે અનેક મોટા માથાઓ ઝડપાઈ જવા પામ્યા હતા. ઉપરાંત પોલીસની તપાસમાં કુખ્યાત દાઉદ ઈબ્રાહીમ સહિતની સંડોવણી ખુલવા પામી હતી. જામનગર પોલીસે ભારે નિડરતાથી દાઉદ ઈબ્રાહીમ સહિતના શખસો સામે ગુનો નોંધ્યો હતો. સાથોસાથ પોલીસે આવા દેશદ્રોહીઓને દેશના અલગઅલગ વિસ્તારોમાંથી ઝડપી લીધા હતા અને હાલ આવા ઈસમો જેલમાં બંધ છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિશાળ દરિયા કાંઠા પર ધમધમતી ગેરકાયદે પ્રવૃતિઓ અટકી જવા પામ્યા બાદ છેલ્લા કેટલાક સમયથી પુનઃ અજાણ્યા લોકોની ભેદી અવરજવર સહિતની પ્રવૃતિઓ ચાલતી હોવાની બાબતો ગુપ્તચર વિભાગ દ્વારા દર્શાવવામાં આવતા પોલીસ, કસ્ટમ, કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓ દ્વારા તાકિદની અસરથી બાજ નજર ગોઠવવામાં આવી છે. હાલારના વિશાળ દરિયા કાંઠા પર આવતા આવા અજાણ્યા શખસો મહંદ અંશે માછીમારોના સ્વાંગમાં અવરજવર કરતા હોવાનું તેમજ પાકિસ્તાનની જાસુસી સંસ્થા આઈએસઆઈના ઈરાદા ઘુષણખોરી કરવાના હોવાના પગલે સ્થાનિક કક્ષાએથી તમામ મરીન પોલીસ સ્ટેશનને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા દરિયા કાંઠાના વિસ્તારોમાં પેટ્રોલીંગ આરંભી દેવામાં આવ્યું છે. તેમજ કોસ્ટગાર્ડ દ્વારા દરિયામાં બાજ નજર રાખવામાં આવી રહી છે.

# ખાવડીમાં સિક્યુરિટી ગાર્ડની ભરતીમાં નાણાં ખખેર્યાની ફરિયાદ

### બી એસ એસ કંપનીના સિક્યુરિટી હેડે બે વ્યક્તિ પાસેથી ૧૫-૧૫ હજાર લીધા

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૨

જામનગર નજીક ખાવડી વિસ્તારમાં આવેલી બીએસએસ કંપનીમાં આશરે ત્રણેક માસ પૂર્વે સિક્યુરિટી ગાર્ડની ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં ભરતી થનાર ઉમેદવાર પાસેથી રોકડ રકમ લીધાનું બહાર આવતા આ અંગે ખાનગી કંપનીના સિક્યુરિટી હેડ સામે વિશ્વ્રાસઘાતની ફરિયાદ કરવામાં આવતા પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે હાલ બે વ્યક્તિ પાસેથી ૧૫-૧૫ હજારની રોકડ લીધાનું સામે આવ્યું છે પોલીસ તપાસમાં અત્યાર સુધી કેટલા લોકો પાસેથી નાણાં ખંખેરવામાં આવ્યા તેની વિગતો સામે આવશે. આ અંગેની વિગતો અનુસાર, હરિયાણાના ગુડગાંવ સી /૧૧૩ ખાતે રહેતા કર્મચારી અલ્કેશ અત્તર્રસિંગ લાંબા દ્વારા મેઘપર પડાણા પોલીસમાં મોટી ખાવડી ગામે એમઓયુ કોલોની ખાતે રહેતા કેહરચંદ મંગલારામની વિરુદ્ધ આઈપીસી કલમ ૪૦૬ મુજબ ફરિયાદ નોંધાવી હતી. જેની વિગત મુજબ, બીલીવ સોલ્યુશન સર્વિસ, બી એસ એસ કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ભરતી થવા માટે ઉમેદવાર પાસેથી કોઈ રકમ લેવાતી ન હોય તેમ છતાં કંપનીના સિક્યુરિટી હેડ કેહરચંદ મંગલા રામ દ્વારા કંપનીની જાણ બહાર સીકયુરીટી ગાર્ડ તરીકે ભરતીમાં આવેલા બે વ્યક્તિ પાસેથી પંદર-પંદર હજાર રૂપિયા લઈ કંપની તથા સાહેદો સાથે વિશ્ર્વાસઘાત કર્યો હતો. આરોપીએ અપ્રમાણિકતાથી પોતાના અંગત ફાયદા માટે રૂપિયા લઈ વિશ્ર્વાસઘાત કર્યો હતો, આશરે ત્રણ માસ પહેલા કોઈપણ સમયે આ બનાવ બન્યો હતો પોલીસમાં ફરિયાદ થતાં મેઘપર પડાણાના પીએસઆઈ સિસોદિયાની સૂચનાથી સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે, અત્યાર સુધી ભરતી માં કેટલા લોકો પાસેથી આ રીતે રૂપિયા મેળવ્યા એ દિશામાં તપાસ ચલાવવામાં આવી રહી છે પોલીસ કાર્યવાહી દરમિયાન કુલ કેટલા લોકો ભોગ બન્યા તે આંકડો બહાર આવશે.

# વાંકાનેર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી : તાલુકા-જીલ્લાની તમામ સીટો માટે કોંગ્રેસના ઉમેદવાર ફાઈનલ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૨

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું બ્યુગલ ફુંકાઈ ચુક્યું છે ત્યારે ચુંટણીનો માહોલ પણ બરાબરનો જામ્યો છે. હાલ ગુજરાતમાં નગરપાલિકા-તાલુકા-જીલ્લા પંચાયત માટે ઉમેદવારી ફોર્મ ભરવા આ શરૂ થયા છે ત્યારે ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવી રહ્યા છે. આ વચ્ચે આજે વાંકાનેર તાલુકા-જીલ્લા પંચાયતની ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા તમામ ઉમેદવારોના નામ ફાઈનલ કરી તેની જાહેરાત કરવામાં આવી છે.જેમાં વાંકાનેર તાલુકાની ૬ જીલ્લા પંચાયત સીટ માટે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની યાદીમાં ચંદ્રપુર સીટ પર મંજુબેન કરશનભાઈ લુભાણી, ઢુવા સીટ પર રંજનબેન પ્રભુભાઈ વિંજવાડિયા, મહિકા સીટ પર નવઘણભાઈ દેવશીભાઈ મેઘાણી, રાજાવડલા સીટ પર જ્યોતિબા હરદેવસિંહ જાડેજા, તિથવા સીટ પર હફીઝાબેન ઈસ્માઈલભાઈ બાદી અને રાતીદેવરી સીટ પર ગુલામભાઈ અમીભાઈ પરાસરાના નામને ફાઈનલ કરાયા છે. આવી જ રીતે વાંકાનેર તાલુકા પંચાયતની ૨૪ સીટો માટે ૧). અરણીટીંબા - બલેરીયા સુરેશભાઈ અલખાજી, ૨). ચંદ્રપુર - શેરસીયા રૂકશાનાબેન ઈસ્માઈલભાઈ, ૩). ચિત્રાખડા - અઘેરા હંસાબેન મહેશભાઈ, ૪). ઢુવા - ઉડેશા અલુભાઈ શામજીભાઈ, ૫). ગાંગીયાવદર - જરવરીયા ઘનજીભાઈ સોમાભાઈ, ૬). ગારીયા - શેરસીયા યુનુસભાઈ જીવાભાઈ, ૭). હસનપર - અબાસણીયા દિનેશભાઈ રઘુભાઈ, ૮). જેતપરડા - કેરવાડીયા નારણભાઈ નાથાભાઈ, ૯). કણકોટ - બાદી હુસેનભાઈ સાજીભાઈ, ૧૦). ખખાણા - ડાંગર વનરાજભાઈ મેણદાભાઈ, ૧૧). કોઠી - ચૌહાણ વાલજીભાઈ રાઘવભાઈ, ૧૨). લુણસર - વસીયાણી કીરીટભાઈ નાનજીભાઈ, ૧૩). મહિકા - શેરસીયા ફાતુબેન યુનુસભાઈ, ૧૪). માટેલ - વિંજવાડીયા પુરીબેન ભનુભાઈ, ૧૫). મેસરીયા - બેડવા પાયલબેન ભરતભાઈ, ૧૬). પંચાસર - ઝાલા નયનાબા સંતુભા, ૧૭). પંચાસીયા - શેરસીયા જેનમબેન ઈસ્માઈલભાઈ, ૧૮). પીપળીયા રાજ - કડીવાર રિમીબેન માહમદહુસેન, ૧૯). રાજાવડલા - શેરસીયા રોશનબેન પરવેજભાઈ, ૨૦). રાતડીયા - સાપરા મંચ્છાબેન જેઠાભાઈ, ૨૧). રાતીદેવરી - માથકીયા રોશનબેન ઉસ્માનભાઈ, ૨૨). સરધારકા - વકાલીયા મમતાજબેન ઈસ્માઈલભાઈ, ૨૩). સિંધાવદર - પરાસરા કુલસુમબેન ગનીભાઈ અને ૨૪). તિથવા - ખોરજીયા રહીમભાઈ જલાલભાઈ ને ટિકિટ આપવામાં આવી છે.

# જામનગરમાં આજે મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ બે જાહેર સભાઓને સંબોધશે





ચક્રવાત ટીમ જામનગર, તા.૧૨

જામનગર કોર્પોરેશન, જીલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતની ચુંટણી આવી રહી છે ત્યારે શનિવાર તા. ૧૩ના રોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ પાણી અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ જામનગરમાં આવી રહયા છે અને તેઓ કાર્યકરોનો ઉત્સાહ વધારવા બે જાહેરસભાને સંબોધન કરશે, પ્રદેશ પ્રમુખ બન્યા બાદ સી.આર. પાટીલ પ્રથમ વખત જામનગર આવી રહયા હોવાથી આમ પણ સંગઠન પાંખમાં પણ ઉત્સાહ જોવા મળી રહયો છે. ગુજરાતમાં પાલિકા-પંચાયતોની ચુંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકોમાં મુખ્યમંત્રી વિજયભાઈ પાણી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ટોંચ ઉપર આવે છે, મતદાનને જો કે હજુ ૯ દિવસનો સમય છે, આ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીમાં જોમ જુસ્સો પુરો પાડવા તેઓ સૌરાષ્ટ્રભરનો પ્રવાસ ખેડવાના છે. જામનગર મહાનગરપાલીકામાં પુનઃ સત્તા હાંસલ કરવી ભારતીય જનતા પાર્ટી માટે આબરૂનો સવાલ છે, કારણ કે દેશકક્ષાએ વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવેલા મોટા કાર્યો બાદ કેન્દ્ર સરકાર પ્રત્યે લોકો શું લાગણી ધરાવે છે તેનો પણ એક નાનકડો નમુનો પાલિકા-પંચાયતોની ચુંટણીમાં મળવાનો છે એટલા માટે જ ભાજપ એડીચોટીનું જોર લગાવી રહયું છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તો અનેક વખત જામનગર તેમજ દ્વારકાની મુલાકાત લઈ ચુકયા છે, પરંતુ ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે વરાયેલા સી.આર. પાટીલ પહેલીવાર જામનગરની મુલાકાતે આવી રહયા છે, આ બંને સ્ટાર પ્રચારકો દ્વારા બે જુદા જુદા સ્થળે સભાને સંબોધન કરવામાં આવશે અને ભાજપ તરફી માહોલ બનાવવા બંને પ્રયાસ કરશે. આ અંગે ભાજપના શહેર પ્રમુખ ડો. વિમલ કગથરાએ જણાવ્યુ હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે સાંજે ૬ વાગ્યે જામનગર આવી પહોંચશે ત્યારબાદ સાંજે ૬-૩૦ વાગ્યે ધનવંતરી મેદાનમાં અને સાંજે ૭-૩૦ વાગ્યે ચાંદીબજારના ચોકમાં જાહેરસભાને સંબોધશે, મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખના કાર્યક્રમ માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. જાહેરસભા પુરી થયા બાદ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ જામનગરમાં ભોજન લઈને ગાંધીનગર જવા રવાના થશે.

# ટંકારા ભાજપમાં ભડકો : ભાજપના હોદેદારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

### વિવાદ ટાળવા કોંગ્રેસે મુંગા મોઢે ઉમેદવાર જાહેર કર્યા વિના બધી બેઠકો ઉપર ફોર્મ ભર્યા



ચક્રવાત ટીમ ટંકારા, તા.૧૨

મોરબી જિલ્લામાં ભાજપ દ્વારા ગઈકાલે ટિકિટ ફાળવણી કરાયા બાદ ટંકારા તાલુકામાં અસંતોષનો જવાળામુખી ફાટ્યો હોય તેવી સ્થિતિ વચ્ચે ટંકારા તાલુકા પંચાયતની બે બેઠકો અને ઓટાળા બેઠક ઉપર ભાજપના બળુકા હોદેદારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે તો બીજી તરફ વિવાદ ટાળવા કોંગ્રેસે મુંગા મોઢે ઉમેદવાર જાહેર કર્યા વિના જ જે તે ઉમેદવારોને ફોર્મ ભરવા સૂચના આપતા આજે ટંકારા તાલુકાની બધી બેઠકો ઉપર વગર મેન્ડેટ કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ટંકારા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં ટિકિટ માંગનાર અનેક સક્રિય આગેવાનોની બાદબાકી થતા ભાજપમાં બગવતના ખેલ શરૂ થયા છે જે અન્વયે ટંકારા બેઠક નંબર ૧ અનેમાં ભાજપમાંથી ટિકિટ માંગનાર ભાવિન સેજપાલને ટિકિટ ન મળતા આજે તેમના પત્નીએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી તો બીજી તરફ ટંકારા -૨ બેઠકમાં પણ ટિકિટ માંગનાર ઈરફાન ડાડા અને મિતેષ મહેતાએ અપક્ષ ઉમેદવારી નોંધાઈ ભાજપ નેતાગીરી સામે પડકાર ફેંક્યો છે.

# ખંભાળિયાની શ્રીજી સોસાયટીમાં રહેતી યુવતીને હાંકી કાઢતા સાસરિયા

### રાજકોટ ખાતે રહેતા પતિ સહિત ચાર સામે પોલીસ ફરિયાદ

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયામાં હાલ શ્રીજી સોસાયટી ખાતે રહેતા ગુર્જર સુથાર નલિનભાઈ મોહનભાઈ મેસવાણિયાની ૩૦ વર્ષીય પુત્રી વિભૂતિબેન પ્રતિકભાઈ પંચાસરાના લગ્ન આજથી આશરે છ વર્ષ પહેલા રાજકોટ ખાતેના ગોંડલ રોડ ખાતે રહેતા પ્રજાપતિ પ્રતીક હસમુખભાઈ પંચાસરા (ઉ.વ. ૩૫) સાથે થયા હતા. વિભૂતિબેનના લગ્ન જીવન દરમિયાન તેના પતિ પ્રતિકભાઈ પંચાસરા, સસરા હસમુખભાઈ સુંદરજીભાઈ પંચાસરા, સાસુ હંસાબેન હસમુખભાઈ, તથા જામનગર ખાતે રહેતા નણંદ પારૂલબેન ભાવેશભાઈ વાલંભીયા દ્વારા અવારનવાર મેણા-ટોણા મારી, બિભત્સ ગાળો કાઢી, મારકૂટ કરવા ઉપરાંત શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. એટલું જ નહિ, ગત તારીખ ૨૬ મે ૨૦૨૦ના રોજ વિભૂતિબેનને સાસરિયાઓ દ્વારા પોતાના સંતાન સાથે માવતરના ઘરે એકલા મૂકી ગયા હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે અહીંના મહિલા પોલીસે ચારેય સાસરીયાઓ સામે આઈ.પી.સી. કલમ ૪૯૮(અ), ૩૨૩, ૫૦૪ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે.

# મીઠાપુરમાં બે મોટરસાયકલ વચ્ચે અકસ્માતઃ બે ઘાયલ

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૨

મીઠાપુરના સુરજકરાડી વિસ્તારમાં પૂરઝડપે બેફિકરાઈપૂર્વક જઈ રહેલા જી.જે. ૧૦ બી.એચ. ૭૫૩૧ નંબરના પલ્સર મોટરસાયકલ ચાલક અને આંબેડકર સોસાયટીમાં રહેતા અરશીભાઈ સાગઠીયા નામના એક આસામીના પુત્રએ આ માર્ગ પર જઈ રહેલા અન્ય એક સ્પ્લેન્ડર મોટરસાયકલ જી.જે. ૧૦ એ.આર. ૦૧૨૮ સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર ૦૧૨૮માં જઈ રહેલા નાગાજણભાઈ ટપુભાઈ વાઘેલા (ઉ.વ. ૩૫, રહે. સુરજકરાડી) તથા સ્પ્લેન્ડર ચાલકને ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. અકસ્માત સર્જી આરોપી પલ્સર મોટરસાયકલ ચાલક નાસી ગયો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. ગત ૩ જાન્યુઆરીના રોજ બનેલા આ બનાવ અંગે મીઠાપુર પોલીસે પલ્સર બાઈક ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર તાલુકા પંચાયતની ૨૪ સીટો માટે ભાજપના ઉમેદવારો યાદી જાહેર

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૨

વાંકાનેર તાલુકા પંચાયતની ૨૪ બેઠકો માટે અંતે ભાજપે આજે મોડી સાંજે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં ઘણાં બધાં નવા ચહેરાઓને આ વખતે ભાજપ દ્વારા ટીકીટ આપવામાં આવી છે. અત્યારે સુધીમાં ભાજપ દ્વારા વાંકાનેર નગરપાલિકા અને જિલ્લા પંચાયત માટે ઉમેદવાર યાદી જાહેર કરી હતી જે બાદ હવે વાંકાનેર તાલુકા પંચાયત માટે પણ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. વાંકાનેર તાલુકાની ચંદ્રપુર બેઠકમાં દક્ષાબા હરિશ્ચંદ્રસિંહ ઝાલા, ગાંગીયાવદરમાં લખમણભાઈ ધનજીભાઈ ધોરીયા, લુણસરમાં જયકુમાર ચતુરભાઈ વસિયાણી, સરધારકામાં કૈલાશબા હરિસિંહ ઝાલા, ચિત્રાખડામાં દેવુંબેન રમેશભાઈ કાંજીયા, ઢૂંવામાં દેવુબેન હનુભાઈ વીજવાડીયા, જેતપરડામાં રણજીતભાઈ નાનજીભાઈ વીરસોડીયા, માટેલમાં ભૂમિકાબેન અજયભાઈ વીંજવાડીયા, ગારીયામાં રાજેન્દ્રસિંહ દેવુભા વાળા, મહિકામાં હનીફભાઈ આમદભાઈ બાદી, મેસરીયામાં હંસાબેન વિનુભાઈ ચાવડા, રાતડીયામાં જિજ્ઞાશાબેન રાજેશભાઈ મેર, કણકોટમાં મહિપાલસિંહ નિર્મળસિંહ જાડેજા, ખખાણામાં દીપકભાઈ ઝીણાભાઈ ગોધાણી, કોઠીમાં જાગાભાઈ કાનાભાઈ ચાવડા, રાજાવડલામાં ફરીદાબેન ઝુલ્ફીકાર શેરસિયા, હશનપરમાં જેરામભાઈ દેવાભાઈ નંદેસરિયા, પંચાસરમાં વર્ષાબા ધર્મેન્દ્રસિંહ ઝાલા, પંચાસરીયામાં જસમીન જાહીદ બ્લોચ, રાતીદેવડીમાં વજીબેન રાજુભાઈ મકવાણા, અરણીટીંબામાં નવઘણભાઈ રેવાભાઈ સરસૈયા, પીપળીયારાજમાં રિઝવાનાબેન ઈલમુદિનભાઈ દેકાવડીયા, સિંધાવદરમાં ફાતિમાબેન અબાસભાઈ શેરસિયા, તીથવામાં નિજામુદીન અબ્દુલભાઈ પટેલને ટીકીટ આપવામાં આવી છે.

# ૧૩ પશુઓને ટ્રકમાં વડદલાથી ધુલીયા મહારાષ્ટ્ર લઈ જતાં બે ઈસમો ઝડપાયા



ચક્રવાત ટીમઝઘડીયા, તા.૧૨

ઝઘડીયા પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોવાને કારણે ઝઘડીયા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ભરૂચ થી વડદલાથી ધુલીયા મહારાષ્ટ્ર ખાતે ગેરકાયદેસર પશુઓ ભેંસો નંગ૧૩ ભરેલી ટ્રક નંબર ૧૬ ૦ ૬૭૮૬ જે ગાડી ભેંસો ભરી ધુલિયા ખાતે જતી હોવાની ઝઘડીયા પોલીસેને બાતમી મળેલ કે દુધાણા પશુઓની હેરાફેરી નિકાસ પર પ્રતિબંધ હોવા છતાં ભેંસો ભરેલી ટ્રકથી હેરાફેરીની ટ્રક જતી હોવાથી ઝઘડીયા પોલીસ દ્વારા ટ્રકને ઝઘડીયા તાલુકાના જી.આઈ.ડી.સીનાં સેલોદ જી.ઈ.બી સબ સ્ટેશન પાસેથી (૧) ઈકબાલ ઈસ્માઈલ દશકા ઉ.વર્ષથી ૪૦ રહે. લુવારા તા.જી.ભરૂચ (૨) સલીમ મુસા સિધી જમાદાર ઉ.વર્ષ ૩૩ રહે.વલણ તા.કરજણ જિ.વડોદરાનાં બે ઈસમોને હસ્તગત કરી ભેંસો નંગ ૧૩ તથા ટ્રક સહીત કુલ ૬.૫૦.૦૦૦/નો મુદામાલ સાથે પકડી પાડતી ઝઘડીયા પોલીસ દ્વારા કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી. ઝઘડીયા પોલીસ દ્વારા તમામ ભેંસો નંગ ૧૩ને પાંજરાપોળ મુકવાની તજવીજ હાથ ધરવામાં આવી.

# ગીર સોમનાથ રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા જિલ્લા કલેકટરની આવેદનપત્ર

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧૨

સુત્રાપાડા મુકામે મામલતદાર કચેરી ખાતે રાષ્ટ્રીય રાજપુત કરણીસેના દ્વારા અમરેલી જિલ્લાના લુઆરા ગામની ઘટના સંદર્ભે ન્યાયની અપીલ તેમજ મુદ્રા પોલીસ દ્વારા ખોટી રીતે થર્ડ ડિગ્રી આપી ટોર્ચર કરવાથી બે યુવાનોના મુર્ત્યુ નિભજેલ જે બદલ દોષિત પોલીસ સામે કાર્યવાહી કરવા બદલ આવેદન આપવામાં આવેલ. ૨૬ જાન્યુઆરી ના રોજ અમરેલી જિલ્લાના લુઆરા ગામમાં એસ.પી.નિરલિપ્ત રાયજી ના આદેશ અનુસાર અમરેલી જિલ્લાની પોલીસ દ્વારા અશોકસિંહ બોરિચા ના એનકાઉન્ટર નું ષડયંત્ર રચવામાં આવ્યું.પોલીસ દ્વારા અસવેધાનિક સરઘસ કાઢવામાં આવ્યું અને ઢોર માર મારી એના પગમાં ફેકસર કરી દેવામાં આવ્યું અને જ્યારે આ ઘટનાનો અશોકસિંહ ના બેન હેમુબા દ્વારા વિડીયો રેકોડિન કરવામાં આવ્યું તો હેમુબા સાથે



પોરુષ પોલીસ દ્વારા બદતમીજી કરી ગિરફતારી કરવામાં આવી.તેમજ ગંભીર ધારાઓ તેમના ઉપર લગાવી આવી. તેમજ મુંદ્રામકછઋપોલીસ દ્વારા સમાઘોઘા ગામના ચરણમગઢવીઋસમાજના ત્રણ યુવાનોની ખોટી રીતે ધરપકડ કરી પોલીસ દ્વારા કાયદાનો દુરઉપયોગ કરી થર્ડ ડિગ્રીનો દ્વારા ઢોરમાર મારતા બે યુવાનોના મુત્યુ નિપજ્યાં તેમજ અન્ય એક વ્યક્તિ ઈજાગ્રસ્ત સારવાર હેઠળ છે.આ બંને બનાવો ને ધ્યાને રાખીને રાષ્ટ્રીય રાજપુત કરણીસેના દ્વારા સુત્રાપાડા મામલતદાર ને આવેદન આપાયું જેમાં ભાર પુર્વક કહેલ કે આતંકવાદીઓ ને પણ થર્ડડિગ્રી આપતા પહેલા જાનહાનિ ના થાય તેમની પુરતી કાળજી લેવામાં આવે છે.તો આ તો એ કેટેગરીના કોઈ ક્રિમિનલ હતા જ નહીં જો આ લોકોએ કોઈ ગુનો કર્યો હોય તો ભારતીય ન્યાયપાલિકા ની દંડ સંહિતા પ્રમાણે કોર્ટ તેમને સજા કરે છે.પરંતુ ન્યાયતંત્ર ને સર્મસાર કરતું કૃત્ય મુંદ્રા પોલીસ અને અમરેલી પોલીસ દ્વારા કરવામાં આવેલ છે.અને આ બંને જગ્યાઓ એ રક્ષકો જ ભક્ષકો બની ગયા જેવુ લોકમુખે ચર્ચાઇ રહ્યું છે.તો બંને ઘટનાઓ માં ન્યાય મળે એવિ સરકાર ને રજૂઆત કરી હતી.

# ચૂંટણીને લઈને જેતપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસનું પેટ્રોલિંગ



ચક્રવાત ટીમ, તા.૧૨

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોની સાથે સાથે તંત્ર પણ પોતાની ફરજની રૂએ તૈયારીઓ કરી રહ્યું છે. જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન તથા જેતપુર સિટી પોલીસ સ્ટેશન તથા વીરપુર પોલીસ સ્ટેશન દ્વારા અતિસંવેદશીલ અને સંવેદનશીલ વિસ્તાર જેમાં પેઢલા, મંડલીકપુર, જેતલસર જંકશન, જેતલસર ગામ મા સંયુકત રીતે ફુટ પેટ્રોલિંગ કરવામાં આવેલ ફૂટ પેટ્રોલિંગ કરી ચૂંટણી લક્ષી પરિસ્થિતિઓનું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને પોલીસ દ્વારા કરવાં આવ્યું ફૂટ પેટ્રોલિંગ.

# બોટાદ જિલ્લા ડાયમંડ એસોસીએશન દ્વારા શ્રીરામના મંદિર નિર્માણ માટે નિધિ સમર્પણ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૨

અયોધ્યામાં બની રહેલા ભગવાન શ્રીરામના મંદિરના નિર્માણ માટે સમગ્ર દેશમાંથી નિધિ એકત્રિત થઈ રહી છે ત્યારે બોટાદ ખાતે ના હીરા ઉદ્યોગ ના કામ કરતા કારીગર ભાઈઓ દલાલો વેપારીઓ તેમજ સમગ્ર હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા તમામ લોકો દ્વારા ફંડ એકત્રિત કરી રૂપિયા ૬,૬૬,૬૬૬ નો ચેક બોટાદના ડાયમંડ એસોસિએશન દ્વારા પ.પૂ.આત્મારામ સરસ્વતી જીને નિધિ સમર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે બોટાદના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકો હાજર રહ્યા હતા તેમજ બોટાદ જિલ્લાના વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ તેમજ બજરંગ દળના પ્રમુખ તેમજ કાર્યકર્તાઓએ પણ હાજર રહ્યા હતા.

# મોરબીમાં કોન્ટ્રાક્ટરો દ્વારા એક દિવસીય હડતાલ : મુખ્યમંત્રીને આવેદન

ચક્રવાત ટીમ મોરબી, તા.૧૨

ગુજરાત રાજ્યમાં ચાલતા વિકાસ કામોમાં સ્ટીલ, સિમેન્ટ, ડામર, ડીઝલ અને અન્ય મટીરીયલ્સના ભાવોમાં અસહ્ય વધારો થયો હોય જેના વિરોધમાં આજે મોરબી બિલ્ડર્સ એસોસિયેશન અને મોરબી કોન્ટ્રાકટર્સ એસોસિયેશન દ્વારા એક દિવસ હડતાલ કરી વિરોધ નોંધાવ્યો હતો તેમજ આવેદન પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવ્યું છે કે સિમેન્ટ અને સ્ટીલ ઉત્પાદન કરતી કંપની દ્વારા કાર્ટેલ કરી ભાવોમાં અવારનવાર વધારો કરાય છે. તાજેતરમાં સિમેન્ટમાં પચ્ચીસ ટકા અને સ્ટીલમાં પચાસ ટકા જેટલો ભાવવધારો ઝીકવામાં આવ્યો છે. જેથી રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં વિપરીત અસર પડી રહી છે. જેના વિરોધમાં રાજ્યના તમામ બિલ્ડર આજે કામકાજ બંધ રાખી વિરોધ નોંધાવી રહ્યા છે.તેમજ આવેદન પાઠવ્યું હતું. જેમાં મોરબી જીલ્લા બિલ્ડર્સ એસોના પ્રમુખ ભરતભાઈ બોપલીયાના માર્ગદર્શન હેઠળ મોરબીના બિલ્ડરો તેમજ કોન્ટ્રાકટર એસોના રમેશભાઈ જાકાસણીયાના માર્ગદર્શન હેઠળ આજે બિલ્ડરો અને કોન્ટ્રાકટરો બંધમાં જોડાયા હતા.



આજે બાંધકામ સાઈટ બંધ રાખી સિમેન્ટ અને સ્ટીલ માટે કોઈ ઓર્ડર લખાવ્યા ના હતા. તેમજ સરકારને રજૂઆત કરી હતી કે સ્ટીલ અને સિમેન્ટ ઉત્પાદકો સામે સરકાર લાલ આંખ કરી ભાવોને કાબુમાં લે તે જરૂરી છે. નહિતર વિકાસ કાર્યો અટકી જશે. બાંધકામ ક્ષેત્રમાં સાઈઠ લાખ લોકો રોજગારી મેળવી રહયા છે. પરંતુ અસહ્ય ભાવવધારાથી બેરોજગારી વધશે. જેથી સિમેન્ટ અને સ્ટીલ ભાવોને કાબુમાં રાખવા સરકારે રેગ્યુલેટરી ઓથોરીટીની રચના કરવી જોઈએ. અને ભાવવધારાને નિયંત્રણ કરવા જરૂરી પગલા ભરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ધ્રાંગધ્રા ભાજપના જ કેટલાક સુધરાઈ સભ્યોની ટીકીટ કાપતા આંતરીક નારાજગી

ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૧૨

રાજ્યમા ચૂંટણી ના પડઘમ વાગી ચુક્યા છે અને આવનારી જીલ્લા અને તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજ્યના ઉમેદવારો લગભગ પાક્કા થઈ ચુક્યા છે ત્યારે સૌ પ્રથમ રાજ્યમા ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાના ઉમેદવારો જાહેર કરતા અનેક વિસ્તારોમા ભાજપની ટીકીટમા કપાયેલા કાર્યકરો નારાજ જોવા મળ્યા હતા ત્યારે સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાંગધ્રા સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી મા પણ કઈક આવો જ ઘાટ સર્જાયો છે જેમા ધ્રાગધ્રા શહેર ભાજપ દ્વારા ગત ટર્મમા વિજય બનેલા ભાજપના સુધરાઈ સભ્યોને આ વખતે ટિકિટમાં કાપી નવા ચહેરા સામે દ્વારા હતા વળી અગાઉ ચુંટણી જાહેર થતા જ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપનો ખેસ ધારણ કરનાર ચાર સુધરાઈ સભ્ય તથા બે કોગ્રેસ સંગઠનના હોદેદારોમાથી એકને જ ટીકીટ મળતા હવે પાટલીબદલુઓને કાપો તો લોહી ન નિકળે તેવો સ્થિતી સર્જાઇ છે. ગત દિવસોમા ચુંટણી જાહેર થતા જ કોગ્રેસના ચાર સુધરાઈ સભ્યો જેમા કુળદિપસિંહ ઝાલા, ગજેન્દ્રસિંહ જાડેજા, ગુલશનબેન લોલાડીયા, દિનેશભાઈ મકવાણા તથા બે સંગઠનના હોદેદારો જેમા સુરેન્દ્નગર જીલ્લા મહામંત્રી ઉદયભાઈ ભટ્ટ તથા ધ્રાંગધ્રા માઈનોરીટી સેલ ઉપ પ્રમુખ મહમદભાઈ લોલાડીયા એમ છ જેટલા પક્ષપલટુઓમાથી માત્ર એક કુળદિપસિંહ ઝાલાને જ ભાજપે ટીકીટ આપી તેઓની પાછળ આંગળી પકડીને આવેલા પાંચ કોંગ્રેસી આગેવાનોને ઠેંગો બતાવ્યો છે જ્યારે હવે આ પાટલી બદલુઓ ટીકીટ વગર મનમા મુંઝાયા છે. આ તરફ ભાજપ પક્ષ દ્વારા ધ્રાંગધ્રા નગરપાલિકાના પુર્વ પ્રમુખ કિરણબેન ભટ્ટને ટીકીટ આપી નગરપાલિકા હાલના પ્રમુખધીરુભાઈ પઢીયારની ટીકીટ કાપી છે સાથોસાથ વોર્ડ નંબર ૯ના સુધરાઈ સભ્ય તથા સેનેટરી વિભાગના ચેરમેન ધનુભાઈ પંજવાણી, વોર્ડ નંબર ૩ના કદાવર ક્ષત્રીય આગેવાન શક્તિસિંહ ઝાલાના પત્નિ સહિતનાઓની ટીકીટ કાપી છે વળી ધ્રાંગધ્રા શહેરના કુલ ૯ વોર્ડમાથી ચારેક વોર્ડમા ભરવાડ સમાજનું પ્રભુત્વ છે છતા ભરવાડ સમાજના માત્ર એક વ્યક્તિને વાર્ડ નંબર ૧મા ટીકીટ અપાઇ છે જેની સામે રબારી સમાજના બે વ્યક્તિ અને ક્ષત્રીય સમાજના ચાર વ્યક્તિને ટીકીટ આપતા ભરવાડ સમાજમાં પણ અસંતોષ જોવા મળ્યો છે.

# ચોટીલાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મિડીયાના પત્રકારોએ પ્રાંત અધિકારીને આપ્યું આવેદનપત્ર

## ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ વિરુદ્ધ ચોટીલામાં પત્રકારોએ ડેપ્યુટી કલેકટરને આવેદનપત્ર આપ્યું

ચક્રવાત ટીમ ચોટીલા, તા.૧૨

વડોદરા વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ દ્વારા ચૂંટણીનું કવરેજ કરી રહેલા મિડીયા કર્મી ને માણસો પાસે ઠોકાવી દેવાની ખુલ્લેઆમ ધમકી આપીને પોતાની દાદાગીરી દાખવીને લુખ્ખાગીરી કરવામાં આવી હતી. આ ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં પત્રકાર આલમમાં તીર્વ પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે ચોટીલાના ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મિડીયાના પત્રકારોએ સાથે મળી ચોટીલા પ્રાંત કચેરીએ ઘસીને પ્રાંત



અધિકારી આર.બી. અંગારીને લેખીત આવેદનપત્ર પાઠવી ત્વરિત કડક કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી. તેમજ ગુજરાત ના મુખ્યમંત્રી, ગૃહ મંત્રી, પોલીસ મહાનિર્દેશક, માહિતી વિભાગ ગાંધીનગર અને જિલ્લા પોલીસ વડા સુરેન્દ્રનગરને પત્ર લખી ને જાણ કરવામાં આવી છે. આ સમયે ચોટીલાના પત્રકાર જીજ્ઞેશભાઈ શાહ, અમિતભાઈ તુરખિયા, લઘુભાઈ ધાધલ, વિક્રમસિંહ જાડેજા, મોહસીનખાન પઠાણ, મુકેશભાઈ ખખ્ખર, જે.જે. ઝાલા, પુનિતભાઈ ખખ્ખર, પ્રશાંતભાઈ બાવળિયા, મુનાફભાઈ કલાડીયા સહિતના પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.

# જેતપુરમાં કાઠી ક્ષત્રિય સમાજ તેમજ કરણી સેના દ્વારા મામલતદારને આવેદનપત્ર

ચક્રવાત ટીમ જેતપુર, તા.૧૨

તાજેતરમાં સાવરકુંડલાના લુવારા ગામે બનેલી ઘટનાના પગલે જેતપુરમાં કાઠી ક્ષત્રિય સમાજ તેમજ કરણી સેનાના નેજા હેઠળ ન્યાયની માંગ સાથે લુવારા ગામમાં અમરેલી એલસીબી પોલીસ દ્વારા હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હોય જેનો વિડિયો ઉતારતી મહિલા હેમુબેને મહિલા પોલીસ વગર જ મોબાઈલ આચકી તેમની ધરપક્કડ કરી ગુનો નોંધવામાં આવ્યો છે. મહિલાના મોબાઈલમાં ૬ સેકેંન્ડના વિડિયો પર રેકોંડ થયેલો છે. જેથી હેમુબેન પર થયેલી પોલીસ દમદીરી સામે કાર્યવાહી કરી ન્યાયની માંગ સાથે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા જેતપુર મામલદારને આવેદન આવામાં આવ્યું હતું તદ્ઉપરાંત સમાઘોઘામાં થયેલી ઘરફોડ ચોરીના



બનાવમાં પોલીસે અરજણ ગઢવી, હરજુગ ગઢવી અને શામરા ગઢવીની શંકાસ્પદ આરોપી તરીકે ધરપકડ કરી હતી. પૂછપરછના બહાને ત્રણેય વ્યક્તિઓને ૮-૯ દિવસ સુધી પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખીને અસહ્ય માર મારવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનમાં ત્રણેય વ્યક્તિઓને ઢોર માર મારવામાં આવ્યો હતો. જેને લઈને ત્રણેય યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય હતા. જેમાં ૧૯ જાન્યુઆરીના રોજ અરજણ ગઢવીનું પોલીસ સ્ટેશનમાં માર મારતા મૃત્યુ થયું હતું. આજે બીજા એક યુવાને પણ દમ તોડી દીધો છે. અમદાવાદ હોસ્પિટલ સંકુલમાં કિડની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા હરજુગ ગઢવી દરમિયાન ૨૨ વર્ષના હરજુગ ગઢવીનું મોત થયું હતું આ બનાવના ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદન આપી તમામ આરોપીઓને ઝડપીને સજા કરવા અને મૃતકોના પરિવારજનોને સહાય કરવા માટે માગણી કરી હતી.

# બોટાદમાં ચૂંટણી સંદર્ભે ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૨

બોટાદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નો મોટો જંગ શરૂ થયો છે બોટાદ જિલ્લા પંચાયત, ચાર તાલુકા પંચાયત, બે નગરપાલિકા ની ચૂંટણી માટે આજે ઉમેદવારી નોંધાવવા માટે શહેર અને ગામડામાં થી બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા કોંગ્રેસ અને ભાજપ સાથે આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા હોય માટે પોતાના ટેકેદારો સાથે ફોર્મ ભરવા ઉમેદવારો ઢોલ નગારા, બેન્ડ વાજા, વરઘોડા સાથે, બોટાદ તાલુકા સેવાસદન ખાતે ઉમેદવારી પત્ર ભરવા આવતા જાણે તાલુકા સેવાસદન માં મેળો જામ્યો હોય તેવી ભીડ જામી હતી. બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા તેમજ કોંગ્રેસ પક્ષના ટેકેદારો દ્વારા વિજય વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો., ત્યારે ચૂંટણીના ખરાખરીના આ જંગમાં કયો પક્ષ બાજી મરીજાય છે તે આગામી સમય બતાવશે.

# વેરાવળ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દેવીબેન ગોહેલનું પ્રમુખ પદેથી રાજીનામું



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૨

ગીરસોમનાથમાં ચૂંટણી પહેલાં હોદેદારોનાં રાજીનામાનો સીલસીલો યથાવત, ચૂંટણીને ગણતરીનાં દિવસો બાકી હોઈ પક્ષમાં હોદાની અવગણના થતી હોવાના આક્ષેપ સાથે શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખનું રાજીનામું.

# ગીર સોમનાથ જિલ્લામાં સરકારી આરામગૃહો ડાક બંગલા અને સરકારી રહેણાંકના રાજકીય ઉપયોગ પર પ્રતિબંધ

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧૨

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો અને વેરાવળ, તાલાળા, ઉના તથા સુત્રાપાડા નગરપાલીકાની સામાન્ય ચૂંટણી તથા કોડીનાર નગરપાલીકાના વોર્ડ નં-૭ની પેટા ચૂંટણી યોજાનાર છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે.ખાચરને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધાત્ક આદેશો જારી કર્યા છે. જે મુજબ ગીર સોમનાથ જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ આરામગૃહો કે સ્થળોની રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ મુકયો છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહિતની બાબતનો સમાવેશ થશે. એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહિં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહી. જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાજ કે તેથી વધુ કક્ષાની સુરક્ષા આપવામાં આવેલી હોય તેમને રાજ્ય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજ્ય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે રાજકીય પદાધિકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમ્યાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકાશે નહી. આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા.૦૨-૦૩-૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

# કોડીનાર તાલુકાની તમામ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સીટો પર લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીના ઉમેદવાર મેદાનમાં

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, ૧૨

ગીર સોમનાથ જિલ્લામાં તેમજ તમામ નગરપાલિકા અને તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત કક્ષાની સીટો પર એલ. આર. પી. દ્વારા છેવાડાના માનવીને પ્રતિનિધિત્વ આપી તેમજ ખેડૂતો અને મજૂરો ને પ્રતિનિધિત્વ આપી નક્કર લોકશાહી તરફ એક કદમ આગળ વધી લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અશોક પટેલ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી જેનાથી જિલ્લામાં એક રાજકીય હડકંપ મચી ગયો હતો, અનેક લોકો તેમજ રાજકીય પ્રતિનિધિઓ એલ આર પી માં ચૂંટણી માં ઉમેદવારી કરવા માટે ઉત્સુક બન્યા હતાં. સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી સંજરબાપુ કાદરી ની આગેવાની તથા નેતૃત્વ હેઠળ અનેક નામી અનામી રાજકીય પ્રતિનિધિઓ પક્ષમાં દાવેદારી નોંધાવી હતી. જેની પક્ષ દ્વારા પસંદગી પ્રક્રિયા ચાલુ હોય ગીર સોમનાથ જિલ્લાના અગ્રગણ્ય સામાજિક તથા રાજકીય આગેવાન સંજરબાપુ કાદરી દ્વારા સતત જિલ્લામાં જન સંપર્ક તેમજ જન સહયોગ



પ્રાપ્ત કરવા પ્રવાસ ચાલુ હોય ગીર સોમનાથ જિલ્લાની પ્રજા દ્વારા ગામડે ગામડે જ નહિ શહેરોમાં પણ એલ. આર.પી. ને આવકાર મળી રહ્યો છે જે ગીર સોમનાથ જિલ્લાના રાજકારણ માટે ખૂબ જ અગત્યની બાબત ગણાવી શકાય. સંજર બાપુ ગીર સોમનાથ જિલ્લામાં હોસ્પિટલ તથા એમ્બ્યુલન્સ સેવા, જન સેવા તેમજ યુવાનો માટે સર્વ સમાજના લોકો માટે આદર્શ રૂપ ગણાવી શકાય. સમભાવ, સદભાવ તેમજ સદવિચાર જેવી ઉત્કૃષ્ટ ભાવનાથી સંજર બાપુ એ આ પક્ષ માટે ઉતમ ઉદાહરણ પુરુ પાડે છે. કોડીનાર તાલુકા તેમજ સુત્રાપાડા, વેરાવળ, ગીર ગઢડા, ઉના, તાલાળા જેવા તાલુકામાં સંજર બાપુની આગેવાની હેઠળ અનેક યુવાનો ખુબ જ જહેમત ઉઠાવી રહ્યા છે તેમજ આ પક્ષે ગીર સોમનાથ જિલ્લામાં પ્રજાની માનસિકતા ઉપર અસર કરવામાં અગત્યનું પરિબળ સાબિત થયેલ છે. વેરાવળ, સુત્રાપાડા, ઉના નગરપાલિકા તેમજ તમામ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સીટો પર અનેક પ્રજાના પ્રજા માટે કાર્ય કરનારા લોકો ને પક્ષ દ્વારા તક આપવામાં આવી છે જે ખુબ જ અગત્યની બાબત પુરવાર થઈ છે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એ ગીર સોમનાથ જિલ્લામાં સ્થાપિત હિતો તેમજ જનતાના પ્રતિનિધિઓનો જંગ બની રહ્યો છે તેવું તસ્વીરો પરથી લાગી રહ્યુ છે. આમ છતાં ગીર સોમનાથ જિલ્લાની જનતા નો મિજાજ શુ પરિણામ લાવે છે અને પ્રજા મત એ ચૂંટણી પરિણામો બાદ જ નક્કર ગણાવી શકાય.

## તંત્રીસ્થાનેથી......

# ગુજરાતમાં આરટીઆઈ અધિકાર સરકારી આદેશોથી ખતમ થઈ જશે?

ગત મહિને ગુજરાત રાજ્યના માહિતીપંચ દ્વારા બે જુદા-જુદા હુકમો થકી માહિતી માગનાર અરજદારો પર પાંચ વર્ષ અને આજીવન પ્રતિબંધ લાદવાની કઠોર કાર્યવાહી કરાઈ છે. અરજદારોને માહિતી મેળવવાના અધિકારથી વંચિત કરવાનો આદેશ પણ કરાયો હતો, જે બાદ રાજ્યના ઈ્ ઍક્ટિવિસ્ટ અને સિવિલ સોસાયટીના સભ્યોએ રોષ વ્યક્ત કરી, હુકમો તાત્કાલિક અસરથી રદ કરવાની માગ કરી હતી. હવે રાજ્યમાં ઈ્ના કાયદાની મજબૂતી પર વધુ એક પ્રહાર કરવામાં આવ્યો છે. અન્ય એક કિસ્સામાં બનાસકાંઠાના જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયા દ્વારા માહિતી અધિકાર અંતર્ગત કરાતી અરજીઓના નિકાલ માટે માહિતી અધિકારીને વિશાળ સત્તાઓ આપતો પરિપત્ર જારી કર્યો છે. આ પરિપત્રમાં માહિતીના અધિકારને કથિતપણે બાધિત કરતા પાંચ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈ્ કર્મશીલો અને સિવિલ સોસાયટીના લોકોએ ડર વ્યક્ત કર્યો છે કે આ ઉદાહરણોનો ઉપયોગ રાજ્યમાં માહિતીના અધિકારના કાયદાને વધુ દુર્બળ બનાવવા માટે થશે. બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની કચેરી દ્વારા પરિપત્રમાં માહિતી અધિકારના કાયદાને લગતા ૨૭ મુદ્દા નોંધવામાં આવ્યા છે.જે પૈકી પાંચ જોગવાઈઓ બાબતે ઈ્ ઍક્ટિવિસ્ટોને વાંધો પડ્યો છે, જેમાંથી પ્રથમ એ છે કે માહિતી અધિકારના કાયદાનો ઉપયોગ બદલો લેવાની ભાવના સાથે અરજદારે કરેલ હશે તો જાહેર માહિતી અધિકારી આવી અરજીનો



યાકુબ બાદી
તંત્રી

જવાબ આપવાનું નકારી શકે છે. બીજા મુદ્દા પ્રમાણે વ્યક્તિની આવક અંગેના રિટર્ન, સંપત્તિની ફાઈલો કાયદા મુજબ ઈ્ના કાયદા મુજબ દિલ્હી હાઈકોર્ટની સંબંધિત પિટિશનના ચુકાદા મુજબ અંગત માહિતી ગણાતી હોઈ, આવી માહિતી અરજદારને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૮ (૧)(જે) મુજબ આપવાની રહેતી નથી. ત્રીજા મુદ્દા અનુસાર અરજદાર દ્વારા સરકારી કર્મચારી કે અધિકારીને અપાયેલી યાદી, ઠપકો, કારણદર્શક નોટિસ, ચાર્જશીટ, સજા, ખાનગી અહેવાલ, ઈન્કમટૅક્સ/એસેટ/રોકાણો વગેરેની માહિતી સંબંધિત સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટની અરજીઓ અંગે અપાયેલ ચુકાદા આપવાનાં રહેતાં નથી. ચોથા મુદ્દા મુજબ માહિતી મેળવવા માટે એક જાહેર સત્તામંડળને કરેલી અરજી પૈકી પોતાના વિભાગ સાથે સંબંધિત માહિતી પૂરી પાડવી અને બાકીની માહિતી માટે સંબંધિત જાહેર માહિતી અધિકારીને અલગ અરજી કરવા અરજદારને સલાહ આપવી. પાંચમા મુદ્દા અનુસાર દરેક જાહેર માહિતી અધિકારીએ અરજદારને વધુમાં વધુ ૨૦૦ પાનાંની મર્યાદામાં માહિતી પૂરી પાડવાની રહેશે. વિપુલ પ્રમાણમાં માહિતી માગવામાં આવી હોય તેવા કિસ્સામાં અરજદારને પત્ર દ્વારા જાણ કરી રેકૉર્ડ નિરીક્ષણ કરાવી તેમને જોઈતી, તારવેલી માહિતી પૂરી પાડવાની રહેશે. માહિતી પંચના આવા પરિપત્રોને કારણે જાહેર માહિતી અધિકારી કે ફર્સ્ટ એપલેટ ઑથૉરિટીને માહિતી ન આપવા માટે શસ્ત્ર મળી જાય છે. અનુચ્છેદ ૧૯ (૧) (એ) અનુસાર ભારતનું બંધારણ નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપે છે. આ સ્વતંત્રતા ભોગવવા માટે જે-તે વ્યક્તિ પાસે માહિતી હોવી જરૂરી છે. તો જ તે પોતાની જાતને અભિવ્યક્ત કરી શકશે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

### ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ
# 'Krossing ગર્લ'
### રવિ વિરપરીયા

## પ્રકરણ ૬૪

અમારું બુલેટ હાલારની વેરાન ભૂમિ પર આથમતાં દિવસના સૂરજને ગળે મળવા આગળ વધતું હતું. ભેંકાર ભાસતી ભોમકા અને સમી સાંજનો સમય. ઘડીકમાં કોઈ વાહન પણ સામે ના મળતું. ના તો કોઈ શહેર કે ગામ આડું આવતું હતું. અહીંની વેરાન લાગતી ભૂમિને પણ પોતાની કોઈક કહાની હશે જ ને ? ક્યાંક વળી પડાવ નાખેલી વણઝારાની કોઈ ટૂકડી જોઈ શકાતી. બુલેટની ઝડપ વધતાં સાગરને ક્યાંક પહોંચવાની ઉતાવળ હોય એવું લાગતું હતું

આખરે ટેકરા જેવો પહાડી પ્રદેશ શરૂ થયો. કેટલાક ટેકરા વટાવી તેણે બુલેટ એક કાચી સડક પર લીધું, જ્યાં બોર્ડ મારેલું હતું "ચકલી ચોરો - ફીઅરલેસ વોઈસ ઓફ ડેરીંગ થોટ્સ." આવું કોઈ ગામ હશે ? કે એડવેન્ચર સ્પોર્ટસ માટેનું નવું ડેસ્ટીનેશન હશે ? બોર્ડમાં સૂચવેલા રસ્તે આગળ વધતાં એક ઊંચી ટેકરી વટાવી. ત્યાં ધાર ઉપર બાઈક ઉભી રાખી.

નીચે જૂની બોક્સઈટની ખાણના વિશાળ મેદાનમાં જુવાનિયાવ પાર્ટી મનાવવા ઉમટી પડ્યા હોય તેવું લાગતું હતું. અમારું બુલેટ ત્રાંસી ઉતરતી કેડીમાં સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યું હતું. આશરે પાંચસો જેટલાં યુવક-યુવતીઓ ભેગા થયા હોય તેવું લાગતું હતું. આજુબાજુ બધે ટેકરીની ઉંચાઈ જોઈને કોઈ યુદ્ધ માટેની છાવણી હોય તેવો અહેસાસ આવતો હતો. આખરે અમે પણ એ માનવસમૂહમાં ભળ્યા. મુસાફરીનો થાક ઉતારી રિલેક્સ થયાં. ત્યાર બાદ ચર્ચાના કેન્દ્રબિંદુ તરફ આગળ વધ્યા. એક મોટા પથ્થર પર ઉભો ઉભો 'ગગન મોદી' પોતાના વિચારો વહેંચી રહ્યો હતો.

"સંબંધો કાચ જેવા હોય છે, ભલે ને ગમે તેટલા મજબૂત હોય એક વાર તડ પડે પછી પહેલા જેવા ક્યારેય ના થાય. આ તડ ના પડે એની તકેદારી રાખવી. કોઈ રિલેશન કેમ મેન્ટેઈન કરવા તેના વિશે ક્યારેય કોઈ ચોક્કસ સ્ટેટમેન્ટ ના આપી શકાય. વેલ, આપણે ઓલમોસ્ટ વીસ મીનિટ થી આ ટોપીક ઉપર ચર્ચા કરી રહ્યા છીએ. વધુ કશું કહેવાનું થતું નથી. કારણ કે તમે બધા રિલેશનશીપ વિશે ખાસ્સો એક્સપિરિયન્સ ધરાવો છો. નાવ' સાગર આવી ગયો છે. તેને સાંભળવો પણ એક લ્હાવો છે. હું તેને કહીશ કે પોતાના મનગમતા સબ્જેક્ટ પર તે કંઈક બોલે. સાગર શેખ મોસ્ટ વેલકમ...." બધાએ ચીયર્સઅપ કરીને સાગરને વધાવી લીધો.

સાગરે માઈક હાથમાં લીધું. "દોસ્ત ગગન મોદીએ ચાલુ કરેલ મૂવમેન્ટના અમુક મુદ્દા દીવાસ્વપ્નો જેવા છે, જેની સાથે હું સહમત નથી. જ્યારે અમુક વિશે તેને અભિનંદન આપીએ એટલા ઓછા છે. પ્રથમ તો આવું પ્લેટફોર્મ ચલાવવું એ જ અઘરું કામ છે. રોજ કંઈક નવું સળગતું હાથમાં લેવાનું. ખબર જ હોય આમાં હાથ દાઝવાના છે. મને ખોટી વાતો કે ચર્ચામાં રસ નથી. પરંતુ એ ચર્ચા ખરેખર અહીંયાં ભેગા થયા એના જેવા દસ લોકો પણ સામેલ હોય તો હું આખી રાત ગળું ફાડવા તૈયાર છું. આ ભાષણોની અસર વાયગ્રા જેવી હોય છે. ઈફેક્ટ હોય ત્યાં સુધી ધમાકેદાર પરફોર્મન્સ આપે પછી અચાનક જીવતું મડદું બની જાય. જો ખરેખર સમાજને સુધારવો હશે તો સહુ પ્રથમ સેક્સ વિશે ખુલ્લીને વાંચતાં-બોલતાં અને લખતાં શીખવું પડશે.

ઘણા કહે છે તમારી વાતો ફરી ફરીને સેક્સ ઉપર આવી જ કેમ અટકી જાય છે. એમને હું એટલું જ કહીશ કે તમને પ્રેમ વિશે વાતો કરવામાં કોઈ શરમ કે સંકોચ નથી અનુભવાતો. તમે શા માટે એને બહુ પવિત્ર માનો છો ? એના વિશે જાહેરમાં વાત થઈ શકે એટલે કે પછી તેના કહેવાતા એક પ્રકાર ઈન્નોસન્ટ લવના નામે જાહેરમાં વેવલાઈનું પ્રદર્શન કરી શકો એ માટે ?

માણસ મૂળભૂત રીતે જ જંગલી કે હિંસક આદિમાનવની સુધરેલી આવૃત્તિ છે, તો નિર્દોષતાના રંગસૂત્રો હાથીના ડી.એન.એ.માંથી આયાત કરવાના કે ગેંડાના ડી.એન.એ.માંથી ? મને તો શા માટે લોકો જેવા નથી એવા બનવાનો ધરાર પ્રયત્ન કરે છે એ સમજાતું નથી. દુનિયામાં દરેક છોકરી સુંદર હોય એટલે જરૂરી નથી તમને એની સાથે પ્રેમ થઈ જ જાય. હું ક્રિષ્નાને પ્રેમના પાઠ ભણાવતી વખતે એ જ કહેતો. તમારા માટે દરેક સુંદર છોકરી મેરેજ મટિરિયલ ના હોય ? અહીંયાં વળી ફેમીનીસ્ટોને મટિરિયલ શબ્દ સામે પણ વાંધો પડશે. જે વ્યક્તિ વિષયને અનુલક્ષીને કહેવાનો ભાવાર્થ ના સમજી શકતો હોય એને વિરોધ કરવાનો કોઈ હક્ક નથી.

સમસ્યા બીજું કાંઈ નહીં આપણો સમાજ કે તેને મારી મચકોડીને બનાવેલી માન્યતાઓ સર્જે છે.તમારે ગર્લફ્રેન્ડ તરીકે બિન્દાસ, મોડર્ન કે નખરાળી નાર જોઈએ. જ્યારે મેરેજ માટે સુશીલ, સંસ્કારી, પતિવ્રતા કે ઘરગથ્થુ ગૃહિણી. વોટ ધ ફક મેન.મારા મતે દુનિયામાં આ સ્ત્રીઓની સહુથી ક્રૂર મજાક છે. પાછી પથારીમાં સપને રંભા કે જંગલી બિલ્લી જેવી વાઈલ્ડ સેક્સમાં સાથ આપી શકે તેવી જોઈએ. પુરુષ સાત જન્મોમાં જેટલા રૂપ ધારણ નથી કરી શકતો એટલા સ્ત્રીઓએ એક દિવસમાં કરવા પડે છે. આ વખતે તેની અંદરનું સ્ત્રીઅત્વ ધીમે ધીમે મૃત્યુ પામતું હોય છે. એ કોઈ નિહાળતું નથી.

પતિ માટે જિંદગીના સપનાંની કુરબાની આપી હોય અને વખાણના બે બોલ આખી જિંદગી સાંભળવા ના મળે ત્યારે 'આ બધું કોના માટે કરું છું...!' વિચારીને અસહજ બનતું સ્ત્રીપાત્ર પાછું ક્યારેય જીવંત નથી થઈ શકતું. સમાજ સ્ત્રીઓના કપડાંની આઝાદી અમુક હદ સુધી પચાવી શકશે. પણ વિચારોની આઝાદી પચાવવામાં પેઢીઓ વીતી જાય છે. જે સ્ત્રીને તમે મા તરીકે પૂજો છો તેને જ માના મંદિરમાં માતા બનવા માટે અનિવાર્ય એવી મન્થલી સાયકલના પિરિયડમાં પ્રવેશ માટે મનાઈ ફરમાવો છો ?

શું અમે કોઈ ભગવાન કે ધર્મસ્થાન તમને વેચી દીધા છે. તમે કોણ એ નક્કી કરવાવાળા તેને દર્શન કરવા કે નહીં ? સાદાઈના દંભ નીચે વાસનાભૂખ્યા વરુઓ સૌથી વધુ ભારતમાં વસે છે. જે સ્ત્રી પ્રેમમાં અને સેક્સમાં ખુલીને વ્યક્ત ના થઈ શકે એનાથી ઘર હાલે, પણ જીવંત ના રહી શકે કારણ કે એને જીવવા માટેનો મૂળભૂત ખોરાક તો તમે છિનવી લો છો. લગ્ન પછી શું એને પતિ કે બાળકો માટે જ જીવવાનું ? લગ્ન પહેલાં પરિવાર કે માતાપિતા માટે જીવવાનું ? તો એના પોતાના માટે ક્યારે જીવવાનું ? આ મુદ્દાઓ પર ચર્ચાનો કોઈ અંત નથી કારણ આ બધું લોલીપોપ જેવું છે. ચૂસો ત્યાં સુધી મોજ કરાવે પણ નવા વિચારો અને વર્તનને અમલ કરવાનો હોય ત્યારે એક સૂરે બધા કહે " મૂકને યાર એ લપ.... જેને જરૂર હશે એ બધું કરશે. આપણે શું ?"'

વોઈશ ઓફ યોર ડેરીંગ થોટ્સ'ના સ્ટૅજ પરથી અંતમાં એક જ વાત કહીશ – જો સમાજ પ્રેમ અને સેક્સને સુખી લગ્નજીવનના મહત્ત્વના આધારસ્તંભ ગણતું હોય તો દરેક બોયસ્ અને ગર્લ્સના બાયોડેટામાં તેના રિલેશનશીપ એક્સપિરિયન્સ અંગેનું સ્ટેટસ હોવું જોઈએ. તે કોની સાથે રિલેશનશીપમાં રહ્યા, કેટલો સમય રહ્યા, સેક્સનો અનુભવ કર્યો કે નહીં, બધું બિન્દાસ્ત લખવું પડશે. સમાજમાં દરેક ફીલ્ડમાં જ્યારે તમે ફ્રેશરની જગ્યાએ અનુભવીને ફર્સ્ટ પ્રાયોરિટી આપો છો ત્યારે લાઈફમાં સૌથી વધુ ઈમ્પોર્ટન્ટ એવા મેરેજ માટે વર્જીન કે પછી રિલેશનશીપમાં ના રહી હોય એવી ગર્લ્સની ડિમાન્ડ શા માટે કરો છો ?

પાર્ટનરે જો કોઈ પણ રિલેશનશીપને સહજતાથી અનુભવી હશે તો એરેન્જ મેરેજ પછી એક જ છત નીચે અજનબીની જેમ રહેવું નહીં પડે. એ સમયમાં એકબીજાના વિચારોને કે એકાંતને સમજવાની તેને સ્પેસ આપવાની થોડીઘણી મેચ્યોરિટી તો આવી જતી હોય છે. રિલેશનશીપનો અનુભવ ખરેખર તો વ્યક્તિનો પ્લસ પોઈન્ટ ગણવો જોઈએ. બધે અનુભવીની જ સલાહ શા માટે લેવાય છે ?

મારી દૃષ્ટિએ તો આ દરેક બાબતો ગંભીર છે. દેશના ગંભીર પ્રશ્નો પ્રત્યે આપણે ગંભીર રોગના દર્દી જેવું ઓરમાયું વર્તન કરીએ છીએ. આ સાજો ના થાય એમ નિઃસાસો નાખી આગળ વધી જઈએ છીએ.ધ્યાનથી સાંભળવા માટે તમારો બધાનો આભાર. માન્યું આજે હું ઘણું અસ્તવ્યસ્ત બોલ્યો પણ મને એ ગમ્યું. ઘણા સમય પછી લાગ્યું હું માણસ છું. અસ્તુ."

બધા પીન ડ્રોપ સાયલન્સ સર્જીને સાગરને સાંભળી રહ્યા હતા. અમુક તેના ભાષણ સમયની નોટ્સ પણ લખી રહ્યા હતા. ત્યાર પછી તો અડધી રાત સુધી વિવિધ વિષયો પર આ રીતનો સંવાદ ચાલ્યો. એક વાત પાક્કે પાયે સમજાઈ ગઈ અહીયા આવનાર કોઈપણ વ્યક્તિ સામાન્ય નહોતો. તે કાં તો જીનિયસ હતો કાં તો સાવ મૂર્ખ. હું ઘણું શીખી રહ્યો હતો.

અહીયા કેમેરો કે મોબાઈલ ફોન લાવવા પર પ્રતિબંધ હતો. અહીંયાં બધા ફક્ત રખડવા, મોજ કરવા નહોતા આવ્યા. દેશને બહેતર બનાવવાના ઝનૂન સાથે ભેગા થયા હતા. છોકરીઓ પણ દરેક ચર્ચામાં બિન્દાસ બની ઓપિનિયન આપતી. તે બધી બિન્દાસ બેબ્સ હતી. આખરે સાત મુદ્દા અલગથી તારવવામાં આવ્યા. તેમાં સુધારા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો. અમુક બાબતો પ્રત્યે જાગૃતિ અભિયાન છેડવાનું નક્કી કરવામાં આવ્યું. બધું કાર્ય તેના અંત તરફ હતું.

રાત્રિના સાડા ત્રણ વાગી રહ્યા હતા. સાગરની આંખો એક જગ્યા પર સ્થિર થઈ. ખિસ્સામાંથી કોઈ પ્રકાશ ઝગારા મારી રહ્યો હતો. તે સચેત થઈ ગયો. તરત મારો હાથ પકડીને દૂર લઈ ગયો. ઝડપથી અમારું બેગ મને દઈને આંગળી ચીંધી ટેકરી પર ચડવાની સલાહ આપી. પોતે ઝડપથી ગગન મોદીની રજા લઈ બુલેટ પાસે ગયો. બુલેટ સ્ટાર્ટ કરી તે ટેકરીઓની ત્રાંસી અને પથરાળ પગદંડીઓમાં આગળ વધી રહ્યો હતો. હું બુલેટનો ફક્ત અવાજ સાંભળી શકતો હતો. તેની લાઈટ ચાલુ નહોતી. એનો બુલેટ પરનો કંટ્રોલ જોઈને લાગ્યું કે તે કોઈપણ સ્થળ અને પરિસ્થિતિ સાથે કામ લેવા માટે ટેવાયેલો હતો.

ચંદ્રની ચાંદનીમાં આખો પ્રોગ્રામ થતો. આ એક પ્રકારની એડવેન્ચર ટૂર કહી શકાય એવી મીટિંગ હતી. આ વેરાન ભૂમિમાં લાઈટ, પાણી અને જમવાની વ્યવસ્થા નહોતી. બધું સાથે લઈને આવવાનું હતું. મધરાત સુધી સિરિયસ ચર્ચાઓ પછી એડવેન્ચર સ્ટોરીની મહેફિલ જામતી. મહેફિલ શરૂ થાય એ પહેલાં સાગરના કહેવાથી અમે સ્થળ છોડી રહ્યા હતાં,

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૩-૦૨-૨૦૨૧, શનિવાર, મહા સુદ-૨, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા**

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- આર્થિક બોજો ઘટતો જોવા મળશે. નોકરીમાં પ્રગતિ, સામાજીક કાર્યોમાં સફળતા, માતાથી લાભ રહે. પ્રવાસ થાય.

» વૃષભ(બ.વ.ઉ.) :- અંગત જીવનમાં પરિવર્તન થાય. લકઝરી ચીજવસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ.

» મિથુન(ક.છ.ઘ.) :- લખાણ-દસ્તાવેજોના કાર્યમાં અનુકુળતા રહે. રાજકીય લાભ. કર્મચારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય.

» કર્ક(ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય ખર્ચ રહેવાનો ઉત્સાહ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું કાર્યભાર ટાળવો.

» સિંહ(મ.ટ.) :- સગા સ્નેહી સાથે પાર્ટીનું આયોજન થાય. નોકરીમાં અનુકુળતા જીવન સાથી સાથે સુમેળ રાખવો. ગુસ્સો ટાળવો.

» કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી કરવાથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રહો. ધાર્મિક કાર્યમાં સફળતા વિદેશથી લાભ.

» તુલા(ર.ત.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભકર્તા રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- નિર્ણયો બાબત સતર્કતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.

» મકર(ખ.જ.) :- માનસિક ટેન્સન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભ દાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.

» કુંભ(ગ.શ.સ.) :- નોરીમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

» મીન(દ.ચ.ઝ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. માતાનો સહકાર રહે. જમીન મકાનના કાર્યો બાબત અનુકુળતા રહે.

# "મોટા સપના જોવા એ નાની આંખોને ન પરવડે..." તે ખોટી વાત છે

એક્ટિવા પર જતી હતી અને ફોનની રિંગ વાગી એટલે સાઈડ પર સ્ટેન્ડ કરીને વાત પતાવી. એ દરમિયાન એક છોકરો 'તડબૂચ લેવા..' તેવું પૂછી ગયો. ચાલુ ફોને હું તેની પાછળ દોરવાઈ. ફોન પત્યો એટલે મેં ભાવ પૂછ્યો. એ છોકરો ઉત્સાહમાં બોલ્યો "૨૦ નો કિલો."

મેં થોડાંક નાના - મોટા તડબૂચ ફંફોસ્યા. એ છોકરો તેને સારા લાગે તેવું તડબૂચ શોધીને મારી પાસે લાવતો હતો. મેં તેના તરફ ધ્યાન ન આપ્યું. હું કોઈ સારા..મીઠા તડબૂચની શોધમાં હતી. તેનાં ભૂરા વાળ એક તરફથી બીજી તરફ બેફિકરાઈથી ઉછાળતો એ કેટલાંય તડબૂચ મને બતાવી ગયો...

" આ હંધાયથી મીઠું સે.." એવું તે દર વખતે બોલતો હતો. પણ મેં તેના તડબૂચને હાથ ન અડાડયું. કદાચ એ સમયે મને તેના કહેવા પર ભરોસો નહોતો. 'કોઈ પણ કામમાં બાળક ગેલમાં આવીને મન પડે તેવા તુક્કા લગાવતું હોય છે માટે તેની વાતને અવગણવી..' તે આપણને બુદ્ધિને છાજે તેવું છે તેવું સમજીએ છીએ. પણ તેનો અભિપ્રાય જરૂર અમલમાં મુકવો જોઈએ તે ઘણી વખત પછીથી ખબર પડે છે. મેં મને સારું લાગ્યું તેવું એક પસન્દ કરીને તેની મમ્મીના હાથમાં સોંપ્યું. તેની માં એ મને એ ન ખરીદવા સલાહ આપી.

"જીગા...લાવ તો એક હારુંથી..." કહ્યું એટલે તરત જ છોકરો એક તડબૂચ આપી ગયો. તેની માં એ છરીથી એક ચીર કાપીને બતાવ્યું. એકદમ લાલ રંગ. તે સ્ત્રીના ચહેરા પર ગર્વ છલકાયો. જીગાએ તેના વાળ ડાબી તરફ ઉછાળ્યા અને મારી તરફ ધસ્યો. મોટેથી હસ્યો. મને ક્ષોભ થયો પણ તે છોકરાંની તડબૂચ પારખવાની કળા પર માન થયું. તેની મા પણ હસી



પડી.

" અમાર જીગાને મોટો ધંધો કરવો સે બેન...."

" એમ... શેનો ધંધો કરવો છે..?"

" મોટી તરબૂચની દુકાન કરવી સે. " તેણે ખુદે જ વાતમાં રસ લીધો. ફરી પાછો વિખાયેલા તડબૂચને ગોઠવવા માંડ્યો. નાનકડાં તંબુમાં જાણે તેનું રજવાડું હોય તેવાં રાજભાવ સાથે.

" તડબૂચની દુકાન જ કેમ...? ભણવું નથી...?"

" અહં....મારે ન્યા આવશે ને ભણેલા લોકો તરબૂચ ખાવા.."

એના પપ્પાને પૈસા આપવા મેં હાથ લંબાવ્યો પણ તેણે જ વચ્ચેથી લઈ ને પેટીમાં મૂકી દીધા. તરત જ વજન મુજબ કિલાના ભાવનો હિસાબ કરીને તેણે વધારાના ૧૦ રૂપિયા મને



જિજ્ઞા પટેલ
"चरैवेति चरैवेति"

પરત આપ્યા. અને ફરી પાછો તરત જ તડબૂચ ગોઠવવા માંડ્યો.

એક નાના તંબુમાં તડબૂચ ગોઠવતાં એ છોકરમાં કેટલો તરવરાટ! કામ કરવાનું કેવું ઉજમ. ક્યાંય ન સમાય તેટલો વજવજાટ. મોટી દુકાન બનાવવા માટે કેટલી મહેનત કરવી પડશે તે સારી રીતે જાણી લીધું હોય તેવા ઈરાદાથી તે તડબૂચને લાઈનબદ્ધ ગોઠવતો હતો. તેને આવો ઉછળકુદ કરતો જોઈને તેના માં-બાપ પણ આંનદમાં હતા. કેટલો સંતોષ છે ચહેરાઓ પર. મેઘાણીની એક વાર્તાના જમકું અને જમન જેવાં જ.

જીવનમાં ક્યારેક ઘણું બધું પાસે હોવું જરૂરી નથી. જેટલું છે તેમાં આંનદ શોધી લેવો તે સૌથી મોટી અમીરાત છે. લોકો આલીશાન મકાનોમાં આંનદ માટે રઘવાયા ફરતા હોય છે. ભૌતિક સુવિધાઓ જીવન સરળ.. સહેલું કરી શકે છે પણ તેથી સુખી જ થઈશું તે પેરામીટર ભૂલ ભરેલું છે. ખુશ રેહવું અને પૈસાદાર હોવું તે બંને વાતો સંલગ્ન નથી. 'પૈસાદાર બનીને ખુશ થશુ'તે તદ્દન મુરખ જેવી વાત છે.

એવી કીટલીય ઘટનાઓ, કિસ્સાઓ આસપાસ બનતા હોય છે. તેને આપણે સાવ તડબૂચના બી ની જેમ ફેંકી દઈએ છીએ. પણ દરઅસલમાં તેમાં બીજા કેટલાંય નવા તડબૂચ મળી શકવાની શકયતા છે. એક નાનો છોકરો આગળ વધવા માટે કેટલો તલપાપડ છે. 'સપનાં જોવા અને તેને સાકાર કરવા' તેવી મહાન ફિલોસોફી તેને કોઈએ શીખવી નથી છતાં તેની આંખો સપના જોવા ટેવાયેલી છે.

કોઈકની ફિલોસોફી પર તાળીઓ પાડવાની મજા આવે, પણ પોતાના જીવનને અનુકૂળ હોય તેવું ખરું તત્વજ્ઞાન તો તમને કોઈ એવી વેળાએ લાધે છે જ્યારે તમારા હાથ ખરડાયેલા હોય...તાળી પાડવા સક્ષમ ન હોય. તમે અન્યના પ્રભાવમાં નહીં પણ ખુદનો સાક્ષાત્કાર કરી ચુક્યા હોવ. હજારોની ભીડમાં તમે ખુદને પામી શકો.

(તમારા અભિપ્રાયો pateljigna1190@gmail.com પર મોકલી શકો છો.)

# તૃપ્તિ ક્યારે રાખવી ?

જરૂરિયાત કરતાં વધારે મેળવવું એ પણ ઘણીવખત દુઃખનું કારણ બની જતું હોય છે. એક પછી બીજું બીજા પછી ત્રીજું આવી સતત ઈચ્છા આપણી ખુશીઓને બેલેન્સ કરી શકતી નથી. ઉલટું વધારે મેળવ્યા પછી કોને સાચવવું ને કોને નહિ આવી દ્વિધા પણ થાય છે. આવા સમયે દુઃખનું સૌથી મોટું કારણ આપણી વધુ પડતી ઈચ્છાઓ જ હોય છે.

આવા પડકારોને આવતા પહેલા જ રોકવા માટે તૃપ્તિ એટલે કે સંતોષ રાખવો જરૂરી છે. તૃપ્તિ એટલે શું ? તૃપ્તિ ક્યારે રાખવીઃ- જ્યારે કામચલાઉ જરૂરિયાત પૂરી થઈ જાય ત્યારે તૃપ્તિ રાખવી.

વધારે મેળવવાની લાલસામાં આપણે ક્વોલિટી જાળવવાનું ચૂકી જઈએ છીએ, જેને લીધે ફોકસ માત્ર ભેગુ કરવા પર જ થાય છે. સારી રીતે,સાચી રીતે અને નૈતિકતાની દૃષ્ટિ તો સૌની નજરમાં આવતી જ નથી. આમ ભાગદોડમાં બસ ભેગુ કરવું જ લક્ષ્ય બની જાય ત્યારે વસ્તુ કેવી છે એનું મૂલ્ય નથી રહેતું પરંતુ મૂલ્ય હોય છે કેટલી છે તેનું. આવા લોકો વધારે મેળવવા ઈચ્છે છે પછી એવું પણ બની શકે કે વધારે મેળવેલું કદાચ ગુણવત્તાસભર ન પણ હોય ! અને આ બધી ભાગદોડમાં માણસને જિંદગી જીવવાનું અને જીવન સાથે જોડાયેલા બીજા ઘણા આનંદને માણવાનું રહી જ જાય છે ને છેવટે વધારે મેળવેલું કંઈ કામ આવતું હોતું નથી.

આપણી ભાગદોડ પણ હંમેશા વધુ ને વધુ મેળવવા માટે જ હોય છે પૈસા,ખુશી,મિલકત, સબંધ, અને બીજું ઘણું બધું જે વ્યક્તિદીઠ જૂદું જૂદું હોય છે આવું બધું જ આપણને હજી વધારે જોઈએ છે આ વાતથી તદ્દન વિરોધાભાસી મત એવો પણ છે કે જો સંતુષ્ટિ રાખવામાં આવે અને વધુ મેળવવાની અભિલાષા અટકાવવામાં આવે તો વિકાસ અટકી જાય અને આપણે વધુ પ્રગતિ કરી શકીએ નહિ એટલે જ સવાલ થાય કે અટકવું જરૂરી છે જે કંઈ મેળવ્યું



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

છે એમાં ક્યારેક તો સંતોષ દાખવવો સો ટકા જરૂરી છે પણ ક્યારે ? બંને મતનું બેલેન્સ કરીએ તો ઉકેલ એવો મળે કે જ્યારે આપણે એવી સ્થિતિએ પહોંચી જઈએ કે આપણને બે ટંક ખાવાના ફાંફા ન પડે અને તેમ છતાંય જીવનોપયોગી એ બધું જ જે આપણા જીવનને ટકાવી રાખવામાં ઉપયોગી છે તે સરળતાથી પ્રાપ્ત થઈ શકે ત્યારે સંતોષ રાખવો જોઈએ અને તે એક અંશે માનવીની અનિવાર્ય જરુરીયાત પણ છે. ત્યાં સુધી જે કંઈ ભેગુ કરીએ છે તે સાચી રીતે, કોઈને દુઃખી કર્યા વગર અને નીતિથી મેળવેલું હશે તો ચોક્કસ એ સંતોષ માત્ર સંતોષ જ નહિ પણ અદ્ભુત ખુશી પણ આપશે જ.

એવું કહેવાય છે કે સમયે સમયે યોગ્ય કામ કરી જ લેવું જોઈએ નહિતર પછી પસ્તાવવાનો વારો આવે, ઘણી વખત એક સીમારેખા સુધી પહોંચ્યા પછી પણ જો સંતોષ રાખીને ન જીવીએ તો પરિણામ એવું પણ આવતું હોય છે કે જેને મેળવવા આપણે આટલા ઉધામા કરતા હોય તે વ્યક્તિ કે વસ્તુ મેળવવાનો તથા તકોઈ ઈચ્છા પૂર્ણ કરવાનો અવસર જ ન મળે. આપણે લોકો પૈસા કમાવવા પાછળ એટલી દોટ મૂકીએ કે જ્યારે એટલા પૈસા આવી જાય કે એ પૈસાથી વર્લ્ડ ટૂર કરી શકાય ને મનવાંછિત કોઈપણ ઈચ્છા પૂર્ણ કરી શકાય તેવા સંજોગો સ્પષ્ટ હોય પરંતુ વર્લ્ડ ટુર કે બીજી કોઈ ઈચ્છા પૂરી કરવા આપણું શરીર, મન ને સબંધો જ રહ્યા ન હોય તો આખી જિંદગી કમાવવા માટે કરેલી દોડ તદ્દન નિરર્થક સાબિત થાય વળી પૈસાથી બધું તો મેળવી શકાતું નથી જ, આ વાતને સનાતન સત્ય રૂપે સ્વીકારવી રહી. પૈસા પાછળ પણ એટલી જ દોટ મૂકવી જેટલી જરૂરિયાત હોય.

અષ્ટાંગ યોગનું બીજું સોપાન એટલે નિયમ. તેનો બીજો નિયમ એટલે સંતોષ તે મુજબ સંતોષ સુખનું મૂળ છે અને ઈચ્છા દુઃખનું, સંતોષ પ્રસન્નતાને ટકાવી રાખવાની ચાવી છે.

સાદું જીવન અને ઉચ્ચ વિચાર જીવનશૈલીને સંતોષપૂર્ણ બનાવે છે.

# જ્વેલર્સની દુકાનમાથે ૫૩ લાખનાં ઘરેણાં ચોરી ફરાર થયેલા કર્મચારીની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૨

ભાંડુપ વિસ્તારમાં જ્વેલર્સની દુકાનમાંથી રૂ. ૫૩ લાખ.૮૦ હજારની કિમતના દાગીના-હીરાની ચોરીનો કેસ પોલીસે ૨૪ કલાકમાં ઉકેલી કાઢીને દુકાનના કર્મચારીની ધરપકડ કરી હતી. થાણાના નૌપાડાથી પકડાયેલા કર્મચારીની ઓળખ બિપિનભાઈ મકવાણા (૫૫) તરીકે થઈ હોઈ તેની પાસેથી તમામ દાગીના હસ્તગત કરાયા હતા. ભાંડુપ પશ્ચિમમાં રહેતા અંકિત કોઠારીની લેક રોડ પર શરદ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે આવેલી દુકાનમાં બિપિનભાઈ મકવાણા છેલ્લાં બે વર્ષથી કામ કરતો હતો. ૮ ફેબ્રુઆરીએ સવારે નવ વાગ્યે બિપિનભાઈ દુકાનમાં આવ્યો હતો અને ૫૩ લાખ ૮૦ હજારની કિમતના દાગીના ચોરીને રફુચક્કર થઈ ગયો હતો. આની જાણ ઝવેરીને થતાં ભાંડુપ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ગુનામાં સંડોવાયેલા આરોપીને પકડવા માટે ત્રણ ટીમ તૈયાર કરી હતી. દરમિયાન આરોપી અમદાવાદના બાપુનગરમાં હોવાની માહિતી મળ્યા બાદ



ટીમને ત્યાં રવાના કરાઈ હતી, પણ આરોપી મળી આવ્યો નહોતો. આખરે આરોપી થાણેના નૌપાડા વિસ્તારમાં વનવિભાગના કાર્યાલય નજીક છુપાઈને બેઠો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે રવાના થઈ હતી અને છટકું ગોઠવીને આરોપીને પકડી પાડ્યો હતો.

# યુનિવર્સિટીની બનાવટી માર્કશીટ અને સર્ટિફિકેટના કૌભાંડનો પર્દાફાશ

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૨

મુંબૈ ક્રાઈમ બ્રાન્ચે વિવિધ યુનિવર્સિટીની બનાવટી માર્કશીટ-સર્ટિફિકેટ તેમ જ કંપનીઓનાં વર્ક એક્સપિરિયન્સ સર્ટિફિકેટ બનાવી આપનારા શખસને ચેમ્બુરથી પકડી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના સિનિયર ઈન્સ્પેક્ટર રાજુ કસબેની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ અબ્દુલ સત્તાર કાસીમ અલી શેખ (૪૨) તરીકે થઈ હતી. આ પ્રકરણે આર. સી. એફ. પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ચેમ્બુરના વાશી નાકા ખાતેના ફારુક ગલીમાં એક શખસ વિવિધ સરકારી કચેરીનાં નકલી સર્ટિફિકેટ, યુનિવર્સિટીની માર્કશીટ-સર્ટિફિકેટ સાથે વિવિધ કંપનીઓનાં વર્ક એક્સપિરિયન્સ સર્ટિફિકેટ બનાવી આપતો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ બુધવારે સંબંધિત સ્થળે રેઈડ પાડી હતી. ઘટનાસ્થળેથી બોગસ માર્કશીટ અને સર્ટિફિકેટ્સ મળી આવ્યાં હતાં. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે માત્ર આઠમું ધોરણ પાસ કરનારો આરોપી એકાદ બે વર્ષથી આ રીતે બોગસ સર્ટિફિકેટ બનાવી આપતો હતો. આ માટે પાંચ હજારથી પંદર હજાર રૂપિયા તે ઇચ્છુક વ્યક્તિ પાસેથી વસૂલતો હતો. અત્યાર સુધીમાં તેણે લગભગ ૪૦૦ જેટલી વ્યક્તિને માર્કશીટ અને સર્ટિફિકેટ બનાવી આપ્યાં હોવાનું કહેવાય છે. આ પ્રકરણે વધુ તપાસ આર. સી. એફ. પોલીસ કરી રહી છે.

# વસઈમાં ઘરમા લોબાનના ધૂપે ઘર બળીને ખાક થઈ ગયું

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨



ઘરના મંદિરમાં સવારે અને સાંજે દીવો પ્રગટાવવામાં આવે છે. કેટલીકવાર તે ઘરમાં ધૂપ પણ પેટાવવામા આવે છે. જો તે સમયે આપણે તેની સંભાળ નહીં રાખીએ તો તે મોટું સંકટ પેદા કરી શકે છે. ઘરમા લોબાનનો ધૂપ સળગાવ્યા બાદ આખું ઘર વસઈમાં બળીને ખાક થઈ ગયું હતુ. ગુરુવારે (૧૧ ફેબ્રુઆરી) સાંજે વસઈના એવરશાઈન સિટી વિસ્તારમાં સ્ટાર રેસીડેન્સીના સાતમા માળે રહેતા હુસેનના ઘરે આ ઘટના બની હતી. આગથી તેમનું મકાન સંપૂર્ણ રીતે નાશ પામ્યું. સદ્ભાગ્યે, તેના પરિવારમાં કોઈને ઈજા પહોંચી ન હતી.પરંતુ ઘરના પાળેલ પોપટ ધુમાડાને લઈ મરી ગયો હતો. ઘનીવાલા પરિવાર તેમના ઘરના દરરોજ લોબાનનો ધૂપ પ્રગટાવતો હતો. પરંતુ ગુરુવારે સાંજે એ જ ઓરડામાં ધૂપને લઈને ધીરે ધીરે ઓરડાની સામગ્રી બળીને ખાક થઈ ગઈ. તે પછી આખા ઘરમાં આગ ફેલાઈ ગઈ હતી. વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગ્રેડનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બે કલાકની મહેનત બાદ આગને કાબૂમાં લીધી હતી. ઘાનીવાલાનું ઘર ડુપ્લેક્સ હતું. ઘરમાં વૃદ્ધ લોકો તેમજ બિલાડીઓ હતા. આગની જાણ થતાં પડોશીઓએ પરિવારના સભ્યો તેમજ પ્રાણીઓને પણ બહાર કાઢ્યા. પરંતુ પાંજરામાં રહેલો પોપટ ધુમાડોથી ગૂંગળાયો અને તેનું મોત નીપજ્યું. સ્થાનિક રહીવાશીઓનીએ પ્રાથમિક માહિતી હતી કે ધૂપ દ્વારા ઘરમા આગ લાગી હતી. જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી, તેમ છતાં ઘરમા મોટું નુકસાન થયું છે. ઘનીવાલાએ તાજેતરમાં જ ઘરમા રીનોવેશન કરાવ્યું હતું. પરંતુ આગ લાગતા બધુ બરબાદ થઈ ગયુ છે.

# વીસ લાખ રૂપિયા બેંકમાંથી ચોરી કરવા બદલ ડેટા એન્ટ્રી ઓપરેટર પકડાયો



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

મુંબઈની એક બેંકમાંથી ૨૦ લાખ રૂપિયાની ચોરી કરવાના આરોપમાં પોલીસે ડેટા એન્ટ્રી ઓપરેટરની ધરપકડ કરી છે. રાષ્ટ્રીયકૃતની વિલે પાર્લે શાખામાં કામ કરનાર આરોપીની ઓળખ બિરેન ભૂપેન્દ્ર વખારિયા તરીકે થઈ હતી. રાષ્ટ્રીયકૃતની વિલે પાર્લે શાખાના બ્રાંચ મેનેજરની ખાનામાંથી ૨૦ લાખ રૂપિયા ગાયબ થયા બાદ ચોરીનો ખુલાસો થયો હતો. બાદમાં જ્યારે પોલીસે સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા ત્યારે જાણવા મળ્યું કે ચોરીના સમયની રેકોર્ડિંગ કાઢી નાખી હતી. જો કે, જ્યારે ફૂટેજ ફરીથી મેળવવામાં આવ્યું, ત્યારે બિરેન દોષી સાબિત થયો અને તેની ધરપકડ કરવામાં આવી. પોલીસ દ્વારા ૯ લાખ રૂપિયા કબજે કરવામાં આવ્યા છે. અને આગળની તપાસ ચાલુ છે.

# બ્રિટિશ રેસિડન્સ પરમિટ સાથે પકડાયેલા ગુજરાતના રહેવાસીને વિઝા ફ્રોડ બદલ એક વર્ષની કેદ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૨

ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બ્રિટિશ રેસિડન્સ પરમિટ સાથે પકડાયેલા ગુજરાતના રહેવાસીને અંધેરી કોર્ટના મેજિસ્ટ્રેટ હાલમાં એક વર્ષની કેદ ફટકારી હતી. કોર્ટે નોંધ્યું હતું કે આવા ગુનાને કારણે દેશની છબિ ખરાબ થાય છે અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને વિઝાની સમસ્યા નિર્માણ થાય છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (અંધેરી કોર્ટ) આર.આર. ખાને ૮ ફેબ્રુઆરીએ ગુજરાતના રહેવાસી હાર્દિક પટેલને આઈપીસીની કલમ ૪૭૧,૪૨૦ હેઠળ દોષી ઠેરવ્યો હતો. આપેલા આદેશમાં મેજિસ્ટ્રેટે નોંધ્યું હતું કે આ ઘટના ભારત અને યુનાઈટેડ કિંગડમ એમ બે દેશની ઈમિગ્રેશન સત્તાને ફસાવવા બાબતે આ ગંભીર છે.કોર્ટે નોંધ્યું હતું. ૨૦૧૦માં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પટેલના પાસપોર્ટની ચકાસણી કરતી વખતે ઈમિગ્રેશન ઓફિસરને બ્રિટિશ રેસિડન્સ પરમિટ અંગે અમુક શંકા ગઈ હતી. પટેલ લંડનથી આવ્યો હતો.વધુ તપાસમાં જણાયું હતું કે સ્ટુડન્ટ વિઝા પર પટેલ ૨૦૦૭માં યુકે ગયો હતો, જેના થકી તેને સપ્તાહમાં ૨૦ કલાક કામ કરવાની મંજૂરી મળી હતી. જોકે ૨૦૦૮માં તેનો સ્ટુડન્ટ વિઝા સમાપ્ત થયો હતો અને તેણે અરજી કરીને એપ્રિલ, ૨૦૦૮થી ડિસેમ્બર,૨૦૦૯ સુધીની બ્રિટિશ રેસિડન્સ પરમિટ મેળવી હતી. યુકેમાં વધુ સમય કામ કરવા મળે એ માટે પટેલે તેજેન્દરપાલ સિંહ પરમારની મદદથી સોલિસિટરને ત્રણ હજાર બ્રિટિશ પાઉન્ડ ચૂકવીને ડિસેમ્બર,૨૦૦૯થી નવેમ્બર, ૨૦૧૨ સુધીની બીજી બ્રિટિશ રેસિડન્સ પરમિટ મેળવી હતી. તપાસકર્તા અધિકારીએ કોર્ટને જણાવ્યું હતું કે વેરિફિકેશન માટે બ્રિટિશ હાઈ કમિશનનો સંપર્ક સાધવામાં આવ્યો હતો ત્યારે એવું જાણવા મળ્યું હતું કે આરોપીએ જે રેસિડન્સ પરમિટ (ડિસેમ્બર,૨૦૦૯થી નવેમ્બર, ૨૦૧૨ સુધીનો ઉપયોગ કર્યો હતો તે બોગસ છે.

# એનસીબીએ કલ્યાણથી મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુવકની ધરપકડ કરી

## આરોપીની બે વર્ષ પહેલા હત્યાના પ્રયાસના કેસમા ધરપકડ થઈ હતી

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૨

નાર્કોટિક્સ કધટ્રોલ બ્યૂરો (એનસીબી)એ કલ્યાણ તાલુકામાં કાર્યવાહી કરીને મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુવકની ધરપકડ કરી હતી. એનસીબીના ઝોનલ યુનિટે મળેલી માહિતીને આધારે મંગળવારે સાંજે શિળ-કલ્યાણ રોડ પર કારને આંતરી હતી અને વસી અહમદ અન્સારી ઉર્ફે છોટુને તાબામાં લીધો હતો. વસીની તલાશી લેવામાં આવતાં ૫૫ ગ્રામ મેફેડ્રોન (એમડી) મળી આવ્યું હતું, જ્યારે અન્સારીના કલ્યાણના ડાયઘર ખાતે આવેલા નિવાસેથી પણ ૩૫૭ ગ્રામ ડ્રગ્સ જપ્ત કરાયું હતું. અન્સારીની બે વર્ષ અગાઉ ભાયખલા અને ભિવંડી પોલીસે હત્યાનો પ્રયાસ અને હુમલાના કેસમાં ધરપકડ કરી હતી, એવું તપાસમાં જણાયું હતું.

# આરપીએફ ટીમે ભિવંડી ખાતેથી ઈ-ટિકિટ રેકેટમા દલાલને પકડ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૨

ભિવંડીમા ગેરકાયદેસર રીતે ૧૧ વ્યક્તિગત આઈડી વડ રેલ્વે આરક્ષણની ઈ-ટિકિટ વેચનાર બે દલાલની આરપીએફ દ્વારા અટક કરવામા આવી છે. આરપીએફ ટીમે પ્રશાંત ચૌધરીની અધ્યક્ષતામાં, સબ ઈન્સ્પેક્ટર અનવર શાહ, સહાયક સબ-ઈન્સ્પેક્ટર, વિનોદ રાઠોડ, હેડ કોન્સ્ટેબલ અને નીલકંઠ ગોર, કોન્સ્ટેબલની ટીમ દ્વારા ગેરકાયદે ઈ-ટિકીટ રિઝવેશન કરાવી વેચનારા દલાલો વિરુધ્ધ કારવાહી કરવામા આવી છે. ભિવંડીથી બે દલાલોને પકડીને તેઓ પાસેથી ૧૧ વ્યક્તિગત આઈડી, ૨૦ ચાલુ ટિકીટ, તેમજ ૩૭ મુસાફરી કરેલ ટિકીટો મળી ૭૧,૨૮૭ સાથે એક સીપીયુ, મોનિટર, એક મોબાઈલ, ૩ લેપટોપ જપ્ત કરવામા આવ્યા છે.

# કાંજૂરમાર્ગ મેટ્રો શેડથી રાજ્યને ૧,૫૮૦ કરોડની બચત થશે કમિટીનો અભિપ્રાય

## કાંજૂરમાર્ગ કાર શેડ ત્રણ મેટ્રો લાઇન માટે એકીકૃત ડેપો બનાવી શકાય

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

મેટ્રો-૩ કાર શેડના મુદ્દે નિમવામાં આવેલી કમિટીએ જણાવ્યું છે કે કાંજૂરમાર્ગ ખાતે કાર શેડ બાંધવાથી જમીન અને બાંધકામની કિંમતમાં રાજ્યને રૂ. ૧,૫૮૦ કરોડની બચત થશે. કમિટીએ વધુમાં જણાવ્યું છે કે આરે કાર શેડમાં ફક્ત ૩૦ રેક જ સમાવી શકાશે, જ્યારે કાંજૂરમાર્ગ કાર શેડ ૫૫ રેક સમાવી શકાશે. મેટ્રો કાર શેડ-૩ના મુદ્દે નવી નિમવામાં આવેલી કમિટીએ અભિપ્રાય આપતા જણાવ્યું છે કે કાંજૂરમાર્ગ કાર શેડ ત્રણ મેટ્રો લાઈન માટે એકીકૃત ડેપો બનાવી શકાય એટલો મોટો છે. એની સામે આરે કાર શેડની ક્ષમતા ૨૦૩૧ સુધીમાં ખતમ થઈ જશે, પછી ક્ષમતાની ગંભીર અછત સર્જાશે. એ સમયે ડેપોને વિસ્તૃત કરવા માટે વધુ ૧,૦૮૯ વૃક્ષોનું નિકંદન કાઢવું પડશે. કેન્દ્ર સરકારે કાંજૂર માર્ગની જમીન પર પોતાનો દાવો કર્યો હોવાથી આ જગ્યાએ બાંધકામ પર કોર્ટે સ્ટે આપ્યો છે. પેનલનું કહેવું છે કે કાંજૂર માર્ગમાં કાર શેડનું સ્થળાંતર કરવાથી જંગલ બચાવવામાં મદદ મળશે અને પર્યાવરણ પર સકારાત્મક અસર પડશે. કાંજૂરમાર્ગ પ્લોટ રહેણાંક, વ્યવસાયિક અને અન્ય બાંધકામોથી મુક્ત છે, તેથી પુનર્વસનનો કોક્ષઈ પ્રશ્ર્ન નહીં આવે.

# ભાંડુપ સર્કલમાં ૨૮,૦૦૦ ગ્રાહકોનો વીજળી જોડાણ કાપવામાં આવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

એક તરફ વીજળીના વધતા બીલોને કારણે સામાન્ય માણસ લોન લેવા તૈયાર છે, તો બીજી તરફએમએસઈડીસીએલ(મહાવિતરણ) દ્વારા ગ્રાહકો પાસેથી બળજબરીથી વીજ બીલો વસૂલવાનું શરૂ કરાયું છે. એકલા ભાંડુપ સર્કલ વિસ્તારમાં, એમએસઈડીસીએલ દ્વારા ૨૮,૦૦૦ થી વધુ ગ્રાહકોનું જોડાણ કાપી નાખ્યુ છે. તેથી વીજળીનું બિલ જલ્દીથી ચૂકવો, નહીં તો તમારું કનેક્શન ડિસ્કનેક્ટ થઈ જશે આનું એક ઉદાહરણ છે, મહારાષ્ટ્રમાં લાખો ગ્રાહકો છે જેમને લાઈટના બિલ આપવામા આવ્યા છે અને હવે તેમની પાસેથી વીજળીનું બિલ વસૂલ કરવા માટે સખ્ત કારવાહી કરી પગલા લેઆનું કામ ચાલુ કરવામા આવ્યુ છે.. છેલ્લા એક વર્ષથી કોરોના ચેપ સામે લડતા સામાન્ય ગરીબ લોકોને એમએસઈડીસીએલે મોટો આંચકો આપ્યો છે. તે પછી વિરોધકારો દ્વારા વધુ ખોટા આશ્વાસનો અપાયા હતા પરંતુ એમએસઈડીસીએલે પીછેહઠ કરી નથી.. શનિવારથી એકલા એમએસઈડીસીએલના ભાંડુપ સર્કલમાંથી ૨૮૦૦૦ જેટલા ગ્રાહકોનું જોડાણ કાપવામા આવ્યુ છે. ભાંડુપ સર્કલ પાસે મુંબઈમાં ભાંડુપ, મુલુંડ, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન, નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, પનવેલ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાયગડં ડિસ્ટ્રિક્ટ જેવા વિશાળ વિસ્તાર છે. ૫ લાખ ૬૯ હજાર ૨૧૫ ગ્રાહકોમાંથી, ૪૪૯ કરોડ ૨૯ લાખ રૂપિયા વીજળીના બિલના સ્વરૂપમાં બાકી છે. શનિવારથી એમએસઈડીસીએલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી બાદ ૩૩ હજાર ગ્રાહકોએ .૩૧ કરોડના ૬૯ લાખ બાકી ચૂકવ્યા છે. શનિવારે કાર્યવાહી શરૂ થયા બાદથી ૨૮,૮૬૪ ગ્રાહકોના જોડાણ કાપવામા આવ્યા છે, જેના કારણે તેમને ૨૩ કરોડ ૯૬ લાખ રૂપિયા બાકી છે. એક લાખ ૬૩ હજાર ગ્રાહકો એવા છે કે જેમણે છેલ્લા એક વર્ષમાં એકવાર તેમના વીજળીના બિલ ચૂકવ્યાં નથી, જેમાં બાકી રહેલા ૧૭૫ કરોડ રૂપિયા બાકી છે.

# નાંદેડમા વ્યસનથી કંટાળીને માતા અને પુત્રએ કરાવી પિતાની હત્યા : દોઢ વર્ષ બાદ આરોપીઓની ધરપકડ

## ઓટોપ્સીના અહેવાલ મુજબ કુહાડીના શરીર પર ૧૪ છરીના ઘા હતા

ચક્રવાત તીમ, મુંબઈ તા.૧૨

નાંદેડમા દોઢ વર્ષ બાદ એક ખુલાસો થયો છે કે એક વ્યસની પિતાથી કંટાળી પુત્રએ તેની માતાની મદદથી પિતાની હત્યા કરાવી હોવાનું દોઢ વર્ષ બાદ ઘટના બહાર આવી છે. ૧૪ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ શરદ કુરહાડેનો મૃતદેહ નંદેડ શહેરના સરપંચ નગર વિસ્તારમાં તેમના નિવાસ સ્થાનેથી મળ્યો હતો. પત્નીએ નોંધાવેલી ફરિયાદ મુજબ કુરહાડેએ આત્મહત્યા કર્યાની ઘટના નાંદેડમા આવેલ ભાગ્યનગર પોલીસ સ્ટેશનમાં નોંધ કરવામા આવી હતી. પોસ્ટમોર્ટમ બાદ વધારે તપાસ માટે રિપોર્ટ લેબોરેટરીમા મોકલવામા આવ્યો હતો. દરમિયાન પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ આ ઘટનાની સઘન તપાસના આદેશ આપવામા આવ્યો હતો. શબપરીક્ષણના અહેવાલમાં કુરહાડેના શરીર પર ૧૪ ધારદાર હથિયાર વડે વાર કર્યાના નિશાન મળી આવ્યા હતા. આથી પોલીસની શંકા જાગી અને તેઓએ શકમંદોને તાબામા લીધા બાદ તપાસ શરૂ કરી. હતી. તપાસમા શરદ કુરહાડેની નકલી આત્મહત્યાનો ખુલાસો થયો હતો. શરદ કુરહાડે દારૂના નશામા ઘરે ગયો હતો. નશમા તેણે પત્ની અને બાળકને માર માર્યો હતો. તેણે દારૂ માટે પૈસા મેળવવા મકાન વેચવાનો પ્રયત્ન પણ કર્યો હતો. તો તેની પત્ની અશ્વિની કુરહાડે અને તેમના સગીર પુત્રએ હત્યા બદલ એક લાખ રૂપિયાની સોપારી આપી હતી..જે બાળકો સોપારી લીધી હતા તે પીડિત પુત્રના સગીર મિત્રો હતા. પોલીસે તેની પત્ની અશ્વિની કુરહાડે અને તેના સગીર બાળકો સહિત કુલ છ લોકોની ધરપકડ કરી છે.

# કોરોના ટેસ્ટીંગ માટે રાજ્યભરમાં મોબાઈલ લેબોરેટરી : ૨૪ કલાકની અંદર રિપોર્ટ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૨

મામુલી પોષાય તેવા દરે સામાન્ય લોકોને કોરોના પરીક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે ટૂંક સમયમાં રાજ્યભરમાં મોબાઈલ લેબોરેટરી શરૂ કરવામાં આવશે. આ પહેલના ભાગરૂપે, મુખ્ય પ્રધાને ગુરુવારે મુંબઈમાં સ્પાઈસ હેલ્થની ત્રણ મોબાઈલ કોવિડ ટેસ્ટ લેબોરેટરીનું ઉદઘાટન કર્યું હતું. આ ત્રણ મોબાઈલ લેબોરેટરીઓ દ્વારા મુંબઈમાં દરરોજ ૩,૦૦૦ કરોના ટેસ્ટ કરાવી શકાશે.. આ ટેસ્ટ ફક્ત ૪૯૯ રૂપિયામાં થઈ શકે છે અને રિપોર્ટ ૨૪ કલાકમાં મળી જશે. મુખ્ય પ્રધાને ગુરુવારે સ્પાઈસ હેલ્થની ત્રણ મોબાઈલ કોરોના પરીક્ષણ લેબોરેટરીઓનું ઉદઘાટન કર્યું, જેને ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) અને રાષ્ટ્રીય પરીક્ષણ અને સંશોધન સંસ્થા (એનએબીએલ) દ્વારા માન્યતા પ્રાપ્ત છે. આ પ્રસંગે પર્યટન પ્રધાન આદિત્ય ઠાકરે, સ્પાઈસ જેટના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર અજયસિંહ, મુખ્ય પ્રધાનના અધિક મુખ્ય સચિવ આશિષકુમાર સિંહ, મ્યુનિસિપલ કમિશનર ઈકબાલસિંહ ચહલ અને સ્પાઈસ હેલ્થના ઝુબેર ખાન ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ મોબાઈલ પરીક્ષણ લેબોરેટરી ગોરેગાંવ, બાંદ્રા-કુર્લા સંકુલ અને એનઆઈસી ડોમ, કોરોના સેન્ટર, વરલી ખાતે ઉપલબ્ધ્ધ કરવામાં આવી છે. દમુખ્યમંત્રીએ જાહેરાત કરી છે કે ટૂંક સમયમાં રાજ્યભરમાં આવી પ્રયોગશાળાઓ શરૂ કરવામાં આવશે. ગયા વર્ષે જ્યારે કોરોના ફાટી નીકળવાની શરૂઆત થઈ, ત્યારે પુણે અને મુંબઈમાં કસ્તુરબામાં માત્ર બે કોરોના પરીક્ષણ લેબોરેટરી હતી. સરકારે થોડા જ દિવસોમાં આ સંખ્યા વધારીને ૫૦૦ કરી દીધી. 'મારો પરિવાર મારી જવાબદારી' અભિયાન હેઠળ કોરોનાબાધિત દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા હતા. શકમંદોની શોધખોળ કરતી વખતે શકમંદોનો પણ પત્તો લેવામાં આવ્યો હતો. જોકે હવે કોરોનાવાયરસ માટે રસીઓ ઉપલબ્ધ છે, વિવિધ દેશોમાં વાયરસના નવા રૂપ જોવા મળી રહ્યા છે. સંશોધન પણ ચાલી રહ્યું છે. તેથી, સરકારની પ્રાથમિકતા કોરોના દર્દીઓની શોધ અને સારવાર કરવાનું છે. આવા જરૂરી સમયમાં, સ્પાઈસ હેલ્થ આગળ આવી અને પોષાય તેવા દરે કોરોનાનું ટેસ્ટ કરવાની સુવિધા આપી. પરીક્ષણ અહેવાલ ટૂંક સમયમાં મળશે. તેથી, સામાન્ય માણસને આનો લાભ ચોક્કસપણે મળશે, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

# સિમેન્ટ અને સ્ટીલના ભાવ વધારા સામે બિલ્ડરોની એક દિવસની હડતાલ અને ધરણાને અદભુત પ્રતિસાદ

ચક્રવાત તીમ, મુંબઈ તા.૧૨

બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા અને અન્ય બિલ્ડર્સ એસોસિએશનો દ્વારા આજ (૧૨ ફેબ્રુઆરી) ના રોજ દેશવ્યાપી એક દિવસની હડતાલ પર ઉતરી ધરણાનું અયોજન કરવામા આવતા હડતાળને મુંબઈમાં અદભુત પ્રતિસાદ મળ્યો છે.જેથી સરકાર સિમેન્ટ અને સ્ટીલની વધતા ભાવોને કાબૂમાં કરવા માટે સિમેન્ટ અને સ્ટીલ કંપનીઓ પર નિયમનકારી અધિકારીની નિમણૂક કરવાની માગણી કરવામા આવી છે. છેલ્લા ત્રણ મહિનામાં બાંધકામ સ્ટીલ અને સિમેન્ટના ભાવમાં આશરે ૪૦ થી ૫૦ ટકાનો વધારો થયો છે, જ્યારે બાંધકામ દરમાં ૩૦-૪૦ ટકાનો વધારો થયો હોવાથી સામાન્ય લોકોને પરવડે નહિ તેવી પરિસ્થિતી નિર્માણ થઈ છે.છે. સરકારી કામો અને




ઈન્ફ્રાસ્ટકચરના કામોને ભારે ફટકો ૫ ડેલ છે. આ બાબતોની માંગ અને વિરોધ કરવા માટે નાસિક જિલ્લામાં તેમજ અન્ય ઠેકાણે બાંધકામો બંધ કરવામા આવ્યા છે,. તેમજ બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના (બીએઆઈ) નેતૃત્વ હેઠળ સત્તાધારીઓનું ધ્યાન દોરવા માટે રાષ્ટ્રવ્યાપી ધરણાં અને એક દિવસની હડતાળનું આયોજન કર્યું હતું. મુંબઈ, થાણે, નવી મુંબઈ, કલ્યાણ- ડોંબિવલી, વસઈ- વિરાર સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ની બાંધકામ કંપનીઓ, બિલ્ડરો, કોન્ટ્રાક્ટરો સહિત બધા હિસ્સાધારકોએ આ હડતાળ અને વિરોધમાં ભાગ લીધો હતો. તેમણે સિમેન્ટ અને સ્ટીલ ઉદ્યોગ દ્વારા અપનાવવામાં આવતા અને આખરે જેને લીધે આમઆદમીને અસર થાય છે તે તેમના અનૈતિક વ્યવહારો અને દૂષણને રોકવા માટે નિયામક પ્રશાસન તુરંત નિયુક્ત કરવાની માગણી કરી હતી. સિવિલ કન્સ્ટ્રકશન ઉદ્યોગ અન્ય બધા ઉદ્યોગોનો માતૃ ઉદ્યોગ હોવા છતાં સિમેન્ટ અને સ્ટીલમાં કૃત્રિમ ભાવવધારાને લીધે આ ઉદ્યોગને ફટકો પડી રહ્યો છે. સિમેન્ટ અને સ્ટીલના ભાવોમાં કૃત્રિમ વધારા સામે વિરોધ કરવા ભારતભરમાં સિવિલ કન્સ્ટ્રકશન પ્રવૃત્તિઓ રોકવાનો અનુરોધ કરીને બીએઆઈ દ્વારા આ કૃત્રિમ ભાવવધારો રોકવા માટે સિમેન્ટ અને સ્ટીલ નિયામક પ્રશાસન બનાવવાની માગણી કરી હતી. કૃત્રિમ ભાવવધારાને લીધે જાહેર યુટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોના બાંધકામ અટકી ગયા છે. એફોર્ડેબલ હાઉસિંગ એફોર્ડેબલ રહ્યું નથી, એવો સૂત્રોચ્ચાર દેશભરનાં વિવિધ કેન્દ્રોમાં હિસ્સાધારકોએ કર્યો હતો. થાણે, નવી મુંબઈ, કલ્યાણ- ડોંબિવલી, વસઈ- વિરાર જેવાં મુંબઈનાં પાડોશનાં શહેરોએ પણ આ આંદોલનમાં ભાગ લઈને જોરદાર પ્રતિસાદ આપ્યો હતો. બીએઆઈના ૫ દાધિકારીઓ મુંબઈ સેન્ટરના ચેરમેન મોહિંદર રિઝવાની, રાષ્ટ્રીય માનદ મહાસચિવ શ્રી પ્રદીપ નાગવેકર, રાષ્ટ્રીય માનદ ખજાનચી શ્રી જ્ઞાન માધાની, બીએઆઈ હાઉસિંગ અને રેરા કમિટીના ચેરમેન શ્રી આનંદ જે ગુપ્તાએ આગેવાની કરી હતી. એમએમઆરમાં બીએઆઈના અન્ય સભ્યો અને સાઈટ શ્રમિકો પણ વિવિધ સ્થળે હાજર રહ્યા હતા. ક્રેડાઈ રિયલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી અને તેની સમકક્ષ સ્થાનિક સંસ્થાઓએ વિરોધમાં સંયુક્ત ભાગ લેવા માટે અનુરોધ કર્યો હતો, જેને ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો.

# કોટનના વાયદાઓમાં ઓપન ઈન્ટરેસ્ટ ૨,૧૯,૯૨૫ ગાંસડીના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૬૩૩૪૪ સોદામાં રૂ.૧૧૨૭૪.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ ઘટ્યું હતું, જ્યારે ચાંદી કિલોદીઠ રૂ.૩૦૦ વધી હતી. જસત સિવાયની તમામ બિનલોહ ધાતુઓમાં ઘટાડો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઢીલાં હતાં. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાઓમાં ૪૨,૭૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૧૯,૯૨૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલમાં સુધારા સામે રબરમાં નરમાઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૬૮૩૫ સોદાઓમાં રૂ.૪૬૭૬.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૪૧૧ ખૂલી, ઉપરમાં રૂ.૪૭૫૨૮ અને નીચામાં રૂ.૪૭૨૩૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯૦ ઘટીને રૂ.૪૭૩૧૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૫ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૯૮૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૦૯ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૧ ઘટીને બંધમાં રૂ.૪૭૧૯૬ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૫૦૬ ખૂલી, ઉપરમાં રૂ.૬૯૦૨૨ અને નીચામાં રૂ.૬૮૩૩૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦૦ વધીને રૂ.૬૮૭૯૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૭૭ વધીને રૂ.૬૮૭૩૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૮૨ વધીને રૂ.૬૮૭૨૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૯૭૨૦ સોદાઓમાં રૂ.૨૫૬૧.૪૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૨૩૧ ખૂલી, ઉપરમાં રૂ.૪૨૩૧ અને નીચામાં રૂ.૪૧૮૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૧ ઘટીને રૂ.૪૨૦૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૨૩૭ સોદાઓમાં કુલ રૂ.૨૭૧.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૫૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૧૫૫૦ અને નીચામાં રૂ.૨૧૪૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ વધીને રૂ.૨૧૪૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૦૯.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩.૩ વધીને બંધમાં રૂ.૧૦૧૫.૪ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૨.૧ ખૂલી, ઉપરમાં રૂ.૯૭૧.૯ અને નીચામાં રૂ.૯૫૯ રહી, અંતે રૂ.૯૬૯.૩ બંધ રહ્યો હતો.

# પોરબંદરમાં તરબુચ અને લીલા નાળિયેર પર મતદાન જાગૃતિના સ્ટીકર



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

પોરબંદરના લોકોમાં મતદાન કરવાના મહત્વ વિશે જાગૃતિ આવે એ હેતુથી સ્વેપ ટીમ દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યા છે. એક નવતર પ્રયોગમાં તરબુચ અને લીલા નારિયળ જેવા ફળ પર મતદાન જાગૃતિ અંગે સ્ટીકર લગાવી લોકોમાં મતદાન જાગૃતિ વિશે આકર્ષણ જાગે અને જાગૃતિ આવે તે માટે એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં ફળનાં વેપારી ભાઈઓએ મતદાન જાગૃતિ અંગે આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. તરબુચના વેપારી જયેશભાઈ, રોહિતભાઈ, મુળુભાઇ વગેરે કહ્યું કે અમે મતદાન કરીશું અને બીજા લોકોને પણ મતદાન કરવા પ્રેરીશું. આમ પોરબંદર જિલ્લા તંત્ર દ્વારા સ્વીપની કામગીરી કરવામા આવી રહી છે.

# વેરાવળમાં ચોપાટીનુ કામ વહેલી તકે પુર્ણ કરી લોકાર્પણ કરવા માંગ



ચક્કવાત ટીમ વેરાવળ, તા.૧૨

ગીર સોમનાથ જીલ્લા ના વડામથક વેરાવળમા નગરપાલીકા વિસ્તારમા આવેલ ચોપાટી નવનિર્માંણનુ કામ વર્ષોથી ગોકળગાય ની ગતિએ ચાલી રહેલ છે . વેરાવળમા લોકોને ફરવા માટે ચોપાટી એક જ સ્થળ આવેલ છે ત્યારે કરોડો રુપીયાના ખર્ચે આ ચોપાટીનુ કામ ૯૦% પૂર્ણ થઈ ગયેલ છે પરંતુ લોકાપર્ણ કરવા વહીવટી તંત્ર કે રાજકીય આગેવાનોને યોગ્ય મુહૂર્ત આવતુ નથી . ત્યારે આ નવનિર્માંણ થઈ રહેલી ચોપાટી વિશાળ જગ્યામા બનાવવામા આવેલ છે જેમા બાળકો માટે હીચકા, લસરપટ્ટી, સહીત ના રમત ગમતના સાધનો, વૃધ્ધો માટે બેસવા માટે બાકડાઓ, ઠેરઠેર કચરા પેટી, લાઈટો, એકવારીયમ, સીકયુરીટી, સહીત અનેક આધુનિક સુવિધાઓ સાથે આ ચોપાટી નિર્માંણ ૯૦% પામી ચુકી છે ત્યારે હાલતો આ ચોપાટી પર કચરાના ગંજ, લાઈટો બંધ, બાકડાઓ ટુટેલા સહીત નુ નુકશાન થઈ રહ્યુ છે ત્યારે વહેલીતકે લોકો માટે બનાવેલ આ ચોપાટીનુ લોકાપર્ણ થાય તેવુ લોકો ઈચ્છી રહ્યા છે. દિનેશ રાયઠઠા ( સ્થાનીક , વેરાવળ ) વેરાવળ મા વર્ષોં પહેલા આ ચોપાટીનુ ભૂમીપૂજન કરવામા આવેલ હતુ પરંતુ હજુ સુધી આ ચોપાટીનુ કામ ગોકળગાય ગતિએ કામ ચાલી રહેલ છે આ ચોપાટીનુ કામ ૯૦% પૂર્ણ થઈ ગયેલ હોવા છતા આ ચોપાટી પર લોકોને આવવા પ્રતીબંધ છે આવુ શા માટે કરવામા આવી રહ્યુ છે તે સમજાતુ નથી. અત્યારે લાઈટો જે નાખવામા આવેલ તે મોટાભાગની ખરાબ થઈ ગયેલ છે અને બે કીમી મા પથરાયેલ આ ચોપાટીનુ હજુ સુધી લોકાપર્ણ થયેલ નથી. અશ્વવીન સુયાણી (સ્થાનીક, વેરાવળ) કરોડોના ખર્ચ સાથે વેરાવળ ચોપાટી બનાવવામા આવી છે ત્યારે લોકોને ફરવા માટે એક જ સ્થળ ચોપાટી છે પરંતુ લોકાપર્ણના વાકે ખુલ્લુ મુકવામા આવેલ નથી. આ ચોપાટી પર લોકોને આવવા પર મનાઈ હુકમ છે .રાજકીય લોકોના ઈશારે હજુ સુધી લોકાપર્ણ કરવામા આવેલ નથી. ગીર સોમનાથ જીલ્લાના વડામથક વેરાવળ ખાતે નવનિર્માંણ પામી રહેલ ચોપાટી નુ લોકાપર્ણ કરવાની વાતો ૨૦૧૬ મા થવાની રાજકીય આગેવાનો કરી રહ્યા હતા પરંતુ આજે ૨૦૨૧ પણ આવી ચુકી છે છતા આ ચોપાટી નુ લોકાપર્ણ થયુ નથી .લોકો માટે બનાવવામા આવેલ કરોડાના ખર્ચેં બની રહેલ ચોપાટી હાલતો ઘણી ક્ષતી પામેલ હાલતમા જોવા મળી રહી છે . હાલતો સ્થાનીક સ્વરાજ ની ચૂંટણીઓ મા સરકારી તેમજ રાજકીય બાબુઓ વ્યસ્ત છે પરંતુ ચુટણી બાદ તો આ ચોપાટીનુ લોકાપર્ણ થાય તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

# પોરબંદરમાં ગેસના બાટલા પર મતદાન જાગૃતિના સ્ટીકર લગાવી કરાયો નવતર પ્રયોગ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

પોરબંદરના લોકોમાં મતદાન કરવાના મહત્વ વિશે જાગૃતિ આવે એ હેતુથી સ્વેપ ટીમ દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યા છે. એક નવતર પ્રયોગમાં ગેસના સિલિન્ડર પર મતદાન જાગૃતિ અંગે સ્ટીકર લગાવી લોકોમાં મતદાન જાગૃતિ વિશે આકર્ષણ જાગે અને લોકોમાં જાગૃતિ આવે તે માટે એક નવતર પ્રયોગ કરવામાં આવેલો. જેમાં ગેસના બાટલાની ડિલેવરી કરતા રિક્ષાના ચાલકો અને એજન્સી વાળા ભાઈઓ તેમજ ગોડાઉન સંચાલક ભાઈઓએ મતદાન જાગૃતિ અંગે આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. રીક્ષા ચાલક અજયભાઈ અને સંચાલક ભીખુભાઈ વગેરે કહ્યું કે અમે મતદાન કરીશું અને બીજા લોકોને પણ મતદાન કરવા પ્રેરીશું.

# વેરાવળ-પાટણ સયુંકત નગરપાલિકામા કોંગ્રેસના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી

## કોંગ્રેસે યુવા અને શિક્ષિત ઉમેદવારોને અગ્રીમતા આપી



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષે વેરાવળ-પાટણ સયુંકત નગરપાલિકા માટે આજે ઉમેદવારોના ફોર્મ ભરવાની કામગીરી કરેલ છે. જેમાં ઉત્સાહી અને શિક્ષીત યુવા વર્ગ ને પ્રાથમિકતા આપેલ છે. કોંગ્રેસ પક્ષે આજે મોટી સઁખ્યા મા તેના ઉમેદવારોની ઉમેદવારી નોંધાવેલ છે.વર્તમાન સમયની માંગ અને જરૂરિયાત ને આધારે કોંગ્રેસે ગત વર્ષ કરતા આ વર્ષે પોતાના ઉમેદવારો મા ધરકમ ફેરફાર કરેલ છે આ તકે વેરાવળ ના સામાજીક કાર્યકર અફઝલ પંજા એ પણ કોંગ્રેસ માંથી ઉમેદવારી નોંધાવેલ છે. આ તકે મોટી સઁખ્યા મા ઉમેદવાર તેમના ટેકેદારો તેમજ કોંગ્રેસ પક્ષના સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા તેમજ કોંગ્રેસ અગ્રણી જયકરભાઈ ચોંટાઈ,નુસરત પંજા,અશોકભાઈ ગદા, દિનેશ રાયઠ્ઠા માર્ગદર્શન સાથે ઉમેદવારી પત્રો ની કામગીરી કરેલ હતી.

# વડોદરામાં ટ્રેનમાં મુસાફરી દરમ્યાન કેફી દ્રવ્યોથી બેભાન કરી લૂંટ કરનાર આરોપી ઝડપાયો



ચક્રવાત ટીમ વડોદરા, તા.૧૨

પોતાના ઘરે દીકરી નો જન્મ થયો છે.તેની ખુશી માં ટ્રેન માં મુસાફરી કરતા મુસાફરો ને આગ્રહ કરી મુસાફરો ને કેફી દ્રવ્યો પીવડાવી બેભાન કરી મુસાફરો ના સોના ચાંદી ના દાગીના રોકડ રકમ તેમજ અન્ય સરસામાનની ચોરી કરતા ચોરને વડોદરા રેલવે એલ સી બી પોલિસે રાજસ્થાન થી ગોવિંદ રામ વિરમ રામ સેરવી ને ઝડપી પાડી વડોદરા રેલવે પોલીસ મથકે લાવ્યો હતો જ્યાં તેની ઘનિષ્ઠ પૂછપરછ કરતા તેને લાંબા અંતર ની રાજસ્થાન મારવાડ તરફ જતી ટ્રેન માં ખોટા નામથી ટીકીટ રિજવેશન કરી મુસાફરી કરી મુસાફરો ને ઘેનયુક્ત પદાર્થ પીવડાવી તેઓન સર સામાન ની ચોરી કરતો હોવાનું અન્ય અન્ય ૧૧ ચોરી કર્યાની કબૂલાત કરી હતી.વડોદરા રેલવે એલ સી બી પોલીસે રૂપિયા ૬ લાખ ૫૫ હજાર ઉપરાંત ની ૨૨ નંગ સોના ના દાગીના.તેમજ ૧૦ નંગ ચાંદી ના દાગીના આ૬૬ હજાર હજાર ના ૫ નંગ મોબાઈલ ફોન.ડેબિટ કાર્ડ .તેમજ ઘેનયુક્ત ગોળીઓ મળી કુલ ૭ લાખ ૩૦ હજાર ૩૩૭ ની મતા નો મુદ્દામાલ કબજે કર્યો હતો રેલવે એલ સી બી પોલીસે આરોપી ગોવિંદ રામ વિરમ રામ સેરવી ની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માળીયા હાટીના તાલુકા પંચાયતની બાબરા બેઠક પરથી કોંગ્રેસમાંથી ઝુકાવતા જ્યોત્સના બારડ

## યુવા, શિક્ષિત અને સ્વચ્છ પ્રતિભાને મતદારો તરફથી આવકાર





ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં બ્યુગલ વાગી ગયા છે અને કોંગ્રેસ-ભાજપ દ્વારા પોતપોતાના ઉમેદવારો પસંદ કરવામાં તનતોડ મહેનત કરી રહ્યા છે ત્યારે માળીયા (હા.) તાલુકા પંચાયત ની બાબરા બેઠક માટે કોંગ્રેસના યુવા મહિલા ઉમેદવાર જ્યોત્સનાબેન વિજયભાઈ બારડ શુક્રવારે ફોર્મ ભરી ચૂંટણીના શ્રી ગણેશ કરશે, જ્યોત્સનાબેન એ ઉચ્ચ અભ્યાસ કરેલો છે અને દરેક સમાજો માં પણ સારી એવી લોક ચાહના ધરાવે છે જેના કારણે દરેક સમાજના લોકો દ્વારા તેમને ભરપૂર સમર્થન આપવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના મહિલા ઉમેદવાર જ્યોત્સનાબેન ના પતિ વિજયભાઈ બારડ એલએલબી એમબીએ સુધીનો ઉચ્ચ અભ્યાસ ધરાવે છે અને કોંગ્રેસમાં જૂનાગઢ જિલ્લાના મહામંત્રી તરીકે ની સેવા આપે છે અને કાત્રાસા ગ્રામપંચાયત માં સભ્ય તરીકે રહીને છેલ્લા ૪ વર્ષમાં અંદાજે ૨ કરોડ જેટલી માતબર રકમની ગ્રાન્ટ લઈ આવીને ગામના વિકાસમાં નોંધ પાત્ર પ્રદાન કરેલું છે.

# રાજકોટમાં રવિવારે “પ્રેમનો તહેવાર” બનશે રક્તદાનનો તહેવાર




ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

છેલ્લા ચાર દાયકાથી કાર્યરત લાઈફ બ્લડ સેન્ટર દ્વારા આ રવિવારે પ્રેમનો તહેવાર રક્તદાન કરીને ઉજવવા રાજકોટનાયુવાધનને લાઈફ બ્લડ સેન્ટરનાજોઈન્ટ એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.૧૪મી ફેબ્રુઆરીએ દેશભરમાં પ્રેમનો તહેવાર ઉજવાય છે ત્યારે લોકોજુદી જુદી રીતે પ્રેમની અભિવ્યક્તી કરતા હોય છે ત્યારે આ કોરોના મહામારી વચ્ચે રક્તની સખત ખેંચ ઊભી થતી હોવાથી રક્તદાન કરીને પ્રેમના પ્રતિક બનવા સાથે મહાદાનનો નિજાનંદ મેળવી શકો છો. યુવા વર્ગમાં આ તહેવાર નો અનેરો મહિમા હોવાથી આ દિવસે રક્તદાન કરીને કોઈકનું જીવન બચાવવામાંનિમિત્ત બનવા અપીલ કરી છે. આપના ૧ યુનિટ રક્તથી ૩ માનવ જિંદગીઓ બચાવી શકાય છે. રક્તદાન આપણા હૃદય માટે સૌથી ફાયદાકારક છે. આજનો યુવાન રક્તદાન કરીને લોક સેવા કરી રહ્યો છે ત્યારે આવો એક યુવાન બીજા દસ યુવાનને પ્રેરણા આપીને રક્તદાન મહાદાન નો સંકલ્પ બાબતે કટિબદ્ધ થાય તે જરૂરીછે તેમલાઈફ બ્લડ સેન્ટરના મેડિકલ ડિરેક્ટરે જણાવેલ છે. રક્તદાન માટે તથા યુવાવર્ગના રક્તદાન કેમ્પ યોજવા માટે લાઈફ બ્લડ સેન્ટર, ૨૪ વિજય પ્લોટ, જે.કે. હોન્ડા શો રૂમની પાછળ, ગોંડલ રોડ પર સંપર્ક કરવા જણાવાયું છે.વધુ વિગત માટે ફોન નંબર ૦૨૮૧૨૨૩૪૨૪૨ નો સંપર્ક કરવા જણાવાયું છે.(Web: www.999life.rog)

# ઝઘડિયા સેવાસદન ખાતે ભાજપ તેમજ બિટીપી અને કોંગ્રેસ ઉમેદવાર્રાએ ફોર્મ ભર્યા



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૧૨

ઝઘડિયા તાલુકા પચાયત તેમજ જિલ્લા પંચાયત ની સીટ પર ઝઘડિયા સેવા સદન ખાતે ફોર્મ ભરવા ની પ્રક્રિયા ચાલુ હતી તેમાં મોટા ભાગના ફોર્મ આજ રોજ ભરાય ગયા હોય અને જે ફોર્મ ભરવા ના બાકી હોય એ ફોર્મ આવતી કાલે ભરવા માં આવશે. બધા જ ઉમેદવારો એ પોતાની જીતની આસા સાથે ફોર્મ ભર્યા હતા. ઝઘડિયા તાલુકા પંચાયત પર વર્ષો થી BTPનુ શાસન છે પરંતુ આ વખતે તાલુકા માજી પ્રમુખ તેમજ ઉપ પ્રમુખ BTP માથી BJP મા આવતા આ વખતે ખરા-ખરી નો જંગ થશે એવી લોક ચર્ચા એ ભારે જોર પકડ્યું છે.BJP ના ટેકેદારો ની સાથે ભાજપના જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા ની હાજરી માં ભાજપ ના ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા. આજરોજ કુલ ૬૦ જેટલા ભાજપ, બીટીપી, કોગ્રેસ તથા અન્ય મળી પક્ષોએ ફોમઁ ભરીયા હતા.

# વાંકાનેર : માટેલ રોડ પર આવેલ સીરામીક કારખાનામાં અકસ્માતે એક કર્મચારીનું મોત

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૨

વાંકાનેર તાલુકાના માટેલ રોડ ઉપર આવેલ ઈન્ટેજીન સીરામીક ફેકટરીમાં કામ કરતી વખતે અચાનક અકસ્માતે મશીનરીમાં માથું આવી જતા ગંભીર ઈજાથી એક કર્મચારીનું કમકમાટીભર્યું મોત થયું હતું. જેથી આ બનાવની વાંકાનેર તાલુકા પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના ખીજડીયા ગામ ખાતે રહેતા રહેતા માથકીયા ઈન્જામુલ હુશેનભાઈ (ઉ.વ. ૨૫) નામના કારખાનાના કર્મચારીનું ગત તા.૯ ના રોજ વાંકાનેર તાલુકાના માટેલ રોડ પર આવેલ ઈન્ટેજીન સીરામીક કારખાનામાં કામ કરતી વેળાએ અકસ્માતે મશીનમાં તેમનું માથુ આવી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી જે બાદ તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. જેથી આ બનાવની વાંકાનેર તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરમાં પતિ-સાસુના ત્રાસથી પરિણીતાએ ફીનાઈલની ગોળી પીધી

ચક્રવાત ટીમ, તા.૧૨

વાંકાનેર શહેરમાં પતિ અને સાસુના ત્રાસથી કંટાળીને એક પરિણીતાએ ફીનાઈલની ગોળી પી લીધી હોવાનો બનાવ સામે આવ્યો છે જેમાં પરિણીતાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવતા પરિણીતાનો જીવ બચી ગયો હતો. જે બાદ તેણે પોતાના પતિ અને સાસુ સામે વાંકાનેર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી જયોતીબેન જયેશગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૨ રહે.વાંકાનેર રંગવાળી શેરી) એ મોરબી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેના પતિ જયેશગીરી ભરતગીરી ગૌસ્વામી અને સાસુ જયશ્રીબેન ભરતગીરી ગૌસ્વામીના માનસિક અએ શારીરિક ત્રાસથી કંટાળી તેણે આ પગલું ભર્યું છે. આ બનાવમાં ફરિયાદીના સાસુએ તેના પુત્રને કહેલ કે આ તારી પત્ની જ્યોતી મને પુછયા વગર તેના માસીના ઘરે આવતી રહેલ છે, તેમ કહેતા આરોપી પતિએ ફરીયાદી પર ગુસ્સે થઈ કહેવા લાગેલ કે મને પુછયા વગર ઘર બહાર નીકળવુ નહી તેમ કહી ઝઘડો અને મારકુટ કરી ઘરેથી જતા રહેલ જે બાદ ગઈકાલ સાંજના સમયે ફરીયાદી પોતે એકલા હોય ત્યારે તેના પતિ તથા સાસુના ત્રાસથી કંટાળી ઘરના બાથરૂમમા પડેલ ફીનાઈલની, ઘેનની તથા અન્ય દુખાવાની ગોળી પી લીધેલ અને ઉલ્ટી ઉબકા થતા ઘરના તેમજ આડોશી-પાડોશીઓને જાણ થતા પરિણીતાને પ્રથમ વાંકાનેર બાદ મોરબીની સરકારી હોસ્પીટલ ખાતે સારવારમા ખસેડાઇ હતી. જ્યા સ્વસ્થ્ય થયા બાદ પરિણીતાએ તેના પતિ અને સાસુ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે બનાવમાં વધુ તપાસ હાથ ધરી છે.

# મહીસાગરમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત લુણાવાડા ખાતે બાઈક રેલી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૨

મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે “આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર” આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-૧૯ની ગાઈડ લાઈનને અનુસરીને લુણાવાડા નગરમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીને જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. બી. બારડે જિલ્લા કલેકટરાલયના કંપાઉન્ડમાંથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઈક રેલીને મહીસાગર કલેકટર કચેરી કમ્પાઉન્ડમાંથી કર્મચારીઓ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઈક સવાર કર્મચારીઓ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો. આ બાઈક રેલી મહીસાગર- લુણાવાડા કલેકટર કચેરી કમ્પાઉન્ડમાંથી શરૂ થઈ ચાર કોસીયા રોડ, બસ સ્ટેન્ડ, કોટેજ ચોકડી, ગોકળદાસ પેટ્રોલ પંપ થી પરત લીલાવતી હોસ્પિટલ, લુણેશ્વર મંદિર, પોલીસ અધિક્ષકની કચેરી, બી.એસ.એન.એલ. કચેરી પાસેથી પસાર થઈ જિલ્લા સેવા સદન ખાતે પૂર્ણ થઈ હતી. આ બાઈક રેલીએ નગરજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉત્સાહભેર જોડાઈને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી પી.એન. મોદી તેમજ પોલીસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રના સખ્ત વલણ બાદ ટ્વિટરે ૯૭ ટકા એકાઉન્ટ્સ બ્લોક કર્યા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારના સતત દબાણ બાદ માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વીટરે ૯૭ ટકા એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા છે. ઈલેક્ટ્રોનિક્સ, સૂચના અને ટેક્નોલોજી વિભાગે ઉશ્કેરણીજનક કન્ટેન્ટ પોસ્ટ કરનારા અનેક એકાઉન્ટ્સ બ્લોક કરવા માંગણી કરી હતી. આ એકાઉન્ટ્સ ’કિસાન જનસંહાર’ જેવા હેશટેગનો ઉપયોગ કરતા હતા. કેન્દ્ર સરકારે બે વખત અપીલ કરીને ૧,૪૩૫ એકાઉન્ટ્સ ચિહ્નિત કર્યા હતા, જેમાંથી કંપનીએ ૧,૩૯૮ ખાતાઓ બ્લોક કરી દીધા છે. સૂચના અને ટેક્નોલોજી મંત્રાલયના સચિવ અજય પ્રકાશ સાહની અને ટ્વીટર પબ્લિક પોલિસી ઉપાધ્યક્ષ મોનિક મેચે અને જિમ બેકર વચ્ચે બુધવારે મોડી સાંજે બેઠક યોજાઈ હતી.

# જેતપુરમાં કાઠી ક્ષત્રિય સમાજ તેમજ કરણી સેના દ્વારા મામલતદારને આવેદન



ચક્રવાત ટીમ જેતપુર, તા.૧૨

તાજેતરમાં સાવરકુંડલાના લુવારા ગામે બનેલી ઘટનાના પગલે ગુજરાત ભરમાં ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેના પગલે જેતપુરમાં કાઠી ક્ષત્રિય સમાજ તેમજ કરણી સેના ના નેજા હેઠળ ન્યાયની માંગ સાથે લુવારા ગામમાં અમરેલી એલસીબી પોલીસ દ્વારા હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હોય જેનો વિડિયો ઉતારતી મહિલા હેમુબેને મહિલા પોલીસ વગર જ મોબાઈલ આચકી તેમની ધરપક્કડ કરી ગુનો નોંધવામાં આવ્યો છે. મહિલાના મોબાઈલમાં ૬ સેકેંન્ડના વિડિયો પર રેકોંડ થયેલો છે. જેથી હેમુબેન પર થયેલી પોલીસ દમદીરી સામે કાર્યવાહી કરી ન્યાયની માંગ સાથે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા જેતપુર મામલદારને આવેદન આવામાં આવ્યું હતું તદ્ઉપરાંત સમાઘોઘામાં થયેલી ઘરફોડ ચોરીના બનાવમાં પોલીસે અરજણ ગઢવી, હરજુગ ગઢવી અને શામરા ગઢવીની શંકાસ્પદ આરોપી તરીકે ધરપકડ કરી હતી. પૂછપરછના બહાને ત્રણેય વ્યક્તિઓને ૮-૯ દિવસ સુધી પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખીને અસહ્ય માર મારવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનમાં ત્રણેય વ્યક્તિઓને ઢોર માર મારવામાં આવ્યો હતો. જેને લઈને ત્રણેય યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય હતા. જેમાં ૧૯ જાન્યુઆરીના રોજ અરજણ ગઢવીનું પોલીસ સ્ટેશનમાં માર મારતા મૃત્યુ થયું હતું. આજે બીજા એક યુવાને પણ દમ તોડી દીધો છે. અમદાવાદ હોસ્પિટલ સંકુલમાં કિડની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા હરજુગ ગઢવી દરમિયાન ૨૨ વર્ષના હરજુગ ગઢવીનું મોત થયું હતું. આ બનાવના ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદન આપી તમામ આરોપીઓને ઝડપીને સજા કરવા અને મૃતકોના પરિવારજનોને સહાય કરવા માટે માગણી કરી હતી.

**ફુલ ૨૯૨ ખેલાડીઓનું નામ જાહેર કરાયું : શ્રીસંતને ઓક્શનમાં સ્થાન ન અપાયું**

# આઈપીએલ ૨૦૨૧ ઓક્શનના ખેલાડીઓનું લીસ્ટ જાહેર

નવી દિલ્હી,તા.૧૨

૧૮ ફેબ્રુઆરીએ યોજાનારી IPL હરાજી માટે ૨૯૨ ખેલાડીની ફાઈનલ યાદી જાહેર કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયન બેટ્સમેન શોન માર્શ, ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર કોરી એન્ડરસન અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ ફાસ્ટ બોલર મોર્ને મોર્કેલ ૧૭ નવાં નામમાં સામેલ છે, જેમણે શોર્ટલિસ્ટ કરવામાં આવેલા ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું છે. આ ખેલાડીઓનાં નામ ફ્રેન્ચાઈઝીની વિનંતી પર રાખવામા આવ્યાં છે.

આશ્ચર્યની વાત એ છે કે તેમાં ઈન્ડિયાના પૂર્વ ફાસ્ટ બોલર એસ. શ્રીસંત (૩૮)નો સમાવેશ કરવામાં આવ્યો નથી, જ્યારે ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ વિકેટકીપર સૈયદ કિરમાણીના ૩૧ વર્ષના પુત્રને સ્થાન મળ્યું છે. સૈયદ કિરમાણી એ ભારતીય ટીમના ભાગ હતા, જેમણે ૧૯૮૩માં પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો હતો.

સૈયદ કિરમાણીનો પુત્ર સાદિક કિરમાણી પણ વિકેટકીપર બેટ્સમેન છે. જોકે સ્થાનિક ક્રિકેટમાં તેણે કર્ણાટક માટે માત્ર બે લિસ્ટ-એ મેચ રમી છે. તેણે પોતાની છેલ્લી લિસ્ટ-એ મેચ ૨૦૧૫માં રમી હતી. ટી- ૨૦માં પણ તેણે પોતાની છેલ્લી મેચ અઢી વર્ષ પહેલાં ૨૦૧૮માં કર્ણાટક પ્રીમિયર



લીગમાં રમી હતી.

શ્રીસંતે હરાજી માટે પોતાનું નામ નોંધાવ્યું હતું અને તેની બેઝ પ્રાઈસ રૂપિયા ૭૫ લાખ રાખી હતી. ૨૦૧૩માં સ્પોટ ફિક્સિંગમાં નામ આવવાને કારણે BCCIએ શ્રીસંત પર આજીવન પ્રતિબંધ લગાવ્યો હતો. જોકે બાદમાં સુપ્રીમ કોર્ટે આજીવન પ્રતિબંધ નાબૂદ કર્યો હતો, પરંતુ હવે IPL મેનેજમેન્ટના વલણથી એવું લાગે છે કે શ્રીસંત માટે વાપસી કરવું સરળ નથી.

**૬૧ પ્લેયર પર લાગી શકે છે બોલી**

IPLની આગામી સીઝન માટે ૮ ફ્રેન્ચાઈઝીની પાસે કુલ ૬૧ સ્લોટ ખાલી છે. આ ૬૧ જગ્યામાં ૨૨ વિદેશી ખેલાડીઓની જગ્યા પણ ખાલી છે. આ ખેલાડીઓને ૧૦૯૭ રજિસ્ટર્ડ ખેલાડીઓના પુલમાંથી શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. તેમાં ભારતના ૧૬૪ અને અન્ય દેશોના ૧૨૮ ખેલાડી સામેલ છે.

શોર્ટલિસ્ટેડ ખેલાડીઓમાં ૧૦ નામ એવા છે, જેની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા થશે. તેમાં ભારતના હરભજન સિંહ અને કેદાર જાધવ પણ સામેલ છે.

# ભારત સામેની બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ એન્ડરસનને આરામ આપે તેવી શક્યા

(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૧૧

ચેન્નાઈમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં પોતાના સ્વિંગ બોલિંગથી ભારતીય બેટ્સમેનોને પરેશાન કરનાર જેમ્સ એન્ડરસનનું બીજી ટેસ્ટમાં રમવાનું નક્કી નથી. ઈંગ્લેન્ડ(ઈહપ્રન્નહ્ફહ્હ)ના મુખ્ય કોચ ક્રિસ સિલ્વરવુડે પોતે આ વાતનો સંકેત આપ્યો છે. સિલ્વરવુડે પત્રકારોને જણાવ્યું હતું કે, એન્ડરસનની ફિટનેસનાં કોઈ કમી નથી. તેમણે કહ્યું કે જો, એન્ડરસન ૪૦ વર્ષ બાદ પણ ઈંગ્લેન્ડના પેસ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરે તો તેને આશ્ચર્ય નહીં થાય. પરંતુ ભારતના લાંબા પ્રવાસને જોતા ઈંગ્લેન્ડ



તેને બીજી ટેસ્ટમાં આરામ આપી શકે છે.

ઈંગ્લેન્ડના કોચે ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, એન્ડરસન સંપૂર્ણ રીતે ફીટ લાગે છે. તેણે તેની ફિટનેસ ઉપર સખત મહેનત કરી છે. ફિટ હોવા સાથે સાથે તેની બોલિંગ પણ ખતરનાક છે. તેમણે કહ્યું, જ્યાં સુધી એન્ડરસન ફિટ છે, મજબૂત અને સ્વસ્થ છે અને રમવા માંગે છે ત્યાં સુધી તે રમી શકે છે.

ભારત સામેની પ્રથમ ટેસ્ટના અંતિમ દિવસે એન્ડરસન શાનદાર બોલિંગ કરી હતી. બીજી ઈનિંગ્સમાં તેણે શુભમન ગિલ અને અજિંક્ય રહાણેને રિવર્સ સ્વિંગ પર બોલ્ડ કર્યા હતા તો બીજી તરફ ઋષભ પંત તેના સ્લોઅર બોલનો શિકાર બન્યો હતો. ઈંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટ મેચ ૨૨૭ રને જીતી હતી. જો કે, જબરદસ્ત ફોર્મ હોવા છતાં રોટેશન નીતિ અંતર્ગત એન્ડરસનને બીજી ટેસ્ટમાં આરામ આપી શકાય છે.

# ૧૮ ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યો બુમરાહ

(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૧૧

ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે પોતાના શાનદાર પર્દર્શન દ્વારા ક્રિકેટ જગતમાં પોતાની ઓળખ બનાવી લીધી છે. પહેલી ટેસ્ટમાં ભારતને ઈંગ્લેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ ૨૭ વર્ષ બુમરાહે આ ટેસ્ટ બાદ ખાસ રેકોર્ડની બરાબરી કરી છે. આ ભારતીય બોલર લીલી-લોસન-બિશપના અનોખા ક્લબમાં સામેલ થઈ ગયો છે.

ઈંગ્લેન્ડ સામે હાલની સિરીઝ પહેલા ટેસ્ટમાં ચાર વિકેટ લીધા બાદ બુમરાહના નામે માત્ર ૧૮ ટેસ્ટનાં ૮૩



વિકેટ થઈ ગઈ છે. ફાસ્ટ બોલરોમાં ડેનિસ લીલી, જ્યોફ લોસન અને ઈયાન બિશપના નામે ૧૮ ટેસ્ટમાં આટલી વિકેટ હતી. ભારતીય બોલરોની વાત કરીએ તો, બુમરાહ ઈરફાન પઠાણને પાછળ છોડી દીધો છે. પઠાણના નામે ૧૮ ટેસ્ટ મેચમાં ૭૩ હતી. ત્રીજા સ્થાને મોહમ્મદ શમી છે જેની ૬૬ વિકેટ છે.

ચેન્નાઈ ટેસ્ટમાં એક ખાસ રેકોર્ડ પણ બનાવ્યો, તે વિદેશમાં સૌથી વધુ ટેસ્ટ રમ્યા બાદ ઘરમાં ડેબ્યુ કરનાર ભારતીય ખેલાડી છે. આ પહેલા આ રેકોર્ડ જવાગલ શ્રીનાથના નામે હતો. જેમણે તેમના ડેબ્યુ બાદથી ૧૨ ટેસ્ટ વિદેશમાં રમ્યા હતા. આ લીસ્ટમાં આરપી સિંહ (૧૧), સચિન(૧૦) અને નેહરા (૧૦)ના પણ નામ સામેલ છે.

બુમરાહે પોતાના ટેસ્ટ કેરિયરની શરૂઆત ૨૦૧૮ સાઉથ આફ્રિકા સામેથી કરી હતી. બુમરાહે એબીડી વિલિયર્સને આઉટ કરીને પહેલી વિકેટ લીધી હતી. બુમરાહે એક હેટ્રિક પણ લીધી છે. બુમરાહ માટે ૨૦૧૯નો વેસ્ટ ઈન્ડિઝનો પ્રવાસ શાનદાર રહ્યો હતો.

# ક્રિકેટરો ભારે ફીટ : બે કિ.મી.ની રનિંગ ટેસ્ટમાંથી છ ખેલાડીઓ થયા ફેઈલ

(જી.એન.એસ.)બેંગ્લોર,તા.૧૨

ભારતીય ક્રિકેટરોની ફિટનેસ ટેસ્ટને લઈને મોટા સમાચાર આવ્યા છે. નેશનલ ક્રિકેટ એકેડમીમાં આ અઠવાડિયે થયેલા બે કિમી રનિંગના ફિટનેસ ટેસ્ટમાં કુલ ૬ ખેલાડી ફેલ થયા છે. તેમા વિકેટ કિપર બેટ્સમેન સંજૂ સેમસન અને ઈશાન કિશન, નિતિશ રાણા, લેગ સ્પિનર રાહુલ તેવટિયા ઉપરાંત બે ફાસ્ટ બોલર સિદ્ધાર્થ કોલ અને જયદેવ ઉનડકટ સામેલ છે. એક અંગ્રેજી અખબાર પ્રમાણે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ખેલાડીઓની ફિટનેસ ટેસ્ટ માટે એનસીએમાં નવા ટેસ્ટની શરૂઆત કરી છે. જેને આ ૬ ખેલાડી પાસ કરી શક્યા નથી. સુત્રોના જણાવ્યા પ્રમાણે, નવો ટેસ્ટ હોવાને કારણે આ ખેલાડીઓને પોતાની ફિટનેસ સાબિત કરવા માટે બીજો મોકો આપવામાં આવશે.

બોર્ડ સાથે જોડાયેલા સુત્રોએ એક અંગ્રેજી અખબારને જણાવ્યું કે, જો આ ખેલાડીઓ બીજીવાર પણ ફિટનેસ ટેસ્ટ પાસ કરવામાં નિષ્ફળ રહે છે તો, ઈંગ્લેન્ડ સામે રમાનારી પાંચ ટી-૨૦ અને ત્રણ વન ડેની સિરીઝ માટે તેમનું સિલેકશન થવું અઘરૂ છે. આ પહેલા ૨૦૧૮માં પણ યો-યો ટેસ્ટમાં ફેલ થવાને કારણે સેમસન, મોહમ્મદ શમી અને અંબાતી રાયડૂને ઈંગ્લેન્ડ પ્રવાસ રમાનાર લિમિટેડ ઓવરની સિરીઝ માટે પસંદગી કરવામાં આવી નહોતી.

સૂત્રોએ જણાવ્યું કે, ઈંગ્લેન્ડ સામેની લિમિટિડ ઓવર સિરીઝ અને આ વર્ષના અંતમાં ભારતનાં રમાનાર ટી-૨૦ વર્લ્ડ કપને જોતા ૨૦થી વધુ ખેલાડીઓનો એનસીએમાં ફિટનેસ ટેસ્ટ લેવામાં આવ્યો હતો. તેમા યો-યો ઉપરાંત ૨કિમી રનિંગો ટેસ્ટ પણ સામેલ હતો. બેટ્સમેન, વિકેટકીપર અને સ્પિનર બોલરોએ બે કિમીની રનિંગ ૮ મિનિટ અને ૩૦ સેકન્ડમાં પૂરી કરવાની હતી, જ્યારે ફાસ્ટ બોલરોએ આ રનિંગ ૮ મિનિટ ૧૫ સેકંન્ડમાં પૂરી કરવાની હતી. પરંતુ ૬ ક્રિકેટરો આ નિયત સમય દરમનિયાન રનિંગ પુરી શક્યા નહોતા.

જ્યારે બોર્ડ સુત્રોને આ નવા ફિટનેસ ટેસ્ટની જરૂરિયાતને લઈને સવાલ પુછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, કેપ્ટન વિરાટ કોહલી અને રવિ શાસ્ત્રી ખેલાડીઓની ફિટનેસને લઈને ખુબ જ સતર્ક છે. આ નવા ફિટનેસ ટેસ્ટથી ખેલાડીની શારિરીક ફિટનેસનો યોગ્ય રીતે ખ્યાલ આવશે.

# અભિનેત્રી સુષ્મિતા સેન અને બૉયફ્રેન્ડ રોહમન વચ્ચે તિરાડ..!



(જી.એન.એસ)મુંબઈ,તા.૧૧

બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે. તે અવાર નવાર તેના બોયફ્રેન્ડ રોહમન સાથે તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે. હાલમાં જ તેણે એક પોસ્ટ કરી હતી કે જેના લીધે ફેન્સને ઘણા પ્રશ્નો થયા અને લોકો કન્ફયૂઝ થઈ ગયાં છે. હવે લોકોને એવું લાગી રહ્યું છે કે રોહમન અને સુષ્મિતા વચ્ચે કઈક ખટપટ થઈ ગઈ છે. હાલમાં સોશિયલ મીડિયા પર આ પોસ્ટ ભારે વાયરલ થઈ રહી છે.

સુષ્મિતા સેને ઈન્સ્ટા પર એક પોસ્ટ શેર કરી છે. એ પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે, વાંધો એ છે કે મહિલાઓને લાગે છે કે એ બદલી જશે, તે નહીં બદલે. પુરુષ જે ભૂલ કરે છે એ એવી છે કે એને લાગે છે કે તે ક્યારેય છોડીને નહીં જાય, તે જતી રહેશે. હવે આ પોસ્ટ શેર કરીને અભિનેત્રીએ કેપ્શનમાં એવું લખ્યું કે કહાનીનો સાર એવો છે કે તે નહીં બદલે અને તે ચાલી જશે. આ સાથે જ તેણે કેટલીક ઈમોજી પણ શેર કરી છે.

સુષ્મિતાની આ થોડી લાઈનો જોઈને એ વાતનો અંદાજો ન લગાવી શકાય કે તે કોના વિશે વાત કરી રહી છે અને તેણે શું વિચારીને આ વાત લખી છે. પરંતુ તેનો સાર ખુબ છે અને ફેન્સ પોતાની રીતે તેનો અર્થ કાઢી રહ્યા છે. તો વળી કોઈ રોહમન સાથે પણ જોડીને જોઈ રહ્યા છે. કોમેન્ટ કરીને લોકો પૂછી રહ્યા છે કે બધુ બરાબર તો ચાલે છે ને. તો વળી કોઈ દુખની લાગણી પણ વ્યક્ત કરી રહ્યા છે. પણ હાલમાં આ તસવીરો ખુબ વાયરલ થઈ રહી છે.

# મધુ મેંટાની ફિલ્મમાં ઋતિક રોશન રાવણની ભૂમિકા નિભાવશે



(જી.એન.એસ)મુંબઈ,તા.૧૧

રામાયણ પર અત્યાર સુધી ઘણી ફિલ્મો બી છે. નવા નવા અંદાજમાં ભગવાન રામની સ્ટોરી દેખાળવામાં આવે છે. હવે નિર્માતા મધુ મેંટાના રામાયણ પર મોટી ફિલ્મ બનાવી રહ્યા છે. મીડિયા રિપોર્ટનું માનીએ તો મધુ મેંટાનાએ ફિલ્મનું બજેટ ૩૦૦ કરોડ રૂપિયા રાખ્યું છે. ફિલ્મમાં ઋતિક રોશન રાવણની ભૂમિકા નિભાવી રહ્યા છે. ત્યારે દીપિકા પાદુકોણને મેકર્સે સીતાના રોલ માટે સાઈન કરાવી છે.

એક સમાચાર અનુસરા રામાયણમાં ભગવાન રામના રોલની વાત કરીએ તો તેના માટે મેકર્સ સાઉથ સુપરસ્ટાર મહેશ બાબુ સાથે વાત કરી છે. બોલીવૂડ હંગામાની એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, મહેશ બાબુએ મધુ મેંટાનાને લીલી ઝંડી દેખાળી છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે, જ્યારે ઓમ રાઉતે આદિપુરૂષની જાહેરાત કરી ત્યારે મધુ મેંટાનાને શોક લાગ્યો હતો કેમ કે, ઘણા સમયથી તેઓ રામાયણ પર આધારિત ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યાં હતા. તેમણે તાત્કાલીક તેમના ફાઈનાન્સયર્સ સાથે વાત કરી. આ ફિલ્મ માટે ઋતિક રોશન અને દીપિકા પાદુકોણ તૈયાર છે અને હવે મધુએ સાઉથના મોટા સુપરસ્ટાર મહેશ બાબુ સાથે પણ વાત કરી છે.

મધુએ મહેશ બાબુને રામાયણની સ્ટોરી જણાવી છે અને તેમને સ્ક્રિપ્ટ ઘણી પસંદ આવી છે. મધુને લાગે છે કે મહેશ બાબુના ફેસમાં તે માસૂમિયત છે, જે ભગવાન રામના રોલ માટે જોઈએ. મહેશ બાબુએ ફિલ્મને લીલી ઝંડી આપી છે. ઋતિક, મહેશ અને દીપિકાને સાથે લાવવામાં એક ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીએ ઘણી મદદ કરી છે. જેમણે આ ત્રણેય કલાકારોને રામાયણ માટે તૈયાર કર્યા છે. મધુ મેંટાના રામાયણની સત્તાવાર જાહેરાત ક્યારે કરે છે, તે જોવાનું રહ્યું.

# અભિનેત્રી રિહાનાને ભારતની ટીકા કરવી મોંઘી પડી : ફેશન બ્રાન્ડને સસ્પેન્ડ કરાઈ



(જી.એન.એસ)મુંબઈ,તા.૧૧

અમેરિકાની જાણીતી પોપ સિંગર રિહાના આજકાલ ચારેકોર ચર્ચાનો વિષય બની છે. તેમાં પણ ખાસ કરીને ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન પર ટ્વિત કર્યા બાદ રિહાનાની બરાબરની ઝાટકણી કાઢવામાં આવી હતી. કરોડો રૂપિયા લઈને ભારત વિરૂદ્ધ ટ્વિટ કરવાના આરોપ વચ્ચે હવે રિહાનાને જોરદાર આર્થિક ફટકો પડ્યો છે.

રિહાનાની ફેશન બ્રાંડને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. એ વાતની જાહેરાત તાજેતરમાં જ એલવીએમએચએ કરી હતી. રિહાનાની આ ફેશન બ્રાંડ બે વર્ષ પહેલા જ લોંચ થઈ હતી.

રિહાનાની એક ફેશન બ્રાંડ કે જેનું નામ 'ફેંટી ફેશન હાઉસ' છે. જેને સસ્પેન્ડ કરી દેવામાં આવતા અમેરિકાની જાણીતિ પોપ સિંગરને જોરદાર ઝાટલો લાગ્યો છે. ન્ફસ્ઉંએ આ મામલે કહ્યું હતું કે, બ્રાંડને સારી સ્થિતિમાં લાવવા માટે તેના પર થોડા સમય માટે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ નિર્ણય અમારો અને રિહાનાનો સહિયારો છે. LVMH ફેંટી બ્રાંડને લઈને પોતાનું સમર્થન યથાવત રાખશે. પરંતુ હાલ તો ફેંટી બ્રાંડના દીર્ઘકાલિન વિકાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રિપોર્ટ પ્રમાણે LVMHએ રિહાનાની ફેશન બ્રાંડ પર પ્રતિબંધ લગાવવાનું કોઈ દેખીતુ કારણ નથી જણાવ્યું. કોરોના વાયરસ પહેલા પણ ફેંટી બ્રાંડ કોઈ મોટા માર્કેટિંગ ઈવેન્ટનો ભાગ બની શકી નહોતી. ફેંટી ફેશન હાઉસને લોંચ કર્યા બાદ રિહાના ન્ફસ્ઉં સથે કામ કરનારી પહેલી શ્વેત મહિલા રહી હતી. જોકે આ પહેલા રિહાના વર્ષ ૨૦૧૪માં પૂમા બ્રાંડની પણ ક્રિએટિવ ડાયરેક્ટર રહી ચુકી છે.

# રાજકોટ : બુટલેગર બનેવીના હત્યારા ૨ સાળા સહિત ૭ આરોપી ઝડપાયા

## મૃતકે ૯ વર્ષ પહેલા પ્રેમલગ્ન કરેલ, ભત્રીજીની સગાઈમાં પત્નિએ હાજરી આપતા થયેલ ઝઘડો મોતનું કારણ બન્યું

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

આજે અહીંના ખોખડદળ નદી કાંઠા નજીક સલીમ દાઉદ અજમેરી (૩૨)ની તેના સાળા સહિત સાત શખ્સોએ હત્યા નિપજાવ્યાની જાણ થતાં શહેર પોલીસનાં ડી.સી.બી., એસ.ઓ.જી. તથા થોરાળા પોલીસ મથકનાં સ્ટાફે ત્વરિત કાર્યવાહી હાથ ધરી બુટલેગર સલીમની હત્યા નિપજાવનાર સાતે શખ્સોને ઝડપી લઈ ઉંડાણપૂર્વકની પુછપરછ પોલીસ અમલદારોએ હાથ ધરી તમામ ઝડપાયેલા આરોપીઓને આવતીકાલે અદાલતમાં રિમાન્ડ અર્થે રજૂ કરવામાં આવનાર છે.

ખોખડદળ નદી કાંઠા પાસે રહેતા બુટલેગર સલીમનાં આશરે ૯ વર્ષ પહેલા મીરા નામની યુવતિ સાથે પ્રેમલગ્ન કર્યા બાદ મીરાનાં પરિવાર સાથે કોઈ સંબંધ-વ્યવહાર રાખાયો ન હતો. પરંતુ મીરાની ભત્રીજીની સગાઈ હતી તેમાં મીરાએ હાજરી આપતા સલીમ ગુસ્સે ભરાયેલ અને મીરાને માર મારેલ ત્યાર બાદ સલીમે તેના સાળાને ફોન કરેલ તે સમયે ફોનમાં ઉગ્ર બોલાચાલી થયેલ. ત્યાર બાદ સલીમના બે સાળા સહિત સાત શખ્સો સલીમના ઘેર આવેલ જે સમયે ફરી ઉગ્ર બોલાચાલી થતાં સંજય સોલંકી, વિજય સોલંકી સહિતના સાતે શખ્સો છરી, ધારીયા, પાઈપ, ધોકા વડે તૂટી પડ્યા હતા. જેમાં સલીમને બચવવા વચ્ચે પડેલ તેના બે ભાણેજને ઈજા થયેલ તેમજ સલીમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું, બઘડાટીમાં ઘવાયેલા સલીમના ભાણેજ બિલાલ તથા અક્રમ ઘવાયા અને સલીમની હત્યા થયાની જાણ શહેર પોલીસને થતાં ક્રાઈમબ્રાંચ, એસ.ઓ.જી. સ્ટાફ તથા થોરાળા પોલીસે હત્યારાઓને ગણત્રીની કલાકમાં જ ઝડપી પાડ્યા હતા.

સલીમ અજમેરીની હત્યા નિપજાવવા બદલ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર વી.કે. ગઢવી, એસ.ઓ.જી.ના ઈન્સ. આર.વાય. રાવલ તથા થોરાળાનાં જી.એમ. હડીયાએ પોતાના મદદનીશોને કામે લગાવી સાજન, વિજય, સંજય, કેવલ, અશ્વિન, એક અજાણ્યો લાંબા વાળ વાળો શખ્સ તથા સંજયનો ભાઈ સહિતના તમામ આરોપીઓને હત્યામાં વપાયેલ છરી, ધારીયા, તલવાર, કુહાડી, લોખંડના પાઈપ સહિતના હથીયારો સાથે ઝડપી લઈ તમામ આરોપીની વિસ્તૃત પુછપરછ હાથ ધરી આરોપીઓને આવતીકાલે અદાલતમાં રિમાન્ડની માંગ સાથે રજૂ કરવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## સાતે આરોપીને આજે રિમાન્ડની માંગ સાથે અદાલતમાં રજૂ કરાશે

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપના ૨૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર : અલ્પેશ ઠાકોર ઈન, વાઘાણી આઉટ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજ્યની છ મહાનગરપાલિકાઓ માટે પ્રચારનો દોર શરૂ થઈ ગયો છે. તેવામાં ગુજરાત ભાજપ સંગઠન દ્વારા ચૂંટણી માટે પોતાના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરવામાં આવી છે. આ સ્ટાર પ્રચારકોમાં મોટાં માથાઓ ગાયબ છે અને સ્થાનિક નેતાઓ વધારે જોવા મળી રહ્યા છે.

કેન્દ્રમાંથી સ્મૃતિ ઈરાની ભાજપના સ્ટાર પ્રચારકમાં સામેલ છે. ભાજપના ૨૦ સ્ટાર પ્રચારકોમાં અસંતુષ્ટ અલ્પેશ ઠાકોરને સ્થાન મળ્યું છે, જ્યારે ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ જિતુ વાઘાણીની ફરીવાર બાદબાકી કરવામાં આવી છે.

છ મહાનગરપાલિકાઓ માટે ભાજપના



૨૦ સ્ટાર પ્રચારકોનું લિસ્ટઃ

૧. સીઆર પાટીલ (પ્રદેશ પ્રમુખ), ૨. વિજય રૂપાણી (મુખ્યમંત્રી), ૩. નીતિન પટેલ (ડે. ઝસ), ૪. સ્મૃતિ ઈરાની (કેન્દ્રીય મંત્રી), ૫. ભારતીબેન શિયાળ (નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ), ૬. પરસોત્તમ રૂપાલા (કેન્દ્રીય મંત્રી), ૭. મનસુખ માંડવીયા (કેન્દ્રીય મંત્રી), ૮. ભીખુભાઈ દલસાણિયા (પ્રદેશ જનરલ સેક્રેટરી), ૯. ગોરધન ઝડફિયા (સ્ટેટ વાઈસ પ્રેસિડેન્ટ), ૧૦. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (રાજ્ય મંત્રી), ૧૧. ગણપત વસાવા (રાજ્ય મંત્રી), ૧૨. કુંવરજી બાવળિયા (રાજ્ય મંત્રી), ૧૩. આઈકે જાડેજા (પ્રદેશ પ્રવક્તા), ૧૪. પ્રદિપસિંહ જાડેજા (રાજ્ય મંત્રી), ૧૫. જસવંતસિંહ ભાભોર (સાંસદ), ૧૬. નરહરિ અમીન (સાંસદ), ૧૭. શંભુનાથ ટુંડિયા (સ્ટેટ પ્રેસિડેન્ટ, SC મોર્ચા), ૧૮. ડો. જ્યોતિ પંડ્યા ( સ્ટેટ પ્રેસિડેન્ટ, મહિલા મોર્ચા), ૧૯. રણછોડ રબારી (પૂર્વ મંત્રી), ૨૦. અલ્પેશ ઠાકોર (પૂર્વ ધારાસભ્ય)

# પ્રચારમાં જામતાં ટોળાંથી કોરોનાના કેસમાં તીવ્ર ઉછાળાનું જોખમ

## ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ ડો. મોના દેસાઈની ચેતવણી



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૨

પંડિત દીનદયાળની પુણ્યતિથિ નિમિત્તે ભાજપના ૪૮ વોર્ડના ૧૯૨ ઉમેદવારે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં સમર્પણ સંકલ્પ લીધો હતો. સમગ્ર ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે ચૂંટણી પ્રચારમાં નીકળતા આગેવાનો અને સમર્થકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા નથી. આ બાબતે અમદાવાદ મેડિકલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ ડૉ.મોના દેસાઈએ કહ્યું કે, ચૂંટણી પ્રચારમાં ટોળેટોળા જામે છે, જેના કારણે ફરી કોરોનાનો ફેલાવો વધી શકે છે. ફેબ્રુઆરી-માર્ચમાં ફલૂ જેવા વાઈરલ ઈન્ફેકશનને વેગ મળતો હોય છે. યુ.કે., અમેરિકા અને ચીનમાં કોરોનાના કેસ ફરી વધી રહ્યાં છે. બોડકદેવમાં કોંગ્રેસના ઉમેદવારો ગુરુવારે ટ્રેક્ટર પર પ્રચાર માટે નીકળ્યા હતા. બંને રાજકીય પક્ષો સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું સાવ ભૂલી ગયા હતા. તેમણે કહ્યું કે, દિવાળીમાં જે રીતે કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યો હતો, તેવું ના બને તેની ચિંતા દરેકે કરવી પડશે. રાજકીય પાર્ટીઓ અને સામાન્ય નાગરિકે સચેત રહેવાની જરૂર છે.

# રાજકોટ જિલ્લા પંચાયતની બેઠકો માટે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારી પત્રો ભરાયા

## ભાજપના ભૂપત બોદર, નિલેષ વિરાણી તેમજ કોંગ્રેસનાં અર્જુન ખાટરીયા વગેરેએ ફોર્મ ભર્યા

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

આજે રાજકોટ જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની બેઠકના રાજકીય પક્ષો-અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્રકો જે તે ચૂંટણી અધિકારી સમક્ષ ભર્યા હતાં. ભાજપનાં જિલ્લા પંચાયતનાં ૩૬ ઉમેદવારોએ તો કોંગ્રેસના અર્જુન ખાટરીયા સહિતના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવેલ છે. જિલ્લા પંચાયત ઉપરાંત તાલુકા પંચાયતોના ઉમેદવારોએ પણ ઉમેદવારીના દાવા ચૂંટણી અધિકારી સમક્ષ સાહિત્ય સાથે રજૂ કરેલ છે.

ભાજપ દ્વારા જિલ્લા પંચાયતનાં તમામ ૩૬ ઉમેદવારો જ્યારે કોંગ્રેસ તરફથી ૩૫ લોધિકા સિવાયના તમામ ઉમેદવારોની જાહેરાત કરેલ છે. કોંગ્રેસ દ્વારા વર્તમાન ચૂંટણીમાં અગાઉની પક્ષવિરોધી પ્રવૃત્તિઓ આચરનાર સભ્યોના વર્તનને ધ્યાને લઈ મોટાભા ગના નવા ચહેરાઓને મેદાનમાં ઉતારાયા છે.

ભાજપ દ્વારા જિલ્લા પંચાયતનાં બળવાખોર પ્રમુખ નિલેષ રૈયાણી ભાજપમાં પ્રવેશતાં તેમને સરધાર બેઠક પરથી મેદાનમાં ઉતારેલ છે. રાજકોટના ભૂપત બોદરને પણ જિલ્લા પંચાયતની કસ્તુરબા ધામ બેઠક પરથી ઉતારેલ છે.

જિલ્લા-તાલુકા પંચાયત કે નગરપાલિકા બેઠકનાં ઉમેદવારી પત્રકો રજૂ કરવા સમયે પંચ અને આરોગ્ય વિભાગની માર્ગદર્શિકાનું મોટાભાગે રાજકીય આગેવાનો-કાર્યકરોમાં વ્યાપેલા ઉત્સાહના કારણે પાલન થતું જોવા મળેલ ન હતું. ચૂંટણીએ રાજકીય ઉત્સવ હોવાથી આગેવાનો-કાર્યકરો દ્વારા ઉમેદવારી નોંધાવતા પૂર્વે કે નોંધાવવાના સમયે ગાઈડલાઈનનું ચુસ્ત પાલન નથી કરાયું. સામાન્ય માનવીને મોંઘવારીનાં અસંખ્ય ડામ વચ્ચે જો કોરોના ગાઈડલાઈનનું પાલન ન કરે તો તંત્રના અધિકારી-સ્ટાફ દંડે છે. પણ અહીં તંત્ર લાજ કાઢતું નજરે ચડ્યું હતું.

રાજકોટ જિલ્લા પંચાયત ઉપરાંત તાલુકાની પંચાયતોના જાહેર થયેલા ભાજપ-કોંગ્રેસ તેમજ અન્ય પક્ષો સાથે અપક્ષ અને કેટલાક સ્થળોએ બળવાખોરોએ પણ પક્ષની ટીકીટ ફાળવણીની નીતિના વિરોધમાં બળવો કરી ઉમેદવારીપત્રો ભરતા આવા ઉમેદવારોનો સમજાવટ કરવા કેટલાક આગેવાનો દોડધામ કરતા તેમજ ફોન રણકાવતા નજરે ચડ્યા હતાં.

એકંદરે જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકા બેઠકોની યાદીઓ જાહેર થઈ રહી છે ત્યાર બાદ ગ્રામ્ય કક્ષાએ ભાજપની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા સામે ઠેરઠેર એકથી વધુ દાવેદારોએ બળવા કર્યાની વિગતો પ્રાપ્ત થયેલ છે.

## મહાનગરોના પ્રમાણમાં જિલ્લા-તાલુકા પંચાયતોની યાદીમાં ભાજપમાંથી બળવાની વધુ ઘટનાઓ બની

# સુરતમાં ઝડપાયું ગેરકાયદે ચાલતું કોલ સેન્ટર : ૫ યુવતી સહિત ૧૩ની ધરપકડ

(જી.એન.એસ.)સૂરત,તા.૧૨

અલથાણ સોહમ્ સર્કલ પાસે અલથાણ આર્કેડમાં ગેરકાયદે ચાલતા કોલ સેન્ટરમાં ખટોદરા પોલીસે રેડ કરી હતી. જેમાં ૫ યુવતીઓ સહિત ૧૩ને પકડી પાડ્યા હતા. ગેરકાયદે ચાલતા કોલ સેન્ટરમાંથી પોલીસે ૪૩ મોબાઈલ, ૬ કોમ્પ્યુટર, ૧ લેપટોપ, રોકડ ૨૨,૨૭૦ મળી ૨.૯૪ લાખનો મુદામાલ કબજે કર્યો છે. કોલ સેન્ટર ચલાવનાર સૂત્રધાર વિવેક રાજપૂત(રહે,પાંડેસરા) અને એપ બનાવી આપનાર સુરજ મિશ્રાને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. કોલ સેન્ટર છેલ્લા ૩ મહિનાથી ભાડેની દુકાનમાં ચાલતું હતું.

લોકોને ઓનલાઈન જોબ વર્ક આપવાની લાલચ આપી હતી. માંડ માંડ રોજગારી મળતી હોય એવું સમજી બહારના રાજ્યના લોકો ઠગ ટોળકીની વાતમાં આવી ગયા હતા. જોબવર્કમાં ૮૦૦ ફોર્મ અઠવાડિયામાં ભરીને આપવાના હોય છે. આ ફોર્મમાં એટલી બધી ડિટેઈલ્સો ભરવાની હોય છે કે, તેઓ અઠવાડિયામાં ભરી શકતા નથી. જેના કારણે સામેથી પેનલ્ટી વસુલ કરતા હતા. કોઈ ન આપે તો તેને કાયદાકીય કાર્યવાહીની ચીમકી આપી લોકો પાસેથી પૈસા પડાવતા હતા. ગેરકાયદે કોલ સેન્ટરમાં ૫ યુવતીઓ સહિત ૧૫ કર્મચારીને માસિક ૯ હજારનો પગાર આપતા હતા.

ગ્રાહકોને કોલ કરી જોબવર્ક માટે લોભામણી સ્કીમો આપી ઓનલાઈન પેટીએમ કે ફોન પે દ્વારા પૈસા પડાવતા હતા. ટોળકીનો ભોગ મોટેભાગના લોકો ગુજરાત બહારના છે. આગામી દિવસોમાં ગેરકાયદે કોલ સેન્ટરના સૂત્રધારો સામે ઠગાઈનો પણ ગુનો નોંધાય તેવી શક્યતા છે. આ મામલે વધુ નામો ખુલે તે શક્યતાને નકારી શકાય નહીં.

# દિલ્હી,પંજાબ અને રાજસ્થાનમાં ભૂકંપના હળવા-મધ્યમ આંચકાઓ : ૬.૧ની તીવ્રતા

નવી દિલ્હી,તા.૧૨

દિલ્હી-NCRમાં આજે મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા છે. પંજાબ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરમાં પણ તેની અસર જોવા મળી. નેશનલ સેન્ટર ફોર સીસમોલોજી મુજબ અમૃતસરમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૧ નોંધાઈ છે. આંચકા અમુક સેકન્ડ્સ સુધી અનુભવાયા. જેનાથી લોકોમાં ભય ફેલાઈ ગયો જેને પગલે ઘણાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

ગત વર્ષે ડિસેમ્બરમાં પણ દિલ્હી-દ્રઝઈમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૨ હતી, જેનું એપિ સેન્ટર રાજસ્થાનનું અલવરમાં હતું.



ભૂગર્ભ વૈજ્ઞાનિકો મુજબ, ભૂકંપનું સાચું કારણ ટેક્ટોનિક પ્લેટમાં જોરદાર હલચલ હોય છે. આ ઉપરાંત ઉલ્કા પ્રભાવ અને જ્વાળામુખી વિસ્ફોટ, માઈટ ટેસ્ટિંગ અને ન્યૂક્લિયર ટેસ્ટિંગના કારણે પણ ભૂકંપ આવતા હોય છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા માપવામાં આવે છે. આ સ્કેલ પર ૨ કે ૩ની તીવ્રતાવાળો ભૂકંપ સામાન્ય ગણાય છે, જ્યારે ૬ની તીવ્રતાવાળો ભૂકંપ શક્તિશાળી ગણાય છે.

# દેશમાં પગાર સરેરાશ ૬.૪ ટકા વધવાની સંભાવના

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

તાજેતરમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં ભારતમાં આ વર્ષે પગાર સરેરાશ ૬.૪ ટકા વધવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. સર્વેક્ષણમાં ગત વર્ષ દરમિયાન ખરી રીતે વધેલા સરેરાશ ૫.૯ ટકા પગાર કરતા આ વર્ષે પગાર સરેરાશ ૬.૪ ટકા અને એકંદરે ૭ ટકા સુધી વધવાનો આશાવાદ દર્શાવામાં આવ્યો હતો. પગાર વિશેનું આ સર્વેક્ષણ ઑક્ટોબર/નવેમ્બર ૨૦૨૦માં કરવામાં આવ્યું હતું અને ૧૩૦ દેશની ૧૮૦૦૦ વ્યક્તિએ સર્વેક્ષણમાં ભાગ લીધો હતો.

સર્વેક્ષણમાં જણાવ્યા અનુસાર એશિયાના દેશ ઈન્ડોનેશિયામાં ૬.૫ ટકા, ભારતમાં ૬.૪ ટકા, ચીનમાં ૬ ટકા ફિલિપાઈન્સમાં પાંચ ટકા, સિંગાપોરમાં ૩.૫ ટકા અને હોંગકોંગમાં ૩ ટકા પગારની સરેરાશ વધવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. ભારતમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં ૩૭ ટકા કંપનીએ આવતા ૧૨ મહિના દરમિયાન વ્યવસાયની આવક વધવાનો આશાવાદ દર્શાવ્યો હતો. જોકે, નવા રોજગાર વિશે માહોલ હજુ ઠંડો જ છે.

સર્વેક્ષણ પ્રમાણે ભારતની માત્ર ૧૦ ટકા કંપનીઓ જ નવા કર્મચારી લેવા વિશે વિચારી રહી છે, ગત ત્રિમાસિક ગાળામાં આ ટકાવારી ૧૪ ટકાની હતી.

સર્વેક્ષણ પ્રમાણે ઍક્ઝિક્યૂટિવ લેવલ માટે ૭ ટકા, મિડલ મૅનેજમેન્ટ, સપોર્ટ સ્ટાફ માટે ૭.૩ ટકાની પગાર વધારાની આગાહી કરવામાં આવી છે.

# સ્થાનિક સ્વરાજના ચૂંટણી પ્રચારને લઈ રાજકોટ કલેકટરે જાહેરનામું પાડ્યું બહાર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે તા.૨૧/૨/૨૦૨૧ના રોજ થનાર મતદાન તેમજ તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત તેમજ નગરપાલીકાની સામાન્ય ચૂંટણી માટે તા.૨૮/૨/૨૦૨૧ ના રોજ થનાર મતદાન અન્વયે સમગ્ર ચૂંટણી પ્રકિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તા, તથા સમર્થકો દ્વારા ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે વપરાતા લાઉડ સ્પીકરનો ઉપયોગથી થતું ધ્વનિ નિવારવા અને જનતાની શાંતીમાં ખલેલ પડતી અટકાવવા એક જાહેરનામું રાજકોટ જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટ રેમ્યા મોહન એ પ્રતિબંધાત્મક હુકમો જારી કર્યા છે, જે મુજબ કોઈ પણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦કલાક સુધી જ થઈ શકશે.

ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ થઈ શકશે. કોઈ પણ પ્રકારના વાહન પર કે સ્થળે સક્ષમ અધિકારીની નિયમાનુસારની પરવાનગી મેળવ્યા સિવાય ચૂંટણી પ્રચાર અર્થે કોઈ પણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહી. સક્ષમ અધિકારીએ આપેલ પરવાનગી સીવાયના કોઈપણ વિસ્તાર કે સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

પરવાનગીમાં સપષ્ટ નિર્દેશ કરેલ હોય કે ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ થઈ શકશે. કોઈ પણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલા કોઈ પણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં. રાજકોટ શહેર અને ગ્રામ્ય સહીત સમગ્ર રાજકોટ જિલ્લાને આ હુકમો તા. ૫/૩/૨૦૨૧ સુધી લાગુ પડશે, જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.









# પ્રસિધ્ધ ભજનગાયક જગમાલ બારોટનું નિધન

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

ગુજરાતી સાહિત્ય-લોકડાયરા તેમજ ભજન ગાયન ક્ષેત્રે ભારે નામના ધરાવતા જગમાલ બારોટનું આજે અહી ખાતે નિધન થતાં તેમની અંતિમયાત્રામાં જાણીતા કલાકારો કરશન સાગઠીયા, હેમંત ચૌહાણ, બિહારી ગઢવી વિગેરેએ ઉપસ્થિત રહી તેમને ભાવપૂર્ણ અંજલિ અર્પી હતી.

બાળપણથી જ ગાયનનો શોખ ધરાવતા જગમાલ બારોટે અસંખ્ય રચનાને પોતાના કંઠન માધ્યમથી પ્રચલિત-લોકપ્રિય બનાવેલ જેમાં કટારી કંઠના હાટડીએ કેમ રહેવાશે ભાઈ જેવા અસંખ્ય ભજનો લોકપ્રિય બનાવેલ હતાં. જગમાલ બારોટે કરશનદાસ બાપુ તથા બજરંગદાસ બાપાને ગુરૂ ધારણ કર્યા હતા.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)